૩૨૫

# ગુજરાત રાજ્યમાં
# જાહેર વિતરણ વ્યવસ્થા

## (મૂલ્યાંકન અભ્યાસ)

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર 328
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
૧૯૯૫

# ગુજરાત રાજ્યમાં

# જાહેર વિતરણ વ્યવસ્થા

## (મૂલ્યાંકન અભ્યાસ)

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર 328

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૯૫

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
| --- | --- | --- |
| | આભાર દર્શન | |
| ૧. | પ્રસ્તાવના અને મૂલ્યાંકનની ભૂમિકા | ૧ થી ૭ |
| ૨ | જાહેર વિતરણ વ્યવસ્થા અને આદિવાસીઓ | ૮ થી ૨૧ |
| ૩ | જાહેર વિતરણ વ્યવસ્થા અને રણ વિસ્તારના લાભાર્થીઓ | ૨૨ થી ૩૦ |
| ૪ | જાહેર વિતરણ વ્યવસ્થા અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લાભાર્થીઓ | ૩૧ થી ૪૧ |
| ૫ | જાહેર વિતરણ વ્યવસ્થા અને શહેરી વિસ્તારના લાભાર્થીઓ | ૪૨ થી ૪૭ |
| ૬ | સર્વ માટે અન્ન યોજના (એફ.એફ.એ.) | ૪૮ થી ૫૬ |
| ૭ | ફરતી દુકાન ધ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા | ૫૭ થી ૫૯ |
| ૮ | વ્યાજબીભાવની દુકાનો અને વિતરણ વ્યવસ્થા | ૬૦ થી ૮૩ |
| ૯ | જાહેર વિતરણ વ્યવસ્થા અને નિગમ | ૮૪ થી ૯૨ |
| ૧૦ | જાહેર વિતરણ વ્યવસ્થા: પ્રશ્નો, તારણો અને સૂચનો | ૯૩ થી ૧૦૩ |

## આભાર દર્શન

સ્વતંત્રતા બાદ ભારતે કલ્યાણ રાજ્યનો સંકલ્પ કર્યો અને તેને મૂર્તિમંત કરવા વિવિધ પ્રકારના પગલાં ભરવાનું શરૂ કર્યુ. લોક કલ્યાણ અર્થે તેમજ સમાજના નિમ્નસ્તરના વિકાસ અને ઉત્થાન માટે શ્રેણીબધ્ધ પગલાં ભરવામાં આવ્યા. આ સાથે આર્થિક રીતે નબળા લોકો તથા દુર્ગમ અને આદિવાસી વિસ્તારમાં રહેતા લોકો તેમજ રણ વિસ્તાર અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકોને સસ્તા દરે, સુલભતાથી અને જરૂરિયાત મુજબ અન્ન, વસ્ત્ર મળી રહે તે માટે જરૂરી પ્રબંધ ઉપરના સ્તરેથી લઇ છેવાડાના ગામ સુધી કર્યો છે. આ કામગીરી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહી છે. લોકાભિમુખ કાર્યક્રમ બને તે માટે વખતોવખત સુધારા-વધારા કરીને સામાન્ય લોકોને ખાવાનું મળી રહે તે રીતના પ્રયત્નો થઇ રહ્યા છે.

આમ છતાં કોઇપણ યોજના લાંબા સમયથી ચાલતી હોય ત્યારે તેમાં કોઇ ક્ષતી હોય અથવા તો તેમાં નવી કઇ બાબતોને આવરી અને ઉમેરવી તે સરકારી તંત્ર માટે જાણવું જરૂરી અને અનિવાર્ય છે. આ વિચારને અમલમાં મૂકવા સારું ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક બકસ-૧૦૯૨-૧૪૦૩-૧૪૦૪-એમઆઇએસસેલ તા.૬-૩-'૯૩થી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠને જાહેર વિતરણ વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટેના અભ્યાસનું કામ સોંપ્યુ અને તે માટે જરૂરી નાણાકીય અનુદાન આપ્યુ. આ માટે વિભાગનો આભાર માનુ છે. આપણે જાણીએ છીએ કે ગુજરાત સરકાર પ્રજાના પ્રાણ પ્રશ્નો પ્રત્યે ખૂબજ જાગૃત છે અને તેને માટે ખૂબજ ધગશથી કામ કરે છે એનું આ નક્કર ઉદાહરણ છે.

આ અહેવાલ ઘણી વ્યક્તિઓની સુસંકલિત મહેનત અને સહકારની ફલશ્રુતિ છે. અહીં બધાની કૃતજ્ઞતા સ્વીકારવાની તક લઉ છું. સૌ પ્રથમ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તે વખતના નાયબ સચિવ અને નિયામક શ્રી પી. કે. વાલેરાએ એમની સાથેની ચર્ચા દરમિયાન અમને રાહબરી દેખાડી અને ખૂબજ પ્રોત્સાહન આપ્યુ. ત બદલ તેમનો અને હાલના નિયામકશ્રીનો સહૃદયપૂર્વક આભાર માનું છું. તદ્ઉપરાંત વિભાગના તે વખતના ઉપસચિવ શ્રી મહેન્દ્રભાઇ દવેએ શરૂઆતથીજ આ સર્વેક્ષણમાં અંગત અને ઊંડો રસ લઇ મદદ કરી હતી. પ્રશ્નાવલી બનાવવા વખતથી શરૂ કરી છેવટે અહેવાલના લેખન સુધીમાં જ્યારે જરૂર પડી ત્યારે તેમના તરફથી

પુરતો સહકાર મળ્યો છે. તેમની બદલી અન્ય વિભાગમાં થવા છતાં અહેવાલને તપાસી જરૂરી મુદ્દા બતાવ્યા હતા. ઉપસચિવશ્રી પટણી પણ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે મદદરૂપ અને માર્ગદર્શક બન્યા હતા. આ સર્વ અધિકારીઓનો બહોળો વહીવટી અનુભવ અમને માર્ગદર્શક બન્યો હતો. આ અધિકારીશ્રીઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

અભ્યાસની શરૂઆતથી ક્ષેત્રકાર્યથી માંડીને અહેવાલ લેખન સુધીના નાના મોટા વ્યવસ્થાના કાર્યમાં ગુજરાત વિદ્યાપીઠના કુલ સચિવશ્રી વિનોદભાઈ ત્રિપાઠી અને મદદનીશ કુલ સચિવ શ્રી પિયુષભાઈ શાહે જે મદદ કરી છે. આદિવાસી સંશોધન કેન્દ્રના વહીવટી મદદનીશ શ્રી છોટુભાઈ પટેલે પણ વહીવટી કામમાં મદદ કરી છે તે બદલ તેમનો જેટલો આભાર માનુ તેટલો ઓછો છે.

અભ્યાસનું ક્ષેત્રકાર્ય ગોઠવવામાં પસંદ થયેલ જિલ્લાના જિલ્લા પુરવઠા અધિકારી શ્રીઓએ ખૂબજ જહેમત ઉપાડી હતી અને તેથી ટૂંકાગાળામાં વિશાળક્ષેત્રને આવરી લેવાનું શક્ય બન્યુ હતું. તેમનો આભાર કેમ ભૂલી શકુ?

અભ્યાસનું ક્ષેત્રકાર્ય શ્રી વિજયભાઈ ભટ્ટ, મહેશભાઈ વણકર, કેશવસિંહ પરમાર અને લલીતભાઈ પરમારે કર્યું હતું તે સૌની મહેનત અત્યારે યાદ આવે છે. શ્રી વિજયભાઈ ભટ્ટે સમગ્ર અભ્યાસ દરમિયાન નિરીક્ષક તરીકેની કામગીરી ક્ષેત્રકાર્ય સાથે નિભાવી હતી અને પ્રિ-રીપોર્ટીંગમાં મદદરૂપ બન્યા હતા, આ સૌ મિત્રો તરફ આભારની લાગણી વ્યક્ત કરું છુ

આ સિવાય પસંદ થયેલ વિસ્તારના ભાઈઓ અને બહેનોએ અને દુકાન ધારકોએ નિષ્ઠા પૂર્વક માહિતી આપી સર્વેક્ષણકાર્યમાં જે સહકાર આપ્યો છે તે હંમેશ યાદ રહેશે, તેમના સહકાર વિના આ કામ પૂરું થયું ન હોત. આ સૌનો આભાર માનવા માટે શબ્દો વામણા પડે છે.

અને અંતે આ અભ્યાસની કામગીરી મને સોંપી અભ્યાસની શરૂઆત કરનાર અને પૂર્ણ કરવામાં જરૂરી મદદ અને સલાહ સૂચન કરનાર કેન્દ્રના કાર્યકારી નિયામકશ્રી આર. બી. લાલનો પણ આભારી છું.





અહેવાલને બને તેટલો અર્થપૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં કંઈ ભૂલ હોય તો ક્ષમાયાચના ચાહુ છું. આ અહેવાલ ગુજરાત રાજ્યના અન્ન અને પુરવઠા વિભાગના સત્તા અધિકારીઓ અને અન્ન વિતરણ વ્યવસ્થાના કામ સાથે સંકળાયેલા સૌને ઉપયોગી પુરવાર થશે તેવી શ્રધ્ધા છે. અભ્યાસમાં બતાવેલ સૂચનોને અમલમાં મૂકવાથી આ કામ વધુ દિપી ઉઠશે તેવું મારુ માનવું છે.

આદિવાસી સંશોધન કેન્દ્ર, — ચંદ્રકાન્ત ઉપાધ્યાય
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.

તારીખ: ૪-૭-૧૯૯૫.

## પ્રકરણ - ૧

## જાહેર વિતરણ વ્યવસ્થા

### પ્રસ્તાવના અને મૂલ્યાંકનની ભૂમિકા :

આપણા સંવિધાનમાં દર્શાવેલ જનકલ્યાણના ઉદ્દેશોને સુસંગત કરવા રાજ્ય સરકારે રાજ્યના સંતુલિત વિકાસ માટે ખાસ કરીને ગરીબોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા માટે સંખ્યાબંધ પગલાં લીધા છે. તેમાંનુ એક મહત્વનું, આગવું અને અનિવાર્ય એવું પગલું તે જાહેર વિતરણ વ્યવસ્થા છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આનાથી ગરીબી પર સીધો પ્રહાર થાય છે.

માનવીની પાયાની મુખ્યત્વે ત્રણ જરૂરિયાતો છે. અન્ન, વસ્ત્ર અને રહેઠાણ તેમાંથી રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ધ્વારા રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, પહાડી પ્રદેશ અને છેવાડાના વિસ્તારમાં વસતા આદિવાસી લોકો, રણ વિસ્તાર અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકો તેમજ શહેરી વિસ્તારમાં વસતા ગરીબો અને બંધ મીલોના કામદારોના લોકોને પ્રથમ બે વસ્તુઓ (અન્ન અને વસ્ત્ર) જેમાં અનાજ, ચોખા, ખાંડ, ખાદ્યતેલ, કેરોસીન અને અંકુશિત કાપડ તેમજ અન્ય જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ સપ્રમાણ, વ્યાજબીભાવે, નિયમિત રીતે અને સરળતાથી ઉપલબ્ધ બને તે માટેના પ્રયાસો થઈ રહયા છે. અને આ કામગીરી ઘણા લાંબા સમયથી ઉપલબ્ધ છે. આ યોજનામાં જરૂર પડે તે રીતે પ્રસંગોપાત સુધારા-વધારા પણ થતા રહે છે.

### મૂલ્યાંકન શા માટે? :

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ધ્વારા છેલ્લા ઘણા વર્ષોથી સમાજના ગરીબ અને નિમ્નસ્તરના લોકો માટે જાહેર વિતરણ વ્યવસ્થા અમલમાં મુકી છે. વ્યવસ્થા વધુ સારી બને; વધુ લોકોને ઉપયોગી બને તે માટે ૧૯૬૫થી એક અલગ વહીવટી વિભાગ તરીકે રચના કરવામાં આવી છે. આમ વહીવટી માળખુ રાજ્ય સ્તરેથી શરૂ કરી તાલુકા

...૨.

મથક સુધી અને ત્યાંથી ગામડા સુધી વિસ્તરેલુ છે. આમ છતાં વર્તમાન સમયમાં આ યોજના કેટલી ફળદાયી છે? આનો લાભ ખરેખર ગરીબો અને નબળા વર્ગોને મળે છે ખરો? અને મળે છે તો કેટલા અંશે? આમાં કઇ સુધારા-વધારાને અવકાશ છે. મતલબ કે યોજનાને વધુ લોકાભિમુખ અને સુદૃઢ કરવા શું કરી શકાય? તો વળી આ યોજના જેના માધ્યમથી ચાલી રહી છે તે દુકાનદારોના પ્રશ્નો કેવા છે? આ ઉપરાંત કોઇપણ યોજનાનુ અમુક સમયાંતરે મૂલ્યાંકન અને અભ્યાસ માત્ર જરૂરી જ નહિ બલ્કે અનિવાર્ય છે, કે જેનાથી બૃહદ સમાજમાં કેટલીક શંકાઓ હોય તેનું ખંડન પણ થઇ શકે છે. આ ઉપરાંત આ અભ્યાસના નીચે દર્શાવ્યા મુજબના કેટલાક ખાસ ઉદ્દેશો પણ રાખવામાં આવ્યા હતા.

(૧) રાજ્યના આદિજાતિ વિસ્તાર, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અને રણ વિસ્તારમાં વિતરણ વ્યવસ્થાનુ માળખું લાભાર્થીઓની મુશ્કેલી અને તેમાં કેવા સુધારા કરી શકાય તે જોવુ, સાથે શહેરી વિસ્તારમાં વિતરણ વ્યવસ્થાના પ્રશ્નો અને ઉપાયો શોધવા.

(૨) વિતરણ વ્યવસ્થાનો લાભ ખરેખર લાભાર્થી સુધી પહોંચે છે? અને ખરેખર કેટલા લાભ મેળવી શકે છે તે જાણવું તેમજ આ વિતરણ વ્યવસ્થાથી તેમનો ખાવાનો પ્રશ્ન હલ થાય છે કે કેમ તે જોવું.

(૩) રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાનુ પ્રદાન ઘણું છે. આ વ્યવસ્થાને વધુ સંગીન બનાવવા સ્વૈચ્છિક સંસ્થાઓ કેટલે અંશે સહાયક અને મદદરૂપ બને તે તપાસવું.

(૪) રાજ્યમાં છૂટાછવાઇ, ડુંગરાળ વિસ્તાર, પછાત વિસ્તાર અને અગરીયાઓ માટે મોબાઇલવાનો ધ્વારા વિતરણ થાય છે. આ સંબંધમાં વિગતો મેળવી તેમાં કેવા સુધારા-વધારા આવશ્યક છે. તેમજ તેની પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવું.

(૫) વ્યાજબી ભાવની દુકાનોને નડતી મુશ્કેલીઓ જાણવી અને વિતરણ વ્યવસ્થાને અસરકારક બનાવવા ક્યાં પગલાં ભરવા તેની વિગતો મેળવાશે. તેમજ દુકાનદારો





માટે તે પોષણક્ષમ છે કે કેમ તેની માહિતી લેવાશે. દુકાનદારો અને લાભાર્થીઓ વચ્ચેના સંબંધ જાણવામાં આવશે.

(૬) નિગમ ધ્વારા રાજ્યસ્તરેથી જિલ્લાકક્ષાએ અને ત્યાંથી તાલુકા કક્ષાએ અને પછી દુકાનદારોને પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા છે. રાજ્યમાં અંદાજે પાંચસો ગોડાઉનો છે. આ કામગીરીની માહિતી મેળવી તેનું મૂલ્યાંકન કરવામાં આવશે.

(૭) ટૂંકમાં વિતરણ વ્યવસ્થાને વધારે મજબુત અસરકારક અને સક્ષમ બનાવવા માટેના ઉપાયો જાણવામાં આવશે.

<u>નિદર્શ પસંદગી</u> :

રાજ્યમાં વિતરણ વ્યવસ્થા બધી જગ્યાએ પથરાયેલ છે. આ ઉપરાંત સમગ્ર રાજ્યના જુદા જુદા ભૌગોલિક રીતે અને પરિસ્થિતિજન્ય રીતે ભાગ પાડીએ તો આદિવાસી વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર, રણ વિસ્તાર, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર, શહેરી વિસ્તાર વગેરે પ્રકારના ભાગો છે. અભ્યાસમાં આ બધાજ વિસ્તારોનું પ્રતિનિધિત્વ આવે તો જ વાસ્તવદર્શી ચિત્ર મેળવી શકાય. આ બધી બાબતોને નજરમાં રાખી સઘન આદિવાસી વસતિ ધરાવતા પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લામાંથી અભ્યાસ માટે (૧) પંચમહાલ (૨) સાબરકાંઠા (૩) સુરત અને (૪) ડાંગ જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી.

રણ વિસ્તાર તરીકે જાહેર થયેલ વિસ્તારોમાંથી (૧) બનાસકાંઠા અને (૨) કચ્છ જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી.

દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાંથી (૧) અમદાવાદ (૨) સુરેન્દ્રનગર અને (૩) રાજકોટ જિલ્લાની પસંદગી કરવામાં આવી.

કરતી દુકાન અંગેનો અભ્યાસ સાબરકાંઠા જિલ્લામાંથી ખેડબ્રહ્મા તાલુકાને લઈને કરવામાં આવ્યો હતો.

જ્યારે શહેરી વિસ્તારના અભ્યાસ માટે અમદાવાદ શહેર પસંદ કરવામાં આવ્યું હતું.

જિલ્લાની પસંદગી કર્યા પછી તાલુકાની પસંદગી માટે ખાસ તો બે ધોરણો રાખ્યા હતા. (૧) જ્યાં (જે તાલુકામાં) કાર્ડ ધારણમાં સંખ્યા વિશેષ હોય અને (૨) તે તાલુકામાં વિતરણ વ્યવસ્થાના પ્રશ્નો હોય. આ બે બાબતોને લઈને જિલ્લા પુરવઠા અધિકારી સાથે ચર્ચા કર્યા બાદ જે જે તાલુકા પસંદ થયા તેની વિગત નીચે મુજબ છે.

કોઠો નં.૧:૧

વિસ્તાર મુજબ અભ્યાસમાં આવરી લીધેલ જિલ્લા અને તાલુકાની યાદી

(૧) આદિવાસી વિસ્તાર :

| ક્રમ | જિલ્લો | પસંદ થયેલ તાલુકો | પસંદ થયેલ ગામ |
|---|---|---|---|
| ૧. | પંચમહાલ | દાહોદ | (૧) ભાઠીવાડા<br>(૨) જેકોટ<br>(૩) અભલોડ |
| ૨. | સાબરકાંઠા | ભિલોડા | (૧) જેસીંગપુર<br>(૨) શામળપુર<br>(૩) ખાલસા/નાયડા |
| ૩. | સુરત | સોનગઢ | (૧) માંડલ<br>(૨) કેલાઈ<br>(૩) મેંઢા |
| ૪. | ડાંગ | આહવા | (૧) લહાનચર્યા<br>(૨) ગલકુંડ<br>(૩) સાકળપાતળ |

...૫..



(૨) રણ વિસ્તાર :

| ક્રમ | જિલ્લો | પસંદ થયેલ તાલુકો | પસંદ થયેલ ગામ |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | વડગામ | (૧) છનિયાણા<br>(૨) ડાલવાણ<br>(૩) પુર |
| ૨. | કચ્છ | ભચાઉ | (૧) થરણા<br>(૨) શિકારપુર<br>(૩) શિકરા |

(૩) દુષ્કાળગ્રસ્ત વિસ્તાર :

| ક્રમ | જિલ્લો | પસંદ થયેલ તાલુકો | પસંદ થયેલ ગામ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ધંધુકા | (૧) ચંદરવા<br>(૨) વાસણા<br>(૩) પડાણા |
| ૨. | સુરેન્દ્રનગર | ચોટીલા | (૧) મોટીમોલડી<br>(૨) તરણેતર<br>(૩) પિયાવા |
| ૩. | રાજકોટ | જસદણ | (૧) ભાડલા<br>(૨) લીલાપુર<br>(૩) વિરનગર |

આગળ જણાવ્યું તેમ કરતી દુકાન માટે સાબરકાંઠાનું ખેડબ્રહ્મા પસંદ કર્યું હતું અને તેના મટોડા, ખેરોજ અને લક્ષ્મીપુરા ગામ લીધા હતા. જ્યારે શહેરી વિસ્તાર માટે અમદાવાદ શહેરના ગોમતીપુર, સરસપુર, બાપુનગર અને વાડજ વિસ્તાર પસંદ કર્યા હતા.

ઉપરોક્ત પસંદ કરેલ દરેક તાલુકામાંથી ત્રણ ગામો પસંદ કરવા નક્કી કર્યું હતું. ગામોની પસંદગી તાલુકાના મામલતદારશ્રીને મળીને કરવાનું નક્કી કરેલ જેથી વ્યવસ્થાના

....૬.

પ્રશ્નો અંગે જાણી શકાય. આમ ગામોની પસંદગી થયા પછી દરેક ગામમાંથી ૧૪૦ કુટુંબોની રૂબરૂ મુલાકાત લઈ વિતરણવ્યવસ્થા અંગેની માહિતી મેળવી પત્રક ભરવાનું નકકી કર્યું હતું. અને અમદાવાદ શહેરી વિસ્તારમાંથી દરેક પસંદ કરેલ વિસ્તારમાંથી ૧૫૦ કુટુંબોની માહિતી મેળવવાની હતી. આ રીતે કરતા રાજ્યમાંથી કુલ ૪૮૦૭ કુટુંબોની મુલાકાત મેળવી. આ મૂલ્યાંકન અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

વ્યાજબીભાવની દુકાનોના અભ્યાસ માટે એવું નકકી કર્યું હતું કે જે ગામો અભ્યાસમાં આવરી લીધા છે તેવા દરેક ગામની સસ્તા અનાજની દુકાનની વિગતો એકઠી કરવાની, આ ઉપરાંત પસંદ કરેલ દરેક તાલુકામાંથી બીજી દશ દુકાનોની મુલાકાત લેવાની, આમ કરવાથી દરેક પસંદ કરેલ તાલુકાની ૧૩ દુકાનોની વિગતો અને અમદાવાદ શહેરી વિસ્તારની ૨૦ દુકાનોની મળી કુલ ૧૨૯ દુકાનોને અભ્યાસમાં આવરી લીધી હતી.

સંશોધન પધ્ધતિઓ :

ઉપરોક્ત દર્શાવ્યા મુજબ જિલ્લા, તાલુકા, ગામોની પસંદગી થયા પછી વિગતો મેળવવા માટે સંશોધનની જુદી જુદી પધ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો.

(૧) અનુસૂચિ :

અનુસૂચિ ધ્વારા કુટુંબની સામાન્ય વિગતો, કુટુંબના સભ્યોનું શિક્ષણ, વ્યવસાય, ખેતીની જમીન તેમની આવક તેમજ સસ્તા અનાજ સંબંધી અને વિતરણ વ્યવસ્થા સંબંધી વિસ્તૃત માહિતી મેળવી હતી. એજ રીતે વ્યાજબી ભાવની દુકાન સંબંધમાં અનુસૂચિ તૈયાર કરી હતી. અને તેમાં દુકાનનું સંચાલન, દુકાન નીચે આવરી લીધેલ ગામો અને કાર્ડ ધારકો, વિતરણ વ્યવસ્થાનો માલ, તેઓની માસવાર અનાજની જરૂરિયાત અને વિતરણ, ગુણવત્તા સુધારવા શું

...૭..



કરી શકાય? દુકાનદારોના પ્રશ્નો વગેરે બાબતોને આવરી લીધાં હતી.

આમ ઉપર મુજબ અલગ - અલગ બે અનુસૂચિ તૈયાર કરી હતી અને તે ધ્વારા કુટુંબની અને દુકાનની વિગતો મેળવી હતી.

(૨) મુલાકાત :

આ વ્યવસ્થા સાથે સંકળાયેલ સીધા કે આડકતરા એવા પુરવઠા ખાતાના અધિકારીઓ, દુકાનદારો અને લાભાર્થીઓની મુલાકાતો લઈ અભ્યાસ સંબંધમાં જરૂરી વિગતો મેળવી હતી.

...૮.

## પ્રકરણ – ૨

## જાહેર વિતરણ વ્યવસ્થા અને આદિવાસીઓ

### આદિવાસી વિસ્તાર

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ભિલોડા | (૧) જેસીંગપુર<br>(૨) શામળપુર<br>(૩) ખાલસા/નાયડા |
| ૨. | પંચમહાલ | દાહોદ | (૧) ભાઠીવાડા<br>(૨) જેકોટ<br>(૩) ચભલોડ |
| ૩. | ડાંગ | આહવા | (૧) લહાનચર્યા<br>(૨) ગલકુંડ<br>(૩) સાંકળપાતળ |
| ૪. | સુરત | સોનગઢ | (૧) માંડલ<br>(૨) કેલાઈ<br>(૩) મેંઢા |
| ૫. | લાભાર્થીના સૂચનો. | | |

આદિવાસી વિસ્તારો :

અનાજના વિતરણ અંગેની માહિતી/ભાવપ્રમાણ. (રાજ્ય સરકારની નીતિ)

આ યોજનાના મૂલ્યાંકન માટે નીચેના જિલ્લાઓમાં આ યોજનાની કામગીરીનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

(૧) સાબરકાંઠા
(૨) પંચમહાલ
(૩) ડાંગ
(૪) સુરત

(૬) સાબરકાંઠા :

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કર્યો હતો.

(અ) જેશીંગપુર

(બ) શામળપુર

(ક) ખાલસા/નાયડા

(અ) જેશીંગપુર :

આ ગામમાં કુલ ૨૭૮ કાર્ડ ધારકો છે તે પૈકી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૯૮ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે અને ૪૨ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ સંબંધમાં પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- રેશનીંગની દુકાને અનાજ/ખાંડ દર મહિને નિયમિત આપવામાં આવે છે. પરંતુ તેમની પાસે પૂરતા પૈસા ન હોવાથી તેઓ નિયમિત ખરીદી શકતા નથી.
- તેલ નિયમિત મળતું નથી તહેવારમાં જ આપવામાં આવે છે.
- પૂરવઠો લેવા માટે તેમને બાજુના ગામમાં રાયપુર જવું પડે છે.
- કેરોસીન તેમના ગામની ગંઝીની દુકાનેથી મળે છે, પણ મહિને ૫ લીટર જ આપવામાં આવે છે.





(બ) શામળપુર :

શામળપુર ગામના રેશનીંગની દુકાનમાં કુલ બે ગામો આવરી લીધેલ છે. આ દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૩૫૭ છે તે પૈકી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. આ કાર્ડ ધારકો પૈકી ૪૬ અનુસૂચિત જનજાતિના છે. ૪૪ કાર્ડ ધારકો બક્ષીપંચના છે અને ૫૦ કાર્ડ ધારકો અન્ય જ્ઞાતિના છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૫ વ્યક્તિની છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવ્યો છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- કાર્ડદીઠ આપવામાં આવતા પૂરવઠામાં વધારો કરવો જોઈએ.
- આઈ.ટી.ડી.પી.અને એફ.એફ.એ. બંનેનો ભાવ સરખો છે. ભાવમાં તફાવત રાખવો જોઈએ.
- કેરોસીન નિયમિત મળે છે પણ કાર્ડદીઠ ૧૦ લીટરજ આપવામાં આવે છે. વધારે મળે તેમ કરવું જોઈએ.

(ક) ખાલસા/નાયડા :

નાયડા ગામની રેશનીંગની દુકાનમાં કુલ ત્રણ ગામો આવરી લીધા છે. આ દુકાનના કાર્ડધારકોની સંખ્યા ૩૭૫ છે. તે પૈકી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. આ કાર્ડ ધારકો પૈકી ૬૯ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. ૭૦ કાર્ડ ધારકો બક્ષીપંચના છે અને ૧ કાર્ડ અન્ય જ્ઞાતિનું છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૬

વ્યક્તિની છે. તેમનો મુખ્યત્વે વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી ધ્વારા કરવામાં આવે છે. મંડળી કડચામાં હોવાથી પૂરતો પૂરવઠો લાવી શકતી નથી. તેની માઠી અસર ગ્રાહકો ઉપર પડે છે. તેમને પૂરતો પૂરવઠો મળતો નથી. આથી કાળાંબજારનુ અનાજ લાવવું પડે છે.
- અનાજમાં ઘઉં આપવામાં આવે છે. પણ લોકો મકાઇ વધારે ખાય છે. આથી રેશનીંગમાં ઘઉંને બદલે મકાઈ આપવામાં આવે તો સારું તેમ જણાવેલ છે.
- કેરોસીન અંગે પૂછતા તેમણે જણાવ્યુ કે અમને કાર્ડ દીઠ માત્ર ૫ લીટર જ કેરોસીન આપવામાં આવે છે. તેમાં વધારો કરવાની જરૂર છે.

(૨) પંચમહાલ :

પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) ભાઠીવાડા

(બ) જેકોટ

(ક) અભલોડ





(અ) ભાઠીવાડા :

ભાઠીવાડા ગામની રેશનીંગની દુકાનના કાર્ડ વારકોની સંખ્યા ૪૭૧ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૧૩૩ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. ૫ કાર્ડ ધારકો બક્ષીપંચના છે, અને ૨ કાર્ડ ધારકો અન્ય જાતિના છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૮ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, નોકરી અને ધંધો કરવાનો જાણવા મળ્યો હતો.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- રશનીંગની દુકાનથી વસ્તુ (પૂરવઠો) સમયસર મળી રહે છે.
- રેશનીંગમાં જે અનાજ આપવામાં આવે છે તેનો ભાવ વધારે છે, ઓછો રાખવો જોઈએ.
- વ્યક્તિદીઠ જે અનાજ આપવામાં આવે છે તેનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- કેરોસીન અંગે પૂછતા તેમણે જણાવ્યું કે અમને કાર્ડદીઠ મહિને ૫ લીટર જ કેરોસીન આપવામાં આવે છે, તેમાં વધારો કરવાની જરૂર છે.

(બ) જેકોટ :

જેકોટ ગામની રેશનીંગની દુકાનમાં કુલ ચાર ગામો આવરી લીધા છે. આ દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૬૪૦ છે. તેમાંથી જેકોટ ગામના

૧૪૦ કાર્ડ ધારકોની પસંદગી કરી તેમની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૧૩૬ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. ૨ કાર્ડ ધારકો બક્ષીપંચના છે અને ૨ કાર્ડ ધારકો અન્ય જ્ઞાતિના છે. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાસ વસ્તી ૮ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી અને નોકરી કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી અને અભિપ્રાય જાણવા મળે છે.

- અમારા ગામના રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી કરે છે. તેથી અમને પૂરવઠો ૧૨ મહિને નિયમિત મળી રહે છે, મુશ્કેલી પડતી નથી.
- તેમણે જણાવ્યું કે રેશનીંગની દુકાનમાં અનાજ આપવામાં આવે છે. તેના ભાવો વધારે છે, ભાવ ઓછા રાખવા જોઈએ.
- અનાજમાં મકાઈ આપવાની શરૂ કરવામાં આવે તો સારું તેમ જણાવે છે.
- અનાજ અને ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- અનાજમાં કચરો વધારે આવે છે તેમજ ક્યારેક લાલ ઘઉં આપે છે. તે ન આપવા જોઈએ.
- કેરોસીન મહિને કાર્ડદીઠ ૧૦ લીટર જ આપવામાં આવે છે.

(ક) આભલોડ :

આભલોડ ગામની રેશનીંગની દુકાનમાં કુલ બે ગામો આવરી લીધા છે. આ દુકાનમાં કાર્ડ ધારકોની સંખ્યા ૬૧૯ છે, તેમાંથી આભલોડ ગામના





૧૪૨ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તે પૈકી ૧૩૧ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. ૨ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. અને ૯ કાર્ડ ધારકો અન્ય જ્ઞાતિના છે. આ કાર્ડ ધારકોની કુટુંબની સરેરાશ વસ્તી ૮ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી અને નોકરી કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- દરેક કાર્ડ ધારકને પોતાના હકનું અનાજ/ખાંડ મળે છે, પરંતુ પૈસાના અભાવે પૂરતો જથ્થો ઉપાડી શકતા નથી.
- અનાજની સાથે મકાઈ આપવાની શરૂ કરવી જોઈએ તેમ જણાવેલ છે.
- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- તેલ નિયમિત આપવું જોઈએ.
- કેરોસીન કાર્ડદીઠ ૫ લીટર જ આપવામાં આવે છે. વધારો કરવાની જરૂર છે.

(૩) ડાંગ :

ડાંગ જિલ્લાના આહવા તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) લહાનચર્યા
(બ) ગલકુંડ
(ક) સાકળપાતળ

(અ) <u>લહાનચર્યા</u> :

લહાનચર્યા ગામમાં રેશનીંગની દુકાન નથી. આથી તેમને ગલકુંડ ગામની રેશનીંગની દુકાને પુરવઠો લેવા માટે જવું પડે છે. આ ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૫૬૭ કાર્ડ ધારકો છે. તેમાંથી લહાનચર્યાના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૧૪૦ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૭ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી, ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- અનાજનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- ખાંડ વર્ષોથી ૪૦૦ ગ્રામ વ્યકિતદીઠ આપવામાં આવે છે. તેમાં વધારો કરવો જોઇએ.
- દુકાને વસ્તુ મળે છે, પણ અમારી પાસે પૈસાના અભાવે પૂરતો જથ્થો ઉપાડવામાં મુશ્કેલી પડે છે.
- કેરોસીન ૫ લીટર આપવામાં આવે છે.

(બ) <u>ગલકુંડ</u> :

ગલકુંડ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી ધ્વારા કરવામાં આવે છે. આ રેશનીંગની દુકાનમાં કુલ ૧૮ ગામ આવરી લેવામાં આવ્યા છે. તેના કાર્ડ ધારકો પસંદ કરી તેમની મુલાકાત લેવામાં આવેલ ૧૪૦ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. કાર્ડધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૭ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી કરવાનો જણાયેલ છે.





જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળેલ છે.

- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- તેલ (સીંગતેલ) નિયમિત આપવું જોઇએ.
- દુકાનમાં વસ્તુ હોય ત્યારે નિયમિત ખોલવામાં આવે છે, અને તેમને વસ્તુ મળી રહે છે.
- અનાજ જોઇએ તેટલું આપવામાં આવતું નથી. પ્રમાણ નકકી થયા મુજબ જ આપવામાં આવે છે. અને તે એક માસ ચાલતું નથી.
- કેરોસીન ૫ લીટર જ આપવામાં આવે છે. પ્રમાણ વધારવાની જરૂર છે.
- ભાવ વધાર છે, ઓછો રાખવો જોઇએ.
- અનાજની સાથે મકાઇ આપવી જોઇએ તેમ જણાવે છે.

(ડ) <u>સાકળપાતળ</u> :

આ ગામમાં રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી ધ્વારા કરવામાં આવે છે. આ દુકાનમાં આજુબાજુના ૯ ગામો આવરી લેવામાં આવ્યા છે. તેના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૮૧૦ છે. તેમાંથી સાકળપાતળના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. આ ૧૪૦ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૫ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી, ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- અનાજ/ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- અનાજની સાથે મકાઇ આપવાની શરૂ કરવી જોઇએ.
- ભાવ વધારે હોવાથી અને અમારી પાસે પૂરતા પૈસા ન હોવાથી તેઓ પૂરતો જથ્થો ઉપાડી શકતા નથી.
- અનાજમાં કચરાનું પ્રમાણ વધારે આવતુ હોવાથી મોંઘુ પડે છે. ગુણવત્તા સુધારવી જોઇએ.
- દુકાનમાં પૂરવઠો હોય ત્યારેજ ખુલ્લી રાખવામાં આવે છે.
- કેરોસીન ૫ લીટર મહિને આપવામાં આવે છે.

(૪) સુરત :

સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) માંડલ

(બ) કેલાઇ

(ક) મૈઢા

(અ) માંડલ :

માંડલ ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૪ ગામો આવરી લેવામાં આવ્યા છે. આ ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૯૧૦ કાર્ડ ધારકો છે. તેમાંથી માંડલ ગામના ૧૩૯ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. આ બધાજ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૬ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી અને નોકરી કરવાનો જણાયેલ છે.

...૧૮.



જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા પામતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામમાં રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી ધ્વારા કરવામાં આવે છે. તેથી લોકોને વસ્તુ સહેલાઇથી મળી રહે છે.
- ગામના લોકોની ફરિયાદ છે કે પૂરવઠો ૨૫ તારીખ પછી જ પ્રાપ્ત થાય છે, વહેલો મળતો નથી.
- અનાજની ગુણવત્તા સારી ન હોવાથી ૭૦ ટકા લોકો પૂરવઠો ખરીદે છે અને ૩૦% નહીંવત પૂરવઠો ખરીદે છે. અનાજ સારુ હોય તોજ ખરીદે છે.
- ખાંડનો પૂરવઠો ૧૦૦% ઉપાડવામાં આવે છે.
- ગામના લોકોએ અનાજની ગુણવત્તા સુધારવા સૂચન કરેલ છે.
- તેમના જણાવ્યા પ્રમાણે તેમને ફેરીયા ધ્વારા કેરોસીન આપવામાં આવે છે. અને તે પણ રવિવારે જ આપવામાં આવે છે. આખા તાલુકામાં ગામમાં રવિવારે જ કેરોસીનનું વિતરણ થતુ હોવાથી આખો દિવસ લોકોને લાઇનમાં ઉભા રહેવું પડે છે. ખૂબ મુશ્કેલી વેઠયા બાદ તેમને માત્ર દિવો થાય તેટલુ જ કેરોસીન પ્રાપ્ત થાય છે. રસોઇ કેરોસીનથી બનાવી શકતા નથી.

(બ) કેલાઇ :

કેલાઇ ગામની રેશનીંગની દુકાનમાં તેની આજુબાજુના કુલ ૪ ગામો આવરી લેવામાં આવ્યા છે. આ રેશનીંગની દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૪૬૫ છે. તેમાંથી કેલાઇ ગામના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. આ ગામના ૧૪૦ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. કાર્ડ ધારકોની કુટુંબની સરેરાશ વસ્તી ૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી અને નોકરી કરવાનો જણાયેલ છે.

...૧૯..

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચે માહિતી અને અભિપ્રાય જાણવા મળે છે.

- કેલાઈ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યકિતગત માલિક દ્વારા કરવામાં આવે છે. ગામ લોકોનું કહેવું છે કે દુકાનદાર પાસે પૈસા હોય ત્યારેજ તે માલ લાવે છે. થોડા પૈસા હોય તો થોડો માલ લાવે છે. આથી ગ્રાહકને પૂરવઠો મેળવવામાં મુશ્કેલી પડે છે.
- ગામ લોકોનું કહેવું છે કે અનાજ (ખાંડના પૂરવઠાનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- અનાજમાં ઘઉં લોકો ખાતા નથી તેથી ચોખા/ જુવાર આપવામાં આવે તો સારું.
- અનાજની ગુણવત્તા સુધારવાની જરૂર છે.
- ગામ લોકોનું કહેવું છે કે ચોમાસાની સીઝન તથા ઉનાળામાં ( મે થી નવેમ્બર માસ) દરમિયાન પુરવઠાનું પ્રમાણ વધારવુ જોઈએ. જેથી બજારમાંથી ખરીદી ન કરતાં લોકો સહેલાઈથી રેશનીંગની દુકાનેથી અનાજ ખરીદી શકે.
- કેરોસીન અંગે પૂછતા જાણવા મળ્યું કે ફેરીયા દ્વારા ૩ થી ૪ લીટર જ કેરોસીન મળે છે. જે મેળવવા પણ આખો દિવસ લાઈનમાં ઊભા રહેવું પડે છે.

(ક) <u>મૈઢા</u> :

મૈઢા ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૬ ગામો આવરી લેવામાં આવ્યા છે. આ રેશનીંગની દુકાનના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૫૮૬ છે. તેમાંથી મૈઢા ગામના ૧૪૦ કાર્ડ ધારકોની પસંદગી કરી તેમની મુલાકાત લેવામાં આવેલ. ૧૪૦ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. આ કાર્ડ

....૨૦.



ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૫ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળેલ છે.

- આ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યકિતગત ધોરણે કરવામાં આવે છે.
- ગામના લોકોને રેશનીંગનો પૂરવઠો સમયસર મળી રહે છે.
- રેશનીંગની દુકાનેથી લોકો ઘઉંની ખરીદી ભાગ્યેજ કરે છે. ચોખા અને ખાંડનો ઉપાડ ૧૦૦% કરવામાં આવે છે.
- ઘઉંને બદલે ખાવામાં જુવારનો ઉપયોગ થતો હોવાથી લોકોની માંગ રેશનીંગમાં જુવાર આપવી જોઈએ તેવી છે.
- આ ગામમાં કેરોસીનની મુશ્કેલી ખૂબ પડે છે તેમના જણાવ્યા પ્રમાણે તેમને કેરોસીન ખરીદવા માટે સોનગઢ હાટમાં રવિવારે જવું પડે છે. બધાજ ગામને હાટમાંથી ફેરીયા દ્વારા એક સાથે કેરોસીન આપવામાં આવતું હોવાથી લાઈન પણ ખૂબ થાય છે. આખો દિવસ લાઈનમાં ઊભા રહયા પછી ૩ થી ૪ લીટર કેરોસીન માંડ મળે છે. તે આખો માસ ચાલતુ નથી. કેટલાક લોકો તો એ પણ મેળવી શકતા નથી. આથી બધા લોકોને પોતાના ગામમાંજ નિયમિત કેરોસીન મળે તેવી વ્યવસ્થા કરવાની લોકોની માંગ છે.

<u>આદિવાસી વિસ્તારના જાહેર વિતરણ વ્યવસ્થાના લાભાર્થી સંબંધ સૂચનો</u> :

- એફ.સી.આઈ. નું અનાજનું પ્રમાણ ઓછું છે તેમાં વધારો કરવો જોઈએ.

.....૨૧.

- એફ.સી.આઈ. અને આઈ.ટી.ડી.પી.ના અનાજના ભાવમાં કોઈ તફાવત રાખવામાં આવતો નથી, તફાવત રાખવો જોઈએ.
- નોકરી કરતા લાભાર્થીને પણ અનાજનો લાભ આપવો જોઈએ.
- અનાજમાં ઘઉં ઉપરાંત મકાઈ પણ આપવી જોઈએ. સ્થાનિક વિસ્તારને નજરમાં રાખવો.
- અનાજ સારી ગુણવત્તાવાળુ આપવું જોઈએ.
- અનાજમાં કચરો વધારે આવે છે. સાફ કરીને આપવું જોઈએ.
- અનાજ અને ખાંડના પ્રમાણમાં વ્યક્તિદીઠ વધારો કરવાની જરૂર છે. આ પ્રમાણ છેલ્લા ઘણા વર્ષોથી નકકી થયેલ છે.
- બજારભાવ અને રેશનીંગના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો તફાવત રાખવો જોઈએ.
- કાર્ડદીઠ ૪૦ કિલો અનાજ મળવુ જોઈએ. તે મળતુ નથી ૧૫ થી ૨૦ કિલો જ અનાજ મળે છે.
- કેરોસીન મહિને માત્ર ૫ લીટર જ મળે છે તેમાં વધારો કરવાની જરૂર છે.
- કાર્ડદીઠ ૨ કિલો સીંગતેલ આપવું જોઈએ.
- અનાજનો પૂરવઠો મહિનાની ૧૫ તારીખ પછીજ મળે છે. અને તે પણ અઠવાડિયા પછી મળતુ નથી. પુરવઠો ખલાસ થઇ ગયા પછી બીજી વખત પુરવઠો ઉપલબ્ધ હોતો નથી. (સોનગઢ)
- દુકાનો માત્ર અઠવાડિયા પૂરતી જ માસ દરમ્યાન ખોલવામાં આવે છે અને તે પણ સવારે જ ખૂલે છે. બપોર પછી ખોલવામાં આવતી નથી. (સોનગઢ)
- કેરોસીન ૩ થી ૪ લીટરજ મળે છે. તેમાં પણ ભાવ વધારે આપવો પડે છે. (સોનગઢ)
- અનાજમાં ઘઉંની જગ્યાએ જુવાર આપવી જોઈએ, ચોખા વધારે આપવા જોઈએ. (સોનગઢ)





## પ્રકરણ - ૩

## જાહેર વિતરણ વ્યવસ્થા અને રણ વિસ્તારના લાભાર્થીઓ

### રણ વિસ્તાર

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|---|
| ૧. | કચ્છ | ભચાઉ | (૧) ધરણા<br>(૨) શિકારપુર<br>(૩) શિકરા |
| ૨. | બનાસકાંઠા | વડગામ | (૧) છનિયાણા<br>(૨) ડાલવાણા<br>(૩) થુર |
| ૩. | લાભાર્થીના સૂચનો | | |

રણ વિસ્તાર :

અનાજના વિતરણ અંગેની માહિતી/ ભાવ પ્રમાણ. (રાજ્ય સરકારની નીતિ)

આ યોજનાના મૂલ્યાંકન માટે નીચેના જિલ્લાઓમાં આ યોજનાની કામગીરીનો અભ્યાસ કરવામાં આવેલ.

(૧) કચ્છ

(૨) બનાસકાંઠા

(૧) કચ્છ :

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) ધરણા

(બ) શિકારપુર

(ક) શિકરા

(અ) ધરણા :

ધરણા ગામની રેશનીંગની દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૫૬૯ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૬૪ કાર્ડ ધારકો સવર્ણ છે, ૩૪ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. અને ૪૨ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. તેમના કુટુંબની સરેરાશ વસ્તી ૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીના જણાવ્યા પ્રમાણે તેમને માલ સમયસર મળતો નથી. મહિનાની આખરમાં પૂરવઠો મળે છે. શરૂઆતમાં પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- અનાજની ગુણવત્તા સુધારવી.
- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- અનાજમાં કચરો/કસ્તર વધારે આવે છે.
- કેરોસીનમાં દુકાનદાર ૨૫ પૈસા વધારે (લિટરે) લે છે. તેમ લાભાર્થીઓ જણાવે છે.

(બ) શિકારપુર :

શિકારપુર ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૪ ગામો આવરી લીધા છે. આ દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૫૮૧ છે. તેમાંથી શિકારપુર ગામના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૯૦ કાર્ડ ધારકો સવર્ણ છે, ૧૭ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે.

....૨૪.



અને ૨૩ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૭ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો હોવાનું જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેમને પૂરવઠો મેળવવામાં મુશ્કેલી પડતી નથી. દર મહિને પૂરવઠો મળે છે.
- મહિનાની ૧૫ તારીખ પછી પૂરવઠો મળે છે તે વહેલો મળે તેવી વ્યવસ્થા કરવી.
- અનાજની ગુણવત્તા સુધારવી.
- ડી.પી.એ.પી અને એફ.એફ.એ.ના ભાવમાં તફાવત રાખવો જોઈએ.
- બજારભાવ અને રેશનીંગના ભાવમાં પણ ૧૦ થી ૧૫ ટકાનો તફાવત રાખવો જોઈએ.
- કચરો/કસ્તર વધારે આવે છે તેથી અનાજ ખરીદવું મોંઘુ પડે છે.
- કેરોસીન મળે છે ખરું, પણ પ્રમાણ વધારવામાં આવે તો સારું તેમ જણાવે છે.

(ક) શિકરા :

શિકરા ગામના આ રેશનીંગના દુકાનના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૪૪૮ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ તેમાં ૪૭ કાર્ડ ધારકો સવર્ણ છે, ૧૦ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. અને ૮૩

....૨૫.

કાર્ડ ધારકો બક્ષીપંચના છે. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેમને (પુરવઠો) સમયસર મળતો નથી. મહિનાની આખર તારીખોમાં મળે છે. મહિનાની શરૂઆતમાં પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- અનાજ નિયમિત સારું આપવું જોઈએ.
- ભાવ ઓછા રાખવા જોઈએ. બજારભાવ કરતા ૧૦ થી ૨૫ ટકાનો ફેર હોવો જોઈએ.
- અનાજનું પ્રમાણ વધારવું જોઈએ.
- ખાંડ વર્ગોથી વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ આપવામાં આવે છે. તો પ્રમાણ વધારવું જોઈએ.
- એફ.એફ.એ અને ડી.પી.એ.પી. ના ભાવમાં તફાવત રાખવો જોઈએ.
- બજારના તેલના ભાવમાં અને રેશનીંગના તેલના ભાવમાં ખાસ તફાવત રહેતો નથી. કિલોએ ૭ થી ૧૦ રૂા. ફેર રાખવો જોઈએ.
- તેલ નિયમિત આપવું જોઈએ.
- કેરોસીન મળે છે ખરુ પણ લીટરે ૨૫ પૈસા વધારે લેવામાં આવે છે. તે બંધ થવા જોઈએ, અને કેરોસીનનું પ્રમાણ વધારવું જોઈએ. જેથી ગ્રાહકને કાળાબજારનું કેરોસીન ખરીદવું ન પડે.

...૨૬..



(૨) <u>બનાસકાંઠા</u> :

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) છનિયાણા
(બ) ડાલવાણા
(ક) થુર

(અ) <u>છનિયાણા</u> :

છનિયાણા ગામના રેશનીંગની દુકાનમાં તેની આજુબાજુના બીજા બે ગામ આવરી લેવામાં આવેલ છે. આ દુકાનના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૭૧૬ છે. તેમાંથી છનિયાણા ગામના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૧૨ કાર્ડ ધારકો સવર્ણ છે, ૬૨ કાર્ડ ધારકો અનુ-સૂચિત જનજાતિના છે. અને ૬૬ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૫ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- ગ્રાહકોના જણાવ્યા પ્રમાણે તેમને માલ (પૂરવઠો) મહિનાની આખર તારીખમાં મળે છે. મહિનાની શરૂઆતમાં પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- અનાજનું પ્રમાણ વધારવાની જરૂર છે.

....૨૭.

- ખાંડનુ પ્રમાણ છેલ્લા ઘણા વર્ષોથી વ્યકિતદીઠ ૪૦૦ ગ્રામ છે. જે વધારીને ૮૦૦ ગ્રામ કે ૧ કિલો કરવાની જરૂર છે.
- અનાજની ગુણવત્તા સારી હોવી જોઈએ.
- કેરોસીન નિયમિત મળે છે. પણ ઓછુ પડે છે તેનું પ્રમાણ વધારવાની જરૂર છે. પ્રમાણ વધારે તો ગ્રાહકને બહારનુ (ફ્રીસેલ) કેરોસીન ન ખરીદવું પડે.

(બ) <u>ડાલવાણા</u> :

થલવાડા ગામની રેશનીંગની દુકાનમાં કુલ ત્રણ ગામ આવરી લેવામાં આવ્યા છે. આ દુકાનના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૩૪૨ છે. તેમાંથી ડાલવાણા ગામના ૧૩૮ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૬ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે. ડાલવાણા ગામના ૧૩૮ કાર્ડ ધારકોમાં ૩૯ કાર્ડ ધારકો સવર્ણ છે, ૫૩ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. ૨૫ કાર્ડ ધારકો બક્ષીપંચના છે અને ૨૧ કાર્ડ ધારકો અન્ય જાતિના છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- થલવાડા ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યકિતગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેઓ રેશનીંગની દુકાનેથી પુરવઠો લાવ્યા ન હોય છતાં પણ કાર્ડમાં નોંધવામાં આવે છે.





- રાહતના કાર્ડનો લાભ ગરીબ લોકોને મળવો જોઈએ. તે મળતો નથી ને બીજા લોકો આ યોજનાનો લાભ ઉઠાવે છે.
- અનાજની ગુણવત્તા સારા આવતી નથી, સારુ અનાજ આપવુ જોઈએ.
- અનાજની કિંમત ગુણવત્તાના પ્રમાણમાં અને બજારની સરખામણીમાં વધારે રાખવામાં આવે છે, તે ઓછી રાખવી જોઈએ.
- ખાંડનુ પ્રમાણ વધારવાની જરૂર છે.
- સીંગતેલ નિયમિત આપવું જોઈએ. બજાર કિંમત કરતા તેનો ભાવ ઓછો રાખવો જોઈએ.
- કેરોસીન નિયમિત મળે છે ખરુ પણ પ્રમાણ ઓછુ રાખવામાં આવેલ છે. પ્રમાણ વધારવાની જરૂર છે.

(ક) <u>થર</u> :

થુર ગામની રેશનીંગના દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૨૨૦ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ તેમાં ૧૫ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે. ૧૨૯ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. અને ૩ કાર્ડ ધારકો અન્ય જાતિના છે. તેમના કુટુંબની સરેરાશ વસ્તી૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગના દુકાનનું સંચાલન વ્યકિતગત ધોરણે કરવામાં આવે છે.

- લાભાર્થીના જણાવ્યા પ્રમાણે તેમને પુરવઠો મળે છે. પણ માત્ર ઘઉં, ચોખા અને ખાંડ જ આપવામાં આવે છે. બીજી રેશનીંગની વસ્તુ મળતી નથી.
- પહેલા બાજુના ગામમાં પુરવઠો લેવા જવું પડતું, હવે ગામમાં જ રેશનીંગની દુકાન થવાથી વસ્તુ ગામમાંથી જ મળે છે. પણ ખાદ્યતેલ, તથા બીજી રેશનીંગની વસ્તુ આપવાનુ શરૂ કરવુ જોઈએ.
- અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- બજાર કરતા ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો ફેર રાખવો જોઈએ.
- બજારના રાયડાના તેલના ભાવમાં અને રેશનીંગના પામોલીન તેલના ભાવમાં ૧ રૂપિયાનો જ તફાવત રહે છે. તેલનો ભાવ વધારે ઓછો કરવા જોઈએ.
- કેરોસીન મહિને ૫ લીટર જ આપવામાં આવે છે. પ્રમાણ વધારવાની જરૂર છે.

<u>રણ વિસ્તારના લાભાર્થીઓના સૂચનો :</u>

- એફ.એફ.એ અને ડી.પી.એ.પી.ના ભાવમાં તફાવત રાખવો જોઈએ. જો ભાવમાં તફાવત રાખવામાં ન આવે તો એફ.એફ.એ. યોજનાનો કોઈ અર્થ રહેતો નથી.
- મહિનાની શરૂઆતમાં પુરવઠો મળે તો લોકો ખરીદી શકે. આખરમાં પુરવઠો મળતો હોવાથી લોકો પાસે પૂરતા પૈસા હોતા નથી. આથી પુરવઠો ખરીદવાની ઇચ્છા હોવા છતાં પૂરવઠો ખરીદી શકતા નથી. અને દુકાનદારને કાળાબજાર કરવાની તક મળે છે.
- અનાજની ગુણવત્તા જળવાતી નથી અને ભાવ એક ધારો જ રાખવામાં આવે છે. આથી લોકો અનાજ પણ પુરુ ખરીદતા નથી. અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.





- અનાજમાં કહોજણ (કસ્તર-કચરો) વધારે આવે છે. તેથી ખરીદેલ અનાજ મોંઘુ પડે છે. તેથી લોકો રેશનીંગનું અનાજ ન ખરીદતા બહારથી અનાજ ખરીદવા પ્રેરાય છે.
- બજારભાવ કરતા રેશનીંગના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો તફાવત રાખવામાં આવે તો લોકો રેશનીંગનો પુરવઠો ખરીદી શકે.
- ખાંડનું પ્રમાણ વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ છે. જે ઘણુ ઓછુ છે. ૪૦૦ ગ્રામ ખાંડ એક વ્યક્તિને આખો માસ ચાલે નહિ તેથી પ્રમાણ વધારવું જોઈએ.
- રેશનમાં પામોલીન તેલ ૨૭ રૂપિયે ૧ કિલો મળે છે. તો બજારમાં રાયડાનું તેલ ૨૮ રૂપિયે ૧ કિલો મળે છે. રેશનીંગના ભાવમાં જે તફાવત રાખવો જોઈએ તે રાખવામાં આવતો નથી.
- રેશનમાં નિયમિત સંઅતેલ આપવામાં આવે અને બજાર કરતાં ૧ કિલોએ ૫ થી ૭ રૂપિયાનો તફાવત રાખવામાં આવે તો લાભાર્થી ખરીદી શકે.
- રેશનીંગનો પુરવઠો આપતી વખતે જે તે સ્થળના લોકોનો મુખ્ય ખોરાક ધ્યાનમાં રાખવો જોઈએ. જ્યાં મકાઈનો ખોરાક હોય ત્યાં મકાઈ આપવી અને જુવારનો ખોરાક હોય ત્યાં જુવાર આપવી જોઈએ. એજ રીતે ચોખા, ઘઉં, બાજરી વગેરે.
- કેરોસીન કાર્ડદીઠ ૫ લીટર મળે છે. તેમાં વધારો કરવો જોઈએ. કેરોસીનના નક્કી કરેલ ભાવ કરતા વધારે પૈસા લેવામાં આવે છે જે ન લેવા જોઈએ.

## પ્રકરણ - ૪

## જાહેર વિતરણ વ્યવસ્થા અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લાભાર્થીઓ

### દુષ્કાળગ્રસ્ત વિસ્તાર

| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ધંધુકા | (૧) ચંદરવા<br>(૨) વાસણા<br>(૩) પડાણ |
| ૨. | સુરેન્દ્રનગર | ચોટીલા | (૧) મોટી મોલડી<br>(૨) તરણેતર<br>(૩) પિયાવા |
| ૩. | રાજકોટ | જસદણ | (૧) ભાડલા<br>(૨) લીલાપુર<br>(૩) વિરનગર |
| ૪. | લાભાર્થીના સૂચનો. | | |

દુષ્કાળગ્રસ્ત વિસ્તારો :

અનાજના વિતરણ અંગેની માહિતી/ભાવ પ્રમાણ. (રાજ્ય સરકારની નીતિ)

આ યોજનાના મૂલ્યાંકન માટે નીચેના જિલ્લાઓમાં આ યોજનાની કામગીરીનો અભ્યાસ કરવામાં આવેલ.

(૧) અમદાવાદ.

(૨) સુરેન્દ્રનગર

(૩) રાજકોટ

(૧) અમદાવાદ :

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) ચંદરવા

(બ) વાસણા

(ક) પડાણા

(અ) ચંદરવા :

ચંદરવા ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૨ ગામો આવરી લેવામાં આવ્યા છે. આ ગામની દુકાનના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૯૦૭ છે. તેમાંથી ચંદરવા ગામના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૩૪ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે અને ૧૦૬ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૫ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લોકોને જે પૂરવઠો આપવામાં આવે છે તે ઓછો પડે છે. મહિને ૧૦ કિલો ઘઉં કાર્ડ દીઠ વધુમાં વધુ મળે છે. વર્ષમાં બે થી ત્રણ વાર જ ૧૫ કિલો કાર્ડ દીઠ વધુમાં વધુ આપવામાં આવે છે.
- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે. વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ જ આપવામાં આવે છે.

....33.



- તેલ નિયમિત આપવું જોઈએ.
- કેરોસીન અંગે પૂછતા જાણવા મળ્યું કે તેમને કાર્ડદીઠ માસિક ૫ લીટર જ કેરોસીન આપવામાં આવે છે. અને તે તેમને રેશનીંગની દુકાનેથી જ મળે છે. કેરોસીન કાર્ડદીઠ માસિક ૧૦ લીટર મળે તેવી વ્યવસ્થા કરવા સૂચન કરેલ છે.
- અનાજનો ભાવ ઓછો રાખવો જોઈએ, ૧૫% બજાર કરતાં ઓછો.

(બ) વાસણા :

વાસણા ગામના રેશનીંગની દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૪૨૧ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૨૬ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે. અને ૧૧૨ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. કાર્ડધારકોના કુટુંબની સરેરાશ વસ્તી ૫ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- વાસણા ગામની રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી દ્વારા કરવામાં આવે છે.
- લાભાર્થીએ જણાવ્યા પ્રમાણે તેમને અનાજ પૂરતા પ્રમાણમાં મળતું નથી. કાર્ડદીઠ ૧૦ કીલો જ વધુમાં વધુ આપવામાં આવે છે. જ્યારે પ્રમાણ વધુમાં વધુ ૪૦ કિલો આપવાનું છે.
- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.
- કેરોસીન અંગે પૂછતા લાભાર્થીઓએ જણાવ્યું કે તેમના ગામમાં કેરોસીન વેચવા ફેરીયો આવે છે. તે મહિનામાં એક વખત ટાંકી ભરીને આવે ને જેટલાને મળે તેટલાને આપીને જાય, પછી બીજા મહિને જ દેખાય છે.

....૩૪.

કાર્ડદીઠ ૫ લીટર મળે છે. પણ બધાને મળતુ નથી. નિયમિત પ્રતિમાસ ૧૦ લીટર બધાને કરોસીન મળે તેવી વ્યવસ્થા કરવા સૂચન કરેલ છે.

(ક) પડાણા :

પડાણા ગામની રેશનીંગની દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૪૪૨ છે. તેમાંથી ૧૬૧ કાર્ડ ધારકોની પસંદગી કરી મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૯૩ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે. અને ૬૮ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. તેમના કુટુંબનો સરેરાશ વસ્તી ૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ, ખાંડ, ખાદ્યતેલ અંગે પૂછતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- અનાજ નિયમિત મળે છે ખરુ પણ પ્રમાણ નક્કી થયા મુજબ મળતુ નથી. કાર્ડદીઠ વધુમાં વધુ ૧૦ થી ૧૫ કિલો જ આપવામાં આવે છે. પૂરતુ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- ખાંડનુ પ્રમાણ વધારવાની જરૂર છે.
- અનાજમાં કચરો વધારે આવે છે. સાફ કરેલુ અનાજ આપવું જોઈએ.
- કેરોસીન કાર્ડ દીઠ ૫ લીટર જ આપવામાં આવે છે. પ્રમાણ વધારવુ જોઈએ.
- ગ્રાહકોના જણાવ્યા પ્રમાણે તેઓએ પૂરવઠો લીધો ન હોય તો પણ કાર્ડમાં નોંધવામાં આવે છે.

(૨) સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

....૩૫..



(અ) મોટી મોલડી

(બ) તરણેતર

(ક) પિયાવા

(અ) મોટી મોલડી :

આ ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૩ ગામો આવરી લીધા છે. આ દુકાનના કુલ કાર્ડ ધારકોની સંખ્યા ૧૦૫૬ છે. તેમાંથી મોટી મોલડી ગામના ૧૪૦ લાભાર્થીની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૪૮ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે, ૮૯ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. ૨ કાર્ડ ધારક અન્ય જાતિના છે. અને ૧ કાર્ડ સવર્ણનુ છે. આ કાર્ડ ધારકોના કુટુંબની સરેરાસ વસ્તી ૫ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ તથા ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગની દુકાનનુ સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીના જણાવ્યા મુજબ તેમને પુરવઠો મેળવવામાં મુશ્કેલી પડતી નથી.
- અનાજમાં કાંકરા/કસ્તરનુ પ્રમાણ વધારે આવે છે. જે ન આવવું જોઈએ.
- લાલ ઘઉં આપવાના બંધ કરવા જોઈએ.

...૩૬..

- ચોખા સારી જાતના આપવા જોઈએ, કણકી વધારે આવે છે.
- અનાજની ગુણવત્તા સુધારવાની જરૂર છે.
- કેરોસીન કાર્ડદીઠ ૧૦ લીટર આપવામાં આવે છે.
- ખાંડનું પ્રમાણ વધારવું જોઈએ.

(બ) તરણેતર :

આ ગામની રેશનીંગની દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૨૭૬ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૧૩૩ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. ૬ કાર્ડ ધારકો અનુસૂચિત જનજાતિના છે. અને ૧ કાર્ડ અન્ય જાતિનું છે. કાર્ડ ધારકોના કુટુંબની સરેરાસ વસ્તી ૬ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને યજમાનવૃત્તિ કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીઓના જણાવ્યા મુજબ તેમને અનાજ/ખાંડ સમયસર મળી જાય છે. મુશ્કેલી પડતી નથી.
- અનાજમાં કચરો વધારે આવે છે. સાફ કરીને આપવું જોઈએ.
- લાલ ઘઉં આપવામાં આવે છે જે બંધ કરી દેવા જોઈએ.
- રેશનીંગમાં બાજરી, કઠોળ આપવું જોઈએ.
- ચોખામાં કણકી વધારે આવે છે, સારાં આપવા જોઈએ.
- ભાવ બજાર કરતાં ૧૦ થી ૧૫ ટકા ઓછા રાખવા જોઈએ.
- ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે. વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ ખાંડ એક માસ ચાલે નહીં ૮૦૦ ગ્રામ આપવી જોઈએ.

...૩૭.



- સીંગતેલ નિયમિત દર મહિને કાર્ડદીઠ ૨ કિલો આપવું જોઈએ.
- કેરોસીન ગામમાંજ રેશનીંગની દુકાનેથી મળી રહે છે. પહેલા ૫ લીટર આપતા હવે ૧૦ લીટર પ્રતિમાસ આપે છે.

(ક) પિયાવા :

પિયાવા ગામની રેશનીંગની દુકાનમાં કુલ ૪ ગામો આવરી લેવામાં આવ્યા છે. આ દુકાનના કાર્ડ ધારકોની સંખ્યા ૬૭૭ છે. તેમાંથી પિયાવા ગામના ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમના કુટુંબની સરેરાસ વસ્તી ૪ છે. મુખ્યત્વે તેમનો વ્યવસાય ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- પિયાવા ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીઓના જણાવ્યા મુજબ તેમને દર મહિને પૂરવઠો નિયમિત મળે છે. મુશ્કેલી પડતી નથી.
- અનાજની ગુણવત્તા સારી આવતી નથી તે સુધારવા સૂચન કરેલ છે.
- ખાંડનું પ્રમાણ ૪૦૦ ગ્રામથી વધારી ૮૦૦ ગ્રામ કરવા જણાવે છે. વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ ખાંડ એક માસ ચાલે નહીં.
- અનાજમાં ઘઉંની સાથે બાજરી અને કઠોળ આપવાનું જણાવેલ છે.
- બજારભાવ કરતા રેશનીંગના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો તફાવત રાખવો જોઈએ.

...૩૮.

- કેરોસીન કાર્ડદીઠ માસિક ૧૦ લીટર આપવામાં આવે છે. જે રેશનીંગની દુકાનેથી ગામમાંજ મળે છે તેથી મુશ્કેલી પડતી નથી.
- ખાદ્યતેલ દર મહિને નિયમિત આપવું જોઈએ.

(૩) રાજકોટ :

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાંથી નીચેના ત્રણ ગામો પસંદ કરી તેનો અભ્યાસ કરવામાં આવેલ.

(અ) ભાડલા
(બ) લીલાપુર
(ક) વિરનગર

(અ) ભાડલા :

ભાડલા ગામની રેશનીંગની દુકાનમાં માત્ર ભાડલાનાજ કાર્ડ છે. આ દુકાનના કુલ કાર્ડધારકોની સંખ્યા ૫૨૫ છે. તેમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. એમાં ૩૪ કાર્ડ ધારકો સવર્ણ છે, ૬૪ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. ૨૧ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે અને ૨૧ કાર્ડ ધારકો અન્ય જાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- ભાડલા ગામની રેશનીંગની દુકાનનું સંચાલન વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.
- લાભાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેમને સરકાર તરફથી જે પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે તે પ્રમાણ મુજબ પુરવઠો મળતો નથી. મહિને ૧૦ થી ૧૫ કિલો અનાજ આપવામાં આવે છે. તો પૂરતો પૂરવઠો મળી રહે તેમ કરવું જોઈએ.





ખાંડ

- તેઓ જણાવે છે કે તેમને/વર્ષમાં બારેમાસ નિયમિત મળતી નથી. જે માસે આવી હોય ત્યારે લાવવાની રહી જાય તો પછી બીજા મહિનેથીજ મળે છે. અને બાકી રહેતા મહિનાની ખાંડ મળતી નથી.
- ભાવ ઓછો રાખવો જોઈએ. બજારભાવમાં અને રેશનીંગના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો તફાવત હોવો જોઈએ.
- અનાજ સારું આપવું જોઈએ.
- અનાજ/ખાંડના પ્રમાણમાં વધારો કરવાની જરૂર છે.
- કેરોસીન દર મહિને મળે છે. પણ પ્રમાણ વધારવાની જરૂર છે. ૫ લીટર કેરોસીન આખો માસ ચાલે નહીં.

(બ) લીલાપુર :

લીલાપુર ગામની રેશનીંગની દુકાનના કાર્ડ ધારકોમાંથી ૧૪૧ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૫૨ કાર્ડ ધારકો સવર્ણ છે. ૪૩ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. ૧૦ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે. અને ૩૬ કાર્ડ ધારકો અન્ય જાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- આ ગામની રેશનીંગની દુકાનનું સંચાલન સહકારી મંડળી ધ્વારા કરવામાં આવે છે.
- લાભાર્થીના જણાવ્યા પ્રમાણે તેમને દર મહિને જે પ્રમાણ નક્કી થયેલ છે. તેટલો પૂરવઠો મળતો નથી, પણ મહિને ૧૦ થી ૧૫ કિલોજ અનાજ મળે છે.
- ખાંડમાં પણ એવું જ છે. ૧૨ મહિને નિયમિત ખાંડ મળતી નથી.
- ખાંડનું પ્રમાણ ઘણા વર્ષોથી વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ છે, તે વધારવાની જરૂર છે.

- અનાજની ગુણવત્તા સુધારવાની જરૂર છે, જેવો ભાવ છે તે પ્રમાણે ગુણવત્તા જળવાતી નથી.
- અનાજમાં કચરો વધારે આવે છે. સાફ થયેલુ સારું અનાજ આપવું જોઈએ. ૨૦ કિલો ઘઉંમાં ૨ કિલો જેટલો કચરો નીકળે છે.
- કેરોસીન મળે છે ખરુ પણ તેનુ પ્રમાણ વધારવાની જરૂર છે તેમ જણાવે છે.

(૬) <u>વિસનગર</u> :

આ ગામની રેશનીંગની દુકાનના કુલ કાર્ડ ધારકોમાંથી ૧૪૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૩૩ કાર્ડધારકો બક્ષીપંચના છે. ૩૪ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે. અને ૭૩ કાર્ડ ધારકો અન્ય જાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જાણવામાં આવેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- અનાજ દર મહિને મળે છે પણ ૧૦ થી ૧૫ કિલો જ મળે છે. પ્રમાણ નક્કી થયા મુજબ મળતુ નથી. નિયમિત પ્રમાણ નક્કી થયા મુજબ મળે તેમ કરવુ જોઈએ.
- અનાજનુ પ્રમાણ વધારવુ જોઈએ.
- ખાંડનુ પ્રમાણ વધારવુ જોઈએ.
- સીંગતેલ નિયમિત રેશનમાં આપવુ જોઈએ.
- ભાવ ઓછા રાખવા જોઈએ.
- અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- નોકરી કરનારને પણ અનાજ આપવું જોઈએ.

....૪૧.



- રેશનીંગમાં બાજરી, કઠોળ આપવાનું શરૂ કરવું જોઈએ.
- કેરોસીન દર મહિને મળે છે પરંતુ પ્રમાણ વધારવાની જરૂર છે.

<u>દુષ્કાળગ્રસ્ત વિસ્તારના જાહેર વિતરણ વ્યવસ્થાના લાભાર્થીના સૂચનો</u> :

- એફ.એફ.એ અને આઈ.ટી.ડી.પી. યોજનામાં આપવામાં આવતા અનાજ ભાવમાં કોઈ તફાવત રાખવામાં આવેલ નથી. જો ભાવમાં તફાવત ન હોય તો એફ.એફ.એ. માટે ના કાર્ડ આપવાનો કોઈ અર્થ રહેતો નથી તેથી બન્ને યોજનામાં આપવામાં આવતા અનાજના ભાવમાં ૮ થી ૧૦ ટકાનો તફાવત રાખવો જોઈએ.
- અનાજનો પૂરવઠો પ્રમાણ નક્કી થયા પ્રમાણે મળતો નથી. તો પૂરતો પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવી.
- ખાંડ દર મહિને નિયમિત બધાજ લોકોને મળતી નથી, તો પૂરતો પૂરવઠો આપવો જોઈએ જેથી બધા લોકોને મળી રહે.
- અનાજ/ખાંડનુ પ્રમાણ વધારવાની જરૂર છે.
- નોકરીયાત વર્ગને અનાજ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- અનાજની ગુણવત્તા સુધારવાની જરૂર છે.
- અનાજમાં કચરો વધારે આવે છે. સાફ થયેલુ અનાજ આપવું જોઈએ.
- બજાર કિંમત કરતા રેશનીંગની દુકાનની કિંમતમાં ૧૫ થી ૨૦ ટકાનો તફાવત રાખવો જોઈએ.
- તેલ નિયમિત દર મહિને મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- પુરવઠો મહિનાની શરૂઆતની તારીખોમાં મળતો નથી. ૧૫ તારીખ પછી મળે છે. તો મહિનાની શરૂઆતથી મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- વ્યક્તિગત ધોરણે ચાલતી દુકાનો ઘણી વખત પૈસાના અભાવે પૂરતો પૂરવઠો લાવી શકતી નથી. આથી ગ્રાહકોને પૂરતો પૂરવઠો મળતો નથી. તેથી બહારથી અનાજ ખરીદવુ પડે છે.
- કેરોસીનનુ પ્રમાણ કાર્ડદીઠ વધારવાની જરૂર છે. ૫ લીટર આખો માસ ચાલી શકે નહીં.

....૪૨.

## પ્રકરણ – ૫

### જાહેર વિતરણ વ્યવસ્થા અને શહેરી વિસ્તારના લાભાર્થીઓ

#### શહેરી વિસ્તાર

| અ.નં. | જિલ્લો | વિસ્તાર |
| --- | --- | --- |
| ૧. | અમદાવાદ | (૧) ગોમતીપુર<br>(૨) સરસપુર/બાપુનગર<br>(૩) પરીક્ષીતનગર<br>(૪) નવાવાડજ |
| ૨. | લાભાર્થીના સૂચનો. | |

શહેરી વિસ્તાર :

અનાજના વિતરણ અંગેની માહિતી ભાવ પ્રમાણ (રાજ્ય સરકારની નીતિ)

આ યોજનાના મૂલ્યાંકન માટે અમદાવાદ શહેરના નીચેના વિસ્તારોમાં આ યોજનાની કામગીરીનો અભ્યાસ કરવામાં આવેલ, જેથી ગરીબ લોકો,મધ્યમવર્ગના લોકો બંધ મીલોના કામદારો વગેરેનું પ્રતિનિધિત્વ જાળવાઈ શકે.

(૧) ગોમતીપુર

(૨) સરસપુર/બાપુનગર

(૩) પરિક્ષિતનગર

(૪) નવા વાડજ.

(૧) ગોમતીપુર :

ગોમતીપુર વિસ્તારમાંથી અનુસૂચિત જાતિના ૧૫૦ કાર્ડ ધારકોની પસંદગી કરી તેમની મુલાકાત લેવામાં આવેલ. મુખ્યત્વે તેમનો વ્યવસાય મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતાં નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- લાભાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેમને મહિનાની આખરમાં પુરવઠો મળે છે, ત્યારે તેમની પાસે પૈસા હોતા નથી. કેટલાક પાસે પૂરતા પૈસા હોતા નથી. તેથી પૂરેપૂરો પુરવઠો ખરીદી શકતા નથી.
- અનાજની ગુણવત્તા સારી આવતી નથી અને કિંમત વધારે હોય છે. માલની ગુણવત્તા સુધારવી જોઈએ.
- ખાંડનું પ્રમાણ ખૂબ ઓછું છે. તે વધારવું જોઈએ.
- દુકાનદાર હલકી ગુણવત્તાવાળું અનાજ નમૂનાની ડબ્બીમાં ભરી રાખે છે. અને તે બતાવે છે તેથી ગ્રાહક ખરીદતા નથી. તેથી દુકાનદાર કાળાબજારમાં વેચી શકે છે.
- એફ.એફ.એ.નું પ્રમાણ વધારવું જોઈએ તથા ભાવ ઓછા રાખવા જોઈએ.

(૨) સરસપુર/બાપુનગર :

સરસપુર અને બાપુનગર વિસ્તારમાંથી કુલ ૧૪૭ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૧૦૨ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે, ૨૨ કાર્ડ ધારકો બક્ષીપંચના છે અને ૨૩ કાર્ડ ધારકો સવર્ણ જાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે મજૂરી, નોકરી, ધંધો કરવાનો જણાયેલ છે. આ ૧૪૭માંથી ૮૯ કાર્ડ ધારકો બંધ મીલ કામદારો છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- રાહતના કાર્ડની આવકની મર્યાદામાં વધારો કરવો જોઈએ.
- એફ.એફ. એ. નું પ્રમાણ વધારવું જોઈએ. વ્યક્તિદીઠ માત્ર ૫૦૦ ગ્રામ ચોખા, ૨ કિ. ૫૦૦ ગ્રામ ઘઉં અને ૪૦૦ ગ્રામ ખાંડ એક વ્યક્તિને આખો માસ ચાલે નહિં.
- રેશનીંગના ભાવ બજારની સરખામણીમાં ઓછા રાખવા જોઈએ.

....૪૪.



- દર મહિને સીંગતેલ રેશનીંગમાં આપવું જોઈએ.
- ખાંડનું પ્રમાણ વધારવું જોઈએ.
- દર માસે કાર્ડ દીઠ ૪૦ કિલો ઘઉં અને ૪૦ કિલો ચોખા આપવા જોઈએ.
- અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- મહિનાની શરૂઆતની તારીખોમાં પૂરવઠો ગ્રાહકને મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- દુકાનદારને તેમનો પૂરવઠો મહિનાની શરૂઆતમાં ઉપાડવા ફરજ પાડવી જોઈએ.
- કેરોસીન મેળવવામાં ખૂબ મુશ્કેલી પડે છે. ધક્કા થાય છે. દરેક ગ્રાહકો ને તેના પ્રમાણનું કેરોસીન આખોમાસ સુધી ખરીદવાની છૂટ આપવી જોઈએ. જેથી ગ્રાહક પાસે પૈસા હોય ત્યારે તેના ભાગનું કેરોસીન લાવી શકે ને વેપારી કાળાબજાર કરતા બંધ થાય.
- કેરોસીનનું પ્રમાણ વધારવાની જરૂર છે.

(૩) પરીક્ષિત નગર:

પરીક્ષિત નગરમાંથી ૧૫૧ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૮૭ કાર્ડધારકો અનુસૂચિત જાતિના છે. ૩૨ કાર્ડધારકો બક્ષીપંચના છે. ૨૮ કાર્ડ ધારકો સવર્ણ છે. અને ૪ કાર્ડ ધારકો અન્ય જ્ઞાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- લાભાર્થીના જણાવ્યા પ્રમાણે દુકાનદાર આખર તારીખમાં માલ લાવે છે. તેથી ગ્રાહક ખરીદી શકતા નથી. ૧ થી ૧૦ તારીખ સુધીમાં ગ્રાહકને માલ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. કેમકે આ તારીખોમાં ગ્રાહક આખા માસની ખરીદી કરતો હોય છે. તેમને આ દિવસોમાં પગાર મળતો હોય છે.

....૪૫.

- અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- ખાંડનુ પ્રમાણ વધારવું જોઈએ.
- રેશનીંગમાં ઘઉં, ચોખાની સાથે બીજી જીવન જરૂરી ખાદ્યસામગ્રી આપવી જોઈએ.
- સીંગતેલ કાર્ડદીઠ ૨ કિલો દર મહિને મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- કેરોસીન દર મહિને મળે છે. પણ ધક્કા ખૂબ ખાવા પડે છે. તેથી ગ્રાહકને આખો માસ કેરોસીન મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જેથી ગ્રાહક પોતાની પાસે પૈસા હોય ત્યાર પોતાના ભાગનુ કેરોસીન લાવી શકે. અને વેપારી કાળાબજાર કરતા બંધ થાય. કેરોસીનનુ પ્રમાણ વધારવાની જરૂર છે. જેથી બહારથી કાળાબજારનું કેરોસીન ગ્રાહકને ખરીદવુ ન પડે.

(૪) <u>નવા વાડજ</u> :

નવા વાડજ વિસ્તારમાંથી ૧૫૦ કાર્ડ ધારકોની મુલાકાત લેવામાં આવેલ. તેમાં ૪ કાર્ડ ધારકો અનુસૂચિત જાતિના છે. ૩૧ કાર્ડ ધારકો બક્ષીપંચના છે. ૧૦૫ કાર્ડ ધારકો સવર્ણ છે. અને ૧૦ કાર્ડધારકો અન્ય જાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમને આપવામાં આવતા અનાજ/ખાંડ અને ખાદ્યતેલ અંગે પૂછપરછ કરતા નીચેની માહિતી તથા અભિપ્રાય જાણવા મળે છે.

- વ્યક્તિદીઠ આપવામાં આવતા પૂરવઠાનુ પ્રમાણ વધારવુ જોઈએ.
- અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- બજારની કિંમતમાં અને રેશનીંગની કિંમતમાં ખાસ તફાવત રહેતો નથી. ૨૦ થી ૨૫ ટકાનો ભાવમાં ફેર રાખવો જોઈએ.
- રેશનીંગમાં નિયમિત સીંગતેલ આપવાનુ શરૂ કરવું જોઈએ.
- ચોખા અને ઘઉંની સાથે કઠોળ આપવાનું શરૂ કરવુ જોઈએ. અન્ય જીવન જરૂરિયાતની ચીજવસ્તુ મળે તેવી ગોઠવણ કરવી જોઈએ.

...૪૬..



- મહિનાની શરૂઆતમાં પૂરવઠો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- ખાંડનુ પ્રમાણ ઘણા વખતથી વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ છે તે વધારવુ જોઈએ.
- કેરોસીનનું પ્રમાણ વધારવુ જોઈએ અને ગ્રાહકને આખો માસ કેરોસીન મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જેથી દુકાનદાર કાળાબજાર કરી ન શકે.
- રેશનીંગની પ્રાઈવટ દુકાનો બંધ કરવી જોઈએ ને સરકારે અથવા સહકારી મંડળીએ તેનો વહીવટ કરવો જોઈએ.

<u>શહેરી વિસ્તારના લાભાર્થીના સૂચનો</u> :

- મહિનાની આખર તારીખમાં પૂરવઠો મળે છે. ત્યારે ગ્રાહક પાસે પૈસા હોતા નથી. તેથી ગ્રાહક પૂરતો પૂરવઠો લાવી શકતો નથી. મહિનાના શરૂઆતની તારીખોમાં પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવા જોઈએ.
- અનાજની ગુણવત્તા સારી આવતી નથી અને કિંમત વધારે હોય છે. જ્યારે તેની સરખામણીમાં બજારમાં સારી ગુણવત્તાવાળુ અનાજ મળી રહે છે. તેથી અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- અનાજમાં કાંકરા/ કસ્તરનુ પ્રમાણ વધારે આવે છે. અનાજ સાફ થયેલું હોવુ જોઈએ.
- ગુણવત્તા જોયા પછી ગુણવત્તા પ્રમાણે ભાવ રાખવો જોઈએ.
- અનાજનું પ્રમાણ વધારવું જોઈએ. કાર્ડદીઠ ૪૦ કિલો ઘઉં અને ૪૦ કિલો ચોખા આપવા જોઈએ.
- ખાંડનુ પ્રમાણ વધારવુ જોઈએ. વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ ખાંડ આખોમાસ ચાલે નહિ.
- દુકાનદાર અમુક ખરાબ ગુણવત્તાવાળું અનાજ નમુના રૂપે રાખે છે. પરિણામે ગ્રાહકો ખરીદી શકતા નથી પછી દુકાનદાર કાળાબજાર કરે છે.
- દુકાનદાર મહિનાની શરૂઆતની તારીખમાં પુરવઠો લાવતા નથી. આખરમાં લાવે છે જેથી આખર તારીખમાં લાભાર્થી પાસે પૈસા હોતા નથી અગર ઓછા હોય છે. તેથી પુરવઠો લાવી શકતા નથી ને દુકાનદારને કાળાબજાર કરવાની તક મળે છે. મહિનાના શરૂઆતમાં દરેક દુકાનદારને પુરવઠો લઈ જવાની ફરજ પાડવી જોઈએ.

....૪૭.

- એફ. એફ. એ. નુ પ્રમાણ વધારવુ જોઈએ. માત્ર વ્યક્તિદીઠ ૫૦૦ ગ્રામ ચોખા ૨.૫૦૦ ગ્રામ ઘઉં ૪૦૦ ગ્રામ ખાંડ આખો માસ ચાલી શકે નહીં.

- એફ. એફ. એ. ની કિંમત ઘટાડવી જોઈએ અથવા આ યોજના બંધ કરવી જોઈએ. તેની જગ્યાએ આઈ.ટી.ડી.પી. અથવા ડી.પી.એ.પી. જેવી યોજના શહેરમાં ચાલુ કરવી જોઈએ. જેથી મધ્યમવર્ગ સરળતાથી અનાજ ખરીદી શકે.

- રેશનીંગના ભાવ તથા બજારના ભાવમાં સામાન્ય તફાવત રહેતો હોવાથી લોકો રેશનીંગમાંથી ખરીદી કરતા નથી. તેથી બજારભાવ કરતા રેશનીંગનો ભાવ ૨૦ થી ૨૫ ટકા ઓછો રાખવો જોઈએ.





## પ્રકરણ - ૬

## સર્વ માટે અન્ન યોજના (એફ.એફ.એ.)

જાહેર વિતરણ વ્યવસ્થા નીચે સમાજના આદિવાસી વિસ્તારના લોકો, રણ વિસ્તારના લોકો, દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારના લોકોની સાથોસાથ જેમની આવક ઓછી છે એટલે કે જેમની વાર્ષિક આવક રુા.૫,૦૦૦/- (હાલમાં સુધારો કરી રુા.૧૧,૦૦૦/- થાય છે.) કે તેથી ઓછી છે તેમને માટે એક નવી યોજના - સર્વ માટે અન્ન યોજના તા.૧-૫-૮૫થી ચાલુ કરી છે. જેમાં જાહેર વિતરણ વ્યવસ્થામાં અનાજ વગેરેના ભાવો છે તે ભાવથી પણ ઓછા ભાવે આવા લાભાર્થીઓને અનાજ વગેરે અપાય છે.

અભ્યાસ દરમિયાન આવા કુટુંબો અંગે અલગ કોઈ તપાસ કરી નથી પરંતુ સર્વેક્ષણ દરમિયાન જિલ્લાવાર જે કુટુંબો ભર્યાં તેમાંથી રુા.૫,૦૦૦/-થી ઓછી આવકમાં આવતા કેટલા લાભાર્થીઓ છે તેની સંખ્યા નીચે મુજબ જોવા મળી હતી.

| ક્રમ | જિલ્લાનુ નામ | કુલ આવરી લીધેલ કુટુંબો | ૫૦૦૦થી ઓછી આવકવાળા કુટુંબો |
|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪૨૪ | ૧૦૫ |
| ૨. | પંચમહાલ | ૪૧૯ | ૧૦૩ |
| ૩. | બનાસકાંઠા | ૪૧૮ | ૯૭ |
| ૪. | ડાંગ | ૪૨૦ | ૧૦૨ |
| ૫. | સુરત | ૪૧૮ | ૧૦૫ |
| ૬. | કચ્છ | ૪૨૦ | ૮૪ |
| ૭. | સુરેન્દ્રનગર | ૪૨૦ | ૮૯ |
| ૮. | રાજકોટ | ૪૨૧ | ૮૫ |
| ૯. | અમદાવાદ (જિલ્લો) | ૪૩૯ | ૫૬ |
| ૧૦. | અમદાવાદ (શહેર) | ૫૯૮ | ૧૦૯ |
| | કુલ | ૪૩૯૩ | ૯૩૫ (૨૧.૯૮%) |

ઉપરોક્ત વિગતો જોતા ખ્યાલ આવશે કે ૪૩૯૩ માંથી ૯૭૫ (૨૧.૯૮ ટકા) લાભાર્થી કુટુંબોની આવક રૂા.૫,૦૦૦ થી ઓછી છે. આ ઓછી આવક ધરાવતા લાભાર્થીઓ માટે જે યોજના ચાલી રહી છે તે સંદર્ભમાં જિલ્લાવાર લાભાર્થીઓનો શું અભિપ્રાય છે, તે અહીં બતાવવા પ્રયત્ન કર્યો છે. આમાં કેટલાક સૂચનો કે મંતવ્યો પુન: પુન: આવે છે, પરંતુ ખરેખર જિલ્લાવાર શું સ્થિતિ છે તે વધુ સ્પષ્ટ બને તેને નજરમાં રાખી જિલ્લાવાર વિગતો મૂકી છે.

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :**

આદિવાસી વિસ્તાર)

(૧) એફ.એફ.એ. અને આઈ.ટી.ડી.પી. બંને યોજનાનો ભાવ સરખો રાખવામાં આવે છે. જેથી એફ.એફ.એ.ના લાભાર્થીને પૂરવઠો ખરીદવામાં મુશ્કેલી પડે છે. તો એફ.એફ.એ. યોજનાનો ભાવ આઈ.ટી.ડી.પી. યોજના કરતા ઓછો રાખવો જોઈએ.

(૨) એફ.એફ.એ. યોજનાના લાભાર્થીને વ્યક્તિદીઠ ૨.૫૦૦ ઘઉં અને ૫૦૦ ગ્રામ ચોખા આપવામાં આવે છે. જે ૧ વ્યક્તિને આખોમાસ ચાલે નહીં. આથી વ્યક્તિદીઠ આપવામાં આવતા પૂરવઠાનું પ્રમાણ વધારવું જોઈએ.

(૩) અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.

(૪) ભાવ બજાર કરતાં ૨૫ થી ૩૦ ટકા ઓછો રાખવો જોઈએ.

(૫) ખાદ્યતેલ નિયમિત આપવું જોઈએ.

(૬) ખાંડ વ્યક્તિદીઠ ૪૦૦ ગ્રામ મળે છે. તેનું પ્રમાણ વધારવું જોઈએ.

(૭) અનાજમાં કચરો વધારે આવે છે, સાફ કરેલું અનાજ આપવું જોઈએ.

(૮) કેરોસીન કાર્ડદીઠ મહિને ૫ લીટર આપવામાં આવે છે તે ૧૦ લિટર આપવું જોઈએ.

(૯) અનાજમાં મકાઇ આપવામાં આવે તો સારું તેમ લાભાર્થીઓ જણાવે છે.

...૫૦..



**પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :**

(આદિવાસી વિસ્તાર)

(૧) આઈ.ટી.ડી.પી. અને એફ.એફ.એ. બંને યોજનાનો ભાવ સરખો રાખવામાં આવે છે. ભાવ એફ.એફ.એ. નો ઓછો રાખવો જોઈએ.

(૨) અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.

(૩) ખાંડનું પ્રમાણ વધારવું જોઈએ.

(૪) એફ.એફ.એ. યોજનાનું પ્રમાણ અને આઇ.ટી.ડી.પી.યોજનાનું પ્રમાણ સરખુ રાખવું જોઈએ.

(૫) અનાજમાં કસ્તર વધારે આવે છે, સારુ સાફ અનાજ આપવું જોઈએ.

(૬) ખાદ્યતેલ નિયમિત આપવું જોઈએ.

(૭) ભાવ બજાર કરતાં ઓછો રાખવો જોઈએ. ૨૫ થી ૩૦ ટકાનો ફેર હોવો જોઈએ.

(૮) ગ્રાહકને પૂરવઠો નિયમિત આખો માસ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) કેરોસીનનું પ્રમાણ વધારવું જોઈએ. ૫ લીટર કાર્ડદીઠ મહિને મળે છે.

(૧૦) અનાજમાં ઘઉંની સાથે મકાઇ પણ આપવી જોઈએ.

**બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :**

(રણ વિસ્તાર)

(૧) એફ.એફ.એ. યોજનામાં આપવામાં આવતા અનાજનું પ્રમાણ ઘણું ઓછું છે. વ્યક્તિદીઠ ૨-૫૦૦ ઘઉં અને ૫૦૦ ગ્રામ ચોખા ૧ વ્યક્તિને આખો માસ ચાલે નહિ તેથી પ્રમાણ વધારવું જોઈએ. વ્યક્તિદીઠ ૮ કિલો ઘઉં અને ૫ કિલો ચોખા આપવા.

(૨) બજારની સરખામણીમાં ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો તફાવત રાખવો જોઈએ.

(૩) ગુણવત્તા સુધારવી જોઈએ.

(૪) લાલ ઘઉં આપવામાં આવે છે તે ન આપવા જોઈએ.

...૫૧.

(૫) ખાંડનું પ્રમાણ વધારવું જોઈએ.

(૬) પામોલીન તેલ અને બજારમાં મળતા રાયડાના તેલના ભાવમાં તફાવત રહેતો નથી. પામોલીન ૨૭ રુપિયે ૧ કિલો મળે છે. તો રાયડાનું તેલ ૨૮ રુપિયે ૧ કિલો મળે છે. કિલોએ ૫ થી ૬ રુપિયાનો ભાવમાં તફાવત રાખવો જોઈએ.

(૭) કેરોસીન ૫ લીટર કાર્ડદીઠ માસિક આપવામાં આવે છે. ૧૦ લીટર આપવું જોઈએ.

**ડાંગ જિલ્લાના આહવા તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :**

(આદિવાસી વિસ્તાર)

(૧) એફ.એફ.એ. અને આઈ.ટી.ડી.પી. બંને યોજનાનું વ્યકિતદીઠ પ્રમાણ સરખુ કરવાની જરૂર છે.

(૨) બંને યોજનાનો ભાવ એકજ રાખવામાં આવે છે. એફ.એફ.એ. નો ભાવ આઈ.ટી.ડી.પી. યોજના કરતા ઓછો રાખવો.

(૩) ખાંડનું પ્રમાણ વધારવું.

(૪) અનાજની ગુણવત્તા સુધારવી.

(૫) અનાજમાં ઘઉંના સાથે મકાઈ આપવી. લોકોનો (લાભાર્થી)નો મુખ્ય ખોરાક મકાઈ છે. તેથી મકાઈ આપવામાં આવે તો સારું.

(૬) અનાજ સાફ થયેલુ આપવુ જોઈએ.

(૭) દુકાનો પૂરવઠો હોય ત્યારેજ ખુલ્લી રાખવામાં આવે છે. દુકાન કાયમ ખુલ્લી રહે તેવી વ્યવસ્થા કરવી.

(૮) ભાવ વધારે હોય છે તેમની પાસે પૂરતા પૈસા હોતા નથી. આથી પૂરવઠો પૂરતો ખરીદી શકતા નથી અને દુકાનદાર કાળાબજાર કરવા પ્રેરાય છે.

(૯) કેરોસીન મહિને ૫ લીટર જ મળે છે. ૧૦ લીટર આપવું જોઈએ. દુકાનદાર ફેરિયા ભાવ વધારે લે છે. તે બંધ કરવા જોઈએ.

(૧૦) ખાદ્યતેલ નિયમિત આપવુ જોઈએ. ભાવ ઓછો રાખવો જોઈએ જેથી લાભાર્થી ખરીદી શકે.

....૫૨.



**સુરત જિલ્લાની સોનગઢ તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :**

(આદિવાસી વિસ્તાર)

(૧) એફ.એફ.એ.ના લાભાર્થીને માસિક ૨.૫૦૦ ઘઉં અને ૫૦૦ ગ્રામ ચોખા વ્યકિતદીઠ આપવામાં આવે છે. જે ઓછા પડે છે, પ્રમાણ વધારવું જોઈએ.

(૨) એફ.એફ.એ. અને આઈ.ટી.ડી.પી. યોજનાનું પ્રમાણ એક સરખું કરવું જોઈએ, કેમકે ભાવમાં તફાવત રાખવામાં આવતો નથી.

(૩) એફ.એફ.એ. યોજનાના ભાવમાં તફાવત ન રાખવો હોય તો યોજના બંધ કરી બધાને આઈ.ટી.ડી.પી. ના કાર્ડ આપી દેવા જોઈએ જેથી લાભાર્થી વધુ અનાજ ખરીદી શકે.

(૪) બજારભાવ કરતા રેશનીંગના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો તફાવત રાખવો જોઈએ.

(૫) અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.

(૬) ખાંડ વધારે આપવી જોઈએ.

(૭) અનાજનું પ્રમાણ વધારવું જોઈએ.

(૮) ઘઉંની સાથે જુવાર આપવાની શરૂ કરવી જોઈએ. કેમેક અહીંના લોકોનો મુખ્ય ખોરાક જુવાર છે.

(૯) અનાજમાં કચરો વધારે આવતો હોવાથી મોંઘુ પડે છે. સાફ થયેલુ બજારમાં મળે છે. તેથી ગુણવત્તાવાળુ અનાજ આપવું જોઈએ.

(૧૦) કેરોસીન કાર્ડદીઠ ૫ લીટર મળે છે તેમાં પણ ભાવ વધાર આપવો પડે છે. પ્રમાણ વધારી દરેક લાભાર્થીને નિયત દરે કેરોસીન મળે તેવી વ્યવસ્થા કરવી.

...૫૩.

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :

(રણ વિસ્તાર)

(૧) ડી.પી.એ.પી. અને એફ.એફ.એ. યોજનાનો ભાવ એક સરખો રાખવામાં આવે છે. એફ.એફ.એ. યોજનાનો ભાવ ઓછો રાખવો જોઈએ.

(૨) ડી.પી.એ.પી. અને એફ.એફ.એ યોજનાનું પ્રમાણ અલગ રાખવામાં આવે છે. બંને યોજનાનું પ્રમાણ સરખુ રાખવું જોઈએ.

(૩) એફ.એફ.એ. યોજનાના કાર્ડ વધારે જમીન હોય તેમને કાઢી આપવામાં આવેલા છે. જેમની પાસે જમીન ઓછી છે તેમને યોજના અંગે પૂરી જાણકારી ન હોવાથી લાભ થતો નથી. આથી આ યોજના બંધ કરવાની જરૂર છે.

(૪) અનાજમાં કસ્તર વધારે આવે છે. સાફ થયેલુ બજાર જેવું અનાજ આપવું.

(૫) બજાર કરતાં ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો ફેર રાખવો.

(૬) ખાંડનું પ્રમાણ વધારવું.

(૭) પૂરવઠો મહિનાની શરૂઆતથી આખર સુધી મળે તેવી વ્યવસ્થા કરવી.

(૮) ખાદ્યતેલ નિયમિત આપવું/ ભાવ ઓછો રાખવો.

(૯) કેરોસીનમાં લીટરે દુકાનદાર ૨૫ પૈસા વધારે લે છે જે બંધ કરાવવા જોઈએ.

(૧૦) કેરોસીનનું પ્રમાણ વધારવું જોઈએ.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :

(દુષ્કાળગ્રસ્ત વિસ્તાર)

(૧) એફ.એફ.એ.ના લાભાર્થીને આપવામાં આવતા અનાજના પૂરવઠાનું પ્રમાણ વધારવાની જરૂર છે. વ્યક્તિદીઠ ૪ કિલો ચોખા અને ૮ કિલો ઘઉં આપવા જોઈએ.

(૨) ડી.પી.એ.પી. અને એફ.એફ.એ. યોજનાનો ભાવ સરખો રાખવામાં આવે છે. તેથી એફ.એફ.એ. યોજનાનો કોઈ અર્થ રહેતો નથી. ભાવ ઓછો રાખે તો લાભાર્થીને લાભ થાય.

...૫૪..



(૩) લાલ ઘઉં આપવાના બંધ કરી દેવા જોઈએ.

(૪) અનાજની ગુણવત્તા સુધારવી.

(૫) ચોખામાં ઘઉંમાં કાંકરી/કસ્તર વધારે આવે છે, સારુ બજાર જેવું અનાજ આપવું.

(૬) બજારની સરખામણીમાં ભાવમાં ફેર રાખવો જોઈએ. ૨૦ થી ૨૫ ટકા ભાવ ઓછો રાખવો.

(૭) ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે. વ્યક્તિદીઠ ૮૦૦ ગ્રામ આપવી જોઈએ.

(૮) સીંગતેલ કાર્ડદીઠ ૨ કિલો નિયમિત આપવું જોઈએ. બજાર કરતાં ભાવમાં કિલોએ ૨ થી ૩ રુપિયાનો ફેર રાખવો.

(૯) કેરોસીન કાર્ડદીઠ પહેલા ૫ લીટર મળતુ હવે ૧૦ લીટર આપે છે. પાછુ ૫ લીટર આપવાનું શરૂ ન થાય તે માટે વ્યવસ્થા કરવી.

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :

(દુષ્કાળગ્રસ્ત વિસ્તાર)

(૧) એફ.એફ.એ. અને આઈ.ટી.ડી.પી. યોજનામાં આપવામાં આવતા અનાજના ભાવમાં તફાવત રાખવામાં આવતો નથી. જો ભાવમાં તફાવત ન રાખવો હોય તો એફ.એફ.એ. ના કાર્ડ આપવાનો કોઈ અર્થ રહેતો નથી.

(૨) એફ.એફ.એ. અને આઈ.ટી.ડી.પી. યોજનાના ભાવમાં ૮ થી ૧૦ ટકાનો તફાવત રાખવો.

(૩) એફ.એફ.એ. અને આઈ.ટી.ડી.પી.નું પ્રમાણ સરખુ રાખવું.

(૪) અનાજનું પ્રમાણ નક્કી થયા મુજબ ગ્રાહકને (લાભાર્થીને) મળતુ નથી, મળે તેવી વ્યવસ્થા કરવી.

(૫) ખાંડનું / અનાજનું પ્રમાણ વધારવું.

(૬) અનાજની ગુણવત્તા સુધારવી.

....૫૫.

(૭) મહિનાની શરૂઆતથી મહિનાની આખર તારીખ સુધી લાભાર્થીને દુકાનેથી પુરવઠો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી. ૧ થી ૫ તારીખમાં પૂરવઠો મળતો નથી.

(૮) કેરોસીન મહિને કાર્ડદીઠ ૫ લીટર આપવામાં આવે છે. જે આખો માસ ચાલતુ નથી. કાર્ડદીઠ માસિક ૧૫ લીટર કેરોસીન આપવું જોઈએ.

**અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાંથી એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો : (દુષ્કાળગ્રસ્ત વિસ્તાર)**

(૧) એફ.એફ.એ. અને ડી.પી.એ.પી. યોજનાના ભાવમાં તફાવત રાખવામાં આવતો નથી. એફ.એફ.એ. યોજનાનો ભાવ ઓછો રાખવો જોઈએ.

(૨) એફ.એફ.એ. યોજનામાં આપવામાં આવતા અનાજનું પ્રમાણ વધારવાની જરૂર છે. વ્યકિતદીઠ ૨.૫૦૦ ગ્રામ ઘઉં અને ૫૦૦ ગ્રામ ચોખા આપવામાં આવે છે, જે પ્રમાણ ખૂબ ઓછું છે. ડી.પી.એ.પી. યોજના જેટલું પ્રમાણ કરવું જોઈએ.

(૩) અનાજમાં ઘઉં, ચોખા ઉપરાંત બીજી જીવન જરૂરી વસ્તુઓ આપવી જોઈએ. કઠોળ, દાળ, વિગેરે.

(૪) અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.

(૫) આખો માસ ગ્રાહકને પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) લાલ ઘઉં આપવામાં આવે છે તે બંધ કરવા જોઈએ. ચોખા સારા આપવા જોઈએ. કણકી વધારે આવે છે.

(૭) અનાજમાં કસ્તરનું પ્રમાણ વધારે આવે છે તેથી લાભાર્થીને અનાજ મોંઘુ પડે છે.

(૮) ખાંડનું પ્રમાણ વધારવાની જરૂર છે.

(૯) ખાદ્યતેલ નિયમિત આપવું જોઈએ. બજાર કરતા ભાવ ઓછો રાખવો જોઈએ. કિલોએ ૭ થી ૮ રૂપિયા ઓછો.

(૧૦) કેરોસીન કાર્ડદીઠ માસિક ૫ લીટર આપવામાં આવે છે. લાભાર્થીઓએ ૧૦ લીટર માસિક કેરોસીન મળે તેવી વ્યવસ્થા કરવા જણાવેલ છે.

...૫૬.



**અમદાવાદ શહેરી વિસ્તારના એફ.એફ.એ.ના લાભાર્થીઓએ કરેલા સૂચનો :(શહેરી વિસ્તાર)**

(૧) એફ.એફ.એ. યોજનાનું પ્રમાણ વધારવું જોઈએ. વ્યકિતદીઠ ૨.૫૦૦ ગ્રામ ઘઉં અને ૫૦૦ ગ્રામ ચોખા આપવામાં આવે છે જે આખો માસ ચાલી શકે નહીં.

(૨) એફ.એફ.એ.ની કિંમત આઈ.ટી.ડી.પી. અને ડી.પી.એ.પી. કરતા ઓછી રાખવી જોઈએ.

(૩) ૧ થી ૧૦ તારીખ સુધી દુકાનમાં પુરવઠો રાખવો જોઈએ. જેથી લાભાર્થી ખરીદી શકે. લાભાર્થીનો પગાર ૧ થી ૧૦ તારીખમાં થતો હોય છે. મોટેભાગે ૧ થી ૧૦ તારીખમાં દુકાનમાં પુરવઠો હોતો નથી.

(૪) દુકાનદાર મહિનાની શરૂઆતમાં જાણીને પુરવઠો લાવતા નથી. આખરમાં લાવે છે. ત્યારે લાભાર્થી પાસે પૈસા હોતા નથી અને તેમને કાળાબજાર કરવાની તક મળે છે.

(૫) અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.

(૬) અનાજ બજારમાં મળે છે તેવું ઓછા કચરાવાળુ આપવું જોઈએ.

(૭) બજારની સરખામણીમાં ભાવ ૨૫ થી ૩૦ ટકા ઓછો રાખવો.

(૮) ખાંડનું પ્રમાણ વધારી ૮૦૦ ગ્રામ કરવું.

(૯) સીંગતેલ નિયમિત બે થી ત્રણ કિલો આપવું. બજારભાવ કરતાં કિલોએ ૪ થી ૫ રુપિયા ભાવ ઓછો રાખવો.

(૧૦) કેરોસીન નિયમિત મળતુ નથી. ધક્કા ખાવા પડે છે. દુકાનદાર ઓછુ ભરે છે. ક્યારેક તંગી પડે તો ભાવ વધારે આપવો પડે છે. કાયમ નિયમિત દરેક લાભાર્થીને કેરોસીન મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

...૫૭.

## પ્રકરણ - ૭

## ફરતી દુકાન ધ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા

### ફરતી દુકાન :

દુર્ગમ અને ઊંડાણવાળા વિસ્તારોમાં વસતા પ્રજાજનોને જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓનું અંકુશીત તથા બીન અંકુશીત વિતરણ વ્યાજબી ભાવે અને સહેલાઈથી ઉપલબ્ધ બને તે માટે ફરતી દુકાનની યોજના હાથ ધરવામાં આવેલ છે.

હાલ નાગરિક પુરવઠા મારફતે રાજ્યમાં ૩૧ ફરતી દુકાનો ધ્વારા જુદા જુદા વિસ્તારોને આ યોજનાનો લાભ મળે છે.

ફરતી દુકાનની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે સાબરકાંઠા જિલ્લાની પસંદગી કરવામાં આવેલ. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહમા તાલુકાની ફરતી દુકાનનો અભ્યાસ કરવા માટે ખેડબ્રહમા તાલુકાના નીચેના ગામોની મુલાકાત લેવામાં આવેલ.

(૧) મટોડા

(૨) ખેરોજ

(૩) લક્ષ્મીપુરા

ઉપરોકત ત્રણે ગામની વસ્તીના કુટુંબોમાંથી ૪૨૦ કુટુંબોની મુલાકાત લેવામાં આવેલ. આ ૪૨૦ કુટુંબોમાંથી ૨૩૭ કુટુંબો અનુસૂચિતજાતિના છે, ૯૭ કુટુંબો બક્ષીપંચના છે. અને ૧૮૬ કુટુંબો અન્ય જાતિના છે. તેમનો વ્યવસાય મુખ્યત્વે ખેતી, મજૂરી, નોકરી અને ધંધો કરવાનો જણાયેલ છે.

ખેડબ્રહમા તાલુકાની ફરતી દુકાનની કામગીરીની વિગતો ત્યાંના સ્થાનિક અધિકારીઓ તથા કાર્ડધારકો પાસેથી મેળવવામાં આવતા નીચે મુજબનું ચિત્ર જોવા મળ્યુ હતું.

ખેડબ્રહમા તાલુકાના સ્થાનિક અધિકારી ધ્વારા જાણવા મળ્યું કે અમારા જિલ્લામાં ફરતી દુકાન ખેડબ્રહમા, ભીલોડા અને વિજયનગરમાં ચાલે છે. તેમાં ખેડબ્રહમા તાલુકાના બધાજ ગામો સસ્તા અનાજની દુકાન સાથે સાંકળી લેવામાં આવ્યા છે. એક પણ ગામ બાકાત રખાયું

...૫૮.

નથી. ખેડબ્રહ્મા તાલુકામાં ફરતી દુકાન ચાલે છે ખરી પણ તે કાર્ડ ઉપર વિતરણ કરતી નથી. જે માલ વેચે છે તે નોન રેશનીંગનો માલ વેચે છે. આ દુકાન ખેડબ્રહ્મા તાલુકાના ૬૦ ગ્રામ અને ઇડર તાલુકાના ૨૦ ગામ એમ કુલ ૮૦ ગામોને આવરી લે છે. તેનો રૂટ નકકી કર્યા મુજબ તે મહિને ૮૦ ગામને બે વખત આવરી લે છે. ૧૫ દિવસે તેનો એક રાઉન્ડ પૂરો થાય છે. આમ મહિનામાં બે વખત એક ગામમાં ફરતી મોબાઇલવાન જાય છે.

ફરતી દુકાનના ભાવમાં અને બજારના ભાવમાં ૧૫%નો ફેર હોય છે એટલે કે બજારભાવ કરતા ફરતી દુકાનનો ભાવ ૧૫% ઓછો હોય છે. પરંતુ આ ફેર દરેક વસ્તુમાં નથી હોતો. ૭૦% વસ્તુમાં ભાવ ઓછો હોય છે તો ૩૦% વસ્તુમાં બજારભાવ કરતા ભાવ વધારે હોય છે. આથી વેચાણ કરવામાં મુશ્કેલી પડે છે અને વેચાણ ઓછુ થાય છે તેથી નફો ઘટે છે.

ફરતી દુકાન દ્વારા અત્યારે જે વેચાણ કરવામાં આવે છે તેમાં મહિને માંડ ૫ થી ૬ હજારનો વકરો થાય છે તેથી હવે સસ્તા અનાજની દુકાનમાં જ માલ ઉતારવામાં આવે છે. દુકાનમાં રેશનીંગ અને નોન રેશનીંગનો પુરવઠો અલગ રાખવામાં આવે છે. પહેલા ગ્રાહકને મહિને બે જ વખત ફરતી દુકાન ગામમાં જાય ત્યારે જ લાભ મળતો હતો. હવે સસ્તા અનાજની દુકાનેથી ગ્રાહકને જ્યારે જોઇએ ત્યારે માલ મળી શકે છે. રેશનીંગની દુકાનમાં મહીને ૧,૨૫,૦૦૦ નો માલ ફરતી દુકાન દ્વારા વેચવામાં આવે છે.

<u>લાભાર્થીના સૂચનો :</u>

- ફરતી દુકાન પંદર દિવસે એક વખત આવે છે. જ્યારે વસ્તુની ખરીદી રોજ થોડીઘણી તો કરવીજ પડે છે. ૧૫ દિવસની વસ્તુ સાથે ખરીદવાના પૈસા પણ હોતા નથી. આથી બહારથી વસ્તુ ખરીદવી પડે છે.
- ફરતી દુકાનના ભાવમાં અને બજારના ભાવમાં ખાસ તફાવત રહેતો નથી. ઉલટાનુ કેટલીક વસ્તુમાં તો બજારભાવ કરતા પણ વધારે ભાવ ફરતી દુકાનમાં હોય છે. આથી ગ્રાહક વસ્તુ ખરીદતા નથી.
- જે વસ્તુમાં બજાર કરતા કિંમત ઓછી હોય તે વસ્તુ જ ફરતી દુકાનમાંથી ખરીદવામાં આવે છે.





- ફરતી દુકાનનો ભાવ અને બજારનો ભાવ લગભગ સરખો હોય છે. ખાસ ફેર હોતો નથી. ૭૦% વસ્તુના ભાવમાં નજીવો ફેર હોય છે. જ્યારે ૩૦% વસ્તુમાં બજારભાવ ચાલતો હોય તેના કરતા વધારે ભાવ હોય છે. આથી ગ્રાહક ખરીદી કરતા નથી. જો બજારભાવ કરતા કિલોએ ફરતી દુકાનની વસ્તુના ભાવમાં ૨ રુપિયાનો ફરક રાખવામાં આવે તો વેચાણ સારું થાય. અમારી દુકાનેથી સરેરાશ માસિક ૫,૦૦૦ રુપિયાનો ફરતી દુકાનનો માલ વેચાય છે. જો ભાવમાં ફેર રાખવામાં આવે તો વેચાણ વધારી શકાય. (મટોડા રેશનીંગની દુકાનનો અભિપ્રાય)

## પ્રકરણ - ૮

## વ્યાજબી ભાવની દુકાનો અને વિતરણ વ્યવસ્થા

જાહેર વિતરણ વ્યવસ્થાને સુદ્દઢ બનાવવા સંબંધમાં અભ્યાસમાં નવ જિલ્લાને આવરી લીધા હતા. જેમાં સાબરકાંઠા, પંચમહાલ, સુરત, ડાંગ, કચ્છ-ભૂજ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ અને અમદાવાદ શહેરી વિસ્તારનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત દરેક જિલ્લામાંથી એક તાલુકો પસંદ કરી તે તાલુકામાંથી કુલ ૧૩ સસ્તા અનાજની દુકાનોનો. અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ૧૩ દુકાનો એવી રીતે પસંદ કરી હતી કે જેમાં એક ગામમાંથી એક જ દુકાન લેવાની, શહેરી વિસ્તારમાં અમદાવાદ શહેરની જુદી જુદી ૨૦ દુકાનોને અભ્યાસમાં આવરી લીધી હતી. આમ કુલ મળી ૧૨૯ દુકાનો પસંદ કરી હતી.

આ ૧૨૯ દુકાનોમાંથી ૪૩ દુકાનોનું સંચાલન સહકારી મંડળી ધ્વારા કરવામાં આવે છે. ૭૮ દુકાનોનું સંચાલન વ્યકિતગત માલિકીના ધોરણે ચાલે છે અને ૮ દુકાનોનું સંચાલન રજીસ્ટર સંસ્થા ધ્વારા કરવામાં આવે છે. બધી દુકાનોમાં મળી કુલ ૮૫,૩૦૯ કાર્ડધારકો હતા અને તેના લાભાર્થીઓ ૪,૮૨,૯૭૯ હતા.

વ્યકિતગત ધોરણે ૭૮ દુકાનો ચાલે છે તેમાં પાંચ અનુસૂચિતજનજાતિના સભ્યો, પાંચ અનુસૂચિતજાતિના સભ્યો, તેર બક્ષીપંચના સભ્યો, તેર શિક્ષિત રીતે બેરોજગાર સભ્યો, બે શારીરિક રીતે ખોડ-ખાંપણ ધરાવનાર સભ્યો અને ૪૦ અન્ય (સવર્ણ જાતિના) સભ્યો દુકાનોનું સંચાલન કરતા હતા.

દુકાનો જેમના ધ્વારા ચાલે છે તેમાં તેઓ પાસે કેટલી દુકાનોનું સંચાલન છે તે બાબત પૃચ્છા કરતા સહકારી મંડળી ધ્વારા એકથી વધુ દુકાનોનું સંચાલન થતું હોય તેવું જાણવા મળ્યું. આમાં સૌથી વધુ જેકોટ (દાહોદ તાલુકો)ની મંડળી પંદર દુકાનો ચલાવે છે. જ્યારે મોટાભાગની અન્ય મંડળી બે બે દુકાનો ચલાવતી જાણવા મળે છે.

એક દુકાન નીચે કેટલા ગામોને આવરી લીધા છે તે બાબતે પૃચ્છા કરતા જણાયું કે કુલ ૧૨૯ દુકાનોમાંથી ૪૯ દુકાનોએ એક ગામને આવરી લીધુ હતું. ૨૪ દુકાનો બે ગામના લાભાર્થીઓનું કામ કરતી હતી. એજ રીતે ૨૦ દુકાનો ત્રણ ગામોને, ૧૮ દુકાનો ચાર ગામને તેમજ ૧૮ દુકાનો પાંચ ગામ કે તેથી ગામોને આવરી લઈને કામ કરતી હતી.

નિયમ મુજબ દુકાનદારને અનાજ વિતરણનો જથ્થો દુકાનમાંજ રાખવાનો હોય છે. આમ છતાં તપાસ દરમિયાન ૧૮ દુકાનદારોએ પોતાનો પુરવઠો અન્ય ગોડાઉનમાં રાખેલ હતો. જ્યારે ૧૧૧ દુકાનદારો પોતાનો વિતરણનો પુરવઠો દુકાનમાં જ રાખે છે.

રેશનીંગની સાથે બીજી વસ્તુનું વેચાણ કરવા દેવામાં આવતુ નથી અને ખાસ સંજોગોમાં વેચાણ કરવાનું હોય તો તેની મંજૂરી લેવી પડે છે. અભ્યાસમાં આવરી લીધેલ ૧૨૯ દુકાન-માંથી ૫૦ દુકાનોમાં રેશનીંગ સાથે બીજી વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. આ ૫૦ દુકાનોમાંથી ૩૭ દુકાન ધારકોએ અન્ય વસ્તુઓ વેચવા માટે મંજૂરી લીધેલ છે. ૬ દુકાનોમાં સંચાલકોએ મંજૂરી લીધેલ નથી. તો ૭ દુકાન ધારકોએ જણાવ્યું કે અન્ય વસ્તુઓના વેચાણ સંબંધમાં કોઈ મંજુરી કે પરવાનગી લેવાની જરૂર નથી.

ઉપરોક્ત ૫૦ દુકાનદારો રેશનીંગ સિવાયની જે વસ્તુઓનું વેચાણ કરે છે તેમાં ૧૫ દુકાનોમાં કેરોસીનનું વિતરણ થાય છે. ૮ દુકાનમાં રાસાયણિક ખાતાર બિયારણ અને જંતુનાશક દવાઓનું વેચાણ થાય છે. ૨ દુકાનમાં તેલનું વેચાણ, ૧૮ દુકાનમાં કરિયાણુ, ૫ દુકાનમાં પાન-બીડી અને ૧ દુકાનમાં કાપડનું વેચાણ થતું જોવા મળ્યું હતું.

એક ખાસ બાબત એ જોવા મળી કે ચોટીલા (જિ.સુરેન્દ્રનગર)ની જે ૧૩ દુકાનોની મુલાકાત લીધી તે બધી જ દુકાનોને કેરોસીન વેચવાની મંજૂરી આપવામાં આવેલ છે,એવું જાણવા મળ્યું કે ચોટીલા તાલુકામાં મોટાભાગની વ્યાજબીભાવની દુકાનોને કેરોસીન વિતરણની મંજૂરી મળેલ છે.

અભ્યાસમાં આવરી લીધેલ દુકાનદારો પાસે જુદી જુદી યોજનાના કાર્ડ અને લાભાર્થીઓ છે તેની વિગત નીચે મુજબ છે.





| ક્રમ | યોજનાનું નામ | કાર્ડ સંખ્યા | લાભાર્થીઓ |
|---|---|---|---|
| ૧. | પી.ડી.એસ. | ૧૨,૯૭૮ | ૬૯,૯૧૯ |
| ૨. | એફ.એફ.એ. | ૧૮,૩૦૮ | ૧,૦૧,૭૮૪ |
| ૩. | ડી.પી.એ.પી. | ૨૮,૦૪૭ | ૧,૩૫,૪૮૬ |
| ૪. | આઈ.ટી.ડી.પી. | ૧૪,૨૫૦ | ૯૩,૦૪૭ |
| ૫. | અંત્યોદય | ૪૨ | ૪૩ |
| ૬. | પરમીટ | ૩ | ૪૫૮ |
| ૭. | આશ્રમ | ૪ | ૨૮૬ |
| ૮. | બંધમીલ | ૩૫૬ | ૧,૫૦૭ |

દુકાનદારોને પોતાના કાર્ડના આધારે કેટલો પુરવઠો જોઈએ છે અને મળેલ પુરવઠામાંથી વેચાણ કેટલું થાય છે તેની વિગત કોઠા નં.૮.૧ માં આપી છે.

કોઠો નં.૮.૧

દુકાનોની કુલ જરૂરિયાત અને વિતરણ

| ક્રમ | માસ | જરૂરિયાત | | | | વિતરણ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | તેલ | ખાંડ | ઘઉં | ચોખા | તેલ | ખાંડ |
| ૧. | જાન્યુઆરી | ૧૦૮૫૫૨૦ | ૬૩૧૪૧૩ | ૪૦૦૦૯ | ૧૭૦૪૭૬ | ૫૯૬૧૯૦ | ૨૬૨૬૯૦.૩ | ૧૫૨૪૪.૫ | ૧૫૫૮૪૪.૫૫ |
| ૨. | ફેબ્રુઆરી | ૧૦૩૯૪૬૩ | ૬૨૦૫૮૪ | ૩૮૧૬૬ | ૧૭૪૧૬૧.૮ | ૪૦૫૨૧૫.૫ | ૨૧૧૦૯૫ | ૫૨૦૯.૪ | ૧૭૦૬૩૪.૫૫ |
| ૩. | માર્ચ | ૧૦૩૬૨૨૦ | ૬૧૨૪૧૯ | ૩૭૫૧૬ | ૨૧૫૦૪૧.૮ | ૩૪૦૬૮૮ | ૨૩૫૦૩૨.૫ | ૬૯૭૭.૩ | ૧૯૬૯૯૯.૯ |
| ૪. | એપ્રિલ | ૯૫૦૧૮૨ | ૬૩૨૪૨૯ | ૪૪૬૬૭ | ૧૬૪૨૯૩ | ૧૫૦૬૩૪ | ૨૪૪૭૧૯ | ૩૪૯૨.૫ | ૧૬૫૦૭૭.૨ |
| ૫. | મે | ૯૮૮૧૬૪ | ૬૦૩૬૦૭ | ૩૨૩૪૯ | ૧૯૩૭૫૪ | ૨૧૦૬૨૭.૫ | ૨૫૬૦૯૬ | ૨૯૩૩.૭ | ૧૬૨૬૩૦.૫૫ |
| ૬. | જૂન | ૯૩૧૧૦૧ | ૬૨૭૩૧૫ | ૩૨૮૧૯ | ૧૮૬૭૨૧.૮ | ૧૮૯૮૫૭ | ૨૫૨૫૨૫.૨ | ૩૯૫૦.૩ | ૧૬૮૫૪૦.૮૫ |
| | | ૬૦૩૦૬૫૦ | ૩૭૨૭૭૬૭ | ૨૨૫૫૨૬ | ૧૧૦૪૪૪૬ | ૧૮૯૩૨૧૧ | ૧૪૬૨૧૫૭ | ૩૭૮૩૮ | ૧૦૧૯૭૨૪ |



ઉપરોક્ત કોઠો જોતા ખ્યાલ આવશે કે કાર્ડ આધારે પુરવઠાની જરૂરિયાત કરતા વિતરણ ઘણું જ ઓછું થાય છે. અનાજ અને ચોખાનું વિતરણ માંડ ત્રીજાભાગનું થાય છે. તેલનું વિતરણ છઠ્ઠા ભાગનું થાય છે. જ્યારે ખાંડનું વિતરણ લગભગ જરૂરિયાત કરતા થોડું જ ઓછું રહે છે.

જરૂરિયાતના સંદર્ભમાં વિતરણ ઓછું થવાના અનેક કારણો છે. જેમકે લાભાર્થી પાસે પૈસા ન હોવા, એક સામટું અનાજ ખરીદવાની અશક્તિ, જરૂરિયાત હોય ત્યારે દુકાનમાં જથ્થો ઉપલબ્ધ ન હોય અનાજની ગુણવત્તા સારી ન હોય વગેરે છે.

સર્વ માટેની અન્ન યોજના સરકાર ધ્વારા ચલાવાય છે. તેના અંગે જાણતા જવાબ મળ્યો કે આ યોજના અન્વયે જે ભાવથી અનાજ અપાય છે તે ભાવથી લાભાર્થી ખરીદી શકે તેમ છે તેવું કહેનાર ૬૮ દુકાનદારો હતા, જ્યારે આ યોજના નીચે અપાતા અનાજનો ભાવ વધુ હતો તેમ કહેનાર ૬૧ દુકાનદારો હતા. જે ૩૨ દુકાનદારોએ જણાવ્યું કે ભાવ વધુ છે. તેમણે અનાજ ભાવ કેટલો રાખવો જોઈએ તે અંગે પોતાનું મંતવ્ય આ મુજબ આપ્યુ હતું. ૨૧ દુકાનદારો કહે છે કે ઘઉંનો ભાવ રૂા.૨.૦૦ થી ૨.૫૦ રાખવો, ૨૮ દુકાનદારો જણાવે છે કે ભાવ ૨.૫૧ થી ૩.૦૦ રૂા. સુધી રાખવો, ૧૦ દુકાનદાર કહે છે ૩.૦૧ થી ૩.૫૦ રાખવો તો ૨ દુકાનદારોનો મત છે કે ભાવ ૩.૫૧ થી ૪.૦૦ રુપિયા સુધી રાખવો. એજ રીતે ચોખાના ભાવ સંબંધમાં ૧૧ નું માનવું છે કે ભાવ ૩.૦૦ થી ૩.૫૦ સુધીનો, ૧૬નું કહેવું છે કે ભાવ ૩.૫૧ થી ૪.૦૦ સુધી, ૧૭ કહે છે ૪.૦૧ થી ૪.૫૦, ૧૩ કહે છે ૪.૫૧ થી ૫.૦૦, ૭ કહે છે ૫.૦૧ થી ૫.૫૦ તો ૧ દુકાનદારનું સૂચન છે કે ચોખાનો ભાવ આ યોજના નીચે રૂા.૫.૫૧ થી રૂા.૬.૦૦ સુધીનો રાખવો જોઈએ.

સર્વ માટે અન્ન યોજના ચાલુ રાખવી કે કેમ તેના હકારાત્મક અને નકારાત્મક બન્ને પ્રકારના અભિપ્રાયો મળ્યા છે. જેમાં ચાલુ શા માટે રાખવી જોઈએ તેના કારણોમાં,

(૧) ગરીબ માણસોને સારો ફાયદો થાય છે.

(૨) પછાત તાલુકાને અનાજની જરૂરિયાત વધુ રહે છે.

(૩) કમિશન વધારે મળે છે.

...૬૫.

તો એજ રીતે યોજના ચાલુ ન રાખવા અંગેના મતો આ મુજબ છે.

(૧) બન્ને યોજનાનું પ્રમાણ અને ભાવ સરખા છે.

(૨) ડી.પી.એ.પી. યોજના શરૂ થવાથી આ યોજનાનું મહત્વ રહેતું નથી.

(૩) અનાજ સારું આવતું નથી.

(૪) ગરીબ માણસોને લાભ મળતો નથી.

બૃહદ સમાજમાં અને ખાસતો લાભાર્થીઓ એજ કહે છે કે અનાજની ગુણવત્તા બરોબર હોતી નથી. ગુણવત્તા સુધારવા સંબંધમાં જે સુચનો જાણવા મળ્યા તે નીચે મુજબ છે. આમાં અમુક દુકાનદારોએ એકથી વધુ સૂચનો પણ જણાવ્યા છે.

| ક્રમ | વિગત / સૂચન | કેટલા દુકાનદારો માને છે. |
|---|---|---|
| ૧. | લાલ ઘઉં આપવા બંધ કરવા. | ૩૪ |
| ૨. | ચોખા સારા આપવા, અત્યારે કુસકી અને કાંકરી વધુ આવે છે. | ૬ |
| ૩. | અનાજ સાફ કરીને આપવું જોઈએ. | ૧૦૭ |
| ૪. | ચોખાની ગુણમાં ક્યારેક કોલસા પથ્થર આવે છે તે ન આવવા જોઈએ. | ૨ |
| ૫. | ઘણી વખત અનાજ સડેલુ આવે છે તે ન આવવું જોઈએ. | ૧૦ |
| ૬. | અનાજ બગડે નહિ તે માટે ગોડાઉનમાં જરૂરી દવા છાંટવી. | ૧૧ |
| ૭. | ગોડાઉનમાં અનાજનું વજન બરાબર થાય તેવું ચેકીંગ રાખવું જોઈએ. | ૧ |

વ્યાજબીભાવની દુકાન ચલાવનાર દુકાનોના સંચાલકોને દુકાન ચલાવવામાં પડતી મુશ્કેલી, તેના ઉપાયો અને વિતરણ વ્યવસ્થાને વધુ સારી બનાવવા શું કરી શકાય તે માટેના તેમના અભિપ્રાયો જાણવા અંગે પણ અભ્યાસમાં તે મુદ્દાને મહત્વ અને સ્થાન આપ્યુ હતું. દુકાનદારોએ દુકાન ચલાવવા માટે જે જુદી જુદી મુશ્કેલી વર્ણવેલી છે તેમાં,

...૬૬..



(૧) પૂરતો પુરવઠો મળતો નથી.

(૨) આઈ.ટી.ડી.પી. અને એફ.એફ.એ. બન્ને યોજનાનો ભાવ સરખો હોવાથી ગ્રાહક ખરીદી શકતા નથી.

(૩) એફ.એફ.એ. નો સ્ટોક સમયસર મળતો નથી.

(૪) અનાજમાં ઘટ આવે છે તેથી નુકશાન થાય છે.

(૫) રજીસ્ટરો અલગ રાખવા પડે છે.

(૬) સારો માલ લેવામાં દલાલી આપવી પડે છે.

ઉપરોક્ત મુશ્કેલી અંગેના ઉપાયોમાં,

(૧) પૂરતો પુરવઠો મળે તો નકકી કરેલ પ્રમાણ મુજબ લાભાર્થીઓને વિતરણ કરી શકાય.

(૨) ચોખાને બાદ રાખી બીજુ અનાજ લેવું.

(૩) ભાવમાં (બન્ને યોજના વચ્ચે) ૨૦% નો તફાવત રાખવો.

(૪) માલ સમયસર પુરો પાડવો.

(૫) રજીસ્ટર એકજ રાખવા જણાવવું. (સરકારે)

(૬) દલાલી વગર બધાને સારો માલ મળે તેવી વ્યવસ્થા કરવી.

વિતરણ વ્યવસ્થા સુદૃઢ કરવા શું કરવું જોઈએ. :

(૧) અનાજનો પૂરવઠો વધારવો જોઈએ.

(૨) બારદાન સારું વાપરે તો ઘટનું પ્રમાણ ઘટે, ઘટ ન આવવી જોઈએ.

(૩) ૫ થી ૨૫ તારીખ સુધીમાં સંપૂર્ણ માલ દુકાનદારને મળે તેવી વ્યવસ્થા ગોઠવવી/ સમયસર અનાજ આપવું.

(૪) માલ બે-ત્રણ ટૂકડે ન આપતા એક સાથે આપવો જોઈએ તો ટ્રાન્સપોર્ટ ખર્ચ બચે.

(૫) માલની ગુણવત્તા સુધારવી જોઈએ.

...૬૭.

(૬) સરકારી વાહનોમાં અનાજ મોકલવુ / પુરવઠો દુકાને પહોંચાડવો જોઈએ.

(૭) જે વ્યવસ્થા ચાલે છે તે બરોબર છે.

(૮) વર્ષમાં બે-ત્રણ વખત ભાવ વધારો થાય છે, જે ન થવો જોઈએ.

(૯) શહેરી અને ગ્રામ્ય વિસ્તારનો ભાવ સરખો રાખવો.

(૧૦) ભાવ વધારો થયા પછી મુશ્કેલી પડે છે. જૂનો ભાવ રાખવો/ ભાવ ઘટાડવો વગેરે.

(૧૧) ખાડમાં ૧૦% કાપીને પૂરવઠો આપવામાં આવે છે. પૂરતો માલ આપવો જોઈએ અને ખાડનું પ્રમાણ વધારવું.

(૧૨) ડોર સ્ટેપ ડીલીવરી ન હોવી જોઈએ. વિસ્તારને ધ્યાનમાં રાખી અનાજ આપવું. (પંચમહાલમાં મકાઈ આપવી, દક્ષિણ ગુજરાતમાં ચોખા તો સૌરાષ્ટ્ર-કચ્છમાં ઘઉં, બાજરી, જુવાર).

દુકાનદારોને દુકાન ચલાવવી પોષાય છે કે કેમ તેના પ્રત્યુતરમાં જેનો હકારમાં જવાબ છે તેમના મત મુજબ.

(૧) કમિશન સારું મળે છે.

(૨) કેરોસીનમાં કમિશન સારું મળે છે.

(૩) ખાતર, બિયારણ વેચવાની મંજૂરી લીધી છે તેથી પોષાય છે.

તો કેટલાક દુકાનદારો જણાવે છે કે હવે દુકાન ચલાવવી પોષાતી નથી તેના સંદર્ભમાં તેઓ કહે છે કે,

(૧) અનાજનો પુરવઠો પૂરતો ન મળતા, કમિશન ઘટી જાય છે/ કમિશન ઓછુ મળે છે.

(૨) ટ્રાન્સપોર્ટ/સ્ટેશનરી વગેરેનો ખર્ચ વધારે આવે છે.

(૩) ઘટ વધારે આવવાથી નુકશાન જાય છે.

(૪) ભ્રષ્ટાચારનું પ્રમાણ વધારે છે.

(૫) યોજના પ્રમાણે રજીસ્ટરો અલગ રાખવા પડે છે.

...૬૮.



(૬) કેરોસીનની પરમીટ આપવામાં આવે તો દુકાન ચલાવવી પોષાય, હાલ કમિશન ઓછુ પડે છે.

(૭) સરકારની યોજનામાં અમુક વસ્તુઓ કોન્ટ્રાક્ટથી વેચાણ આપે છે, તેને બદલે રેશનીંગમાં વેચવી જોઈએ.

<u>અભ્યાસ સમયે દુકાનોના નિરીક્ષણથી જાણવા મળેલ વિગતો</u> :

કુલ ૧૨૯ દુકાનોની તપાસ કરતા નિરીક્ષણ દરમ્યાન જાણવામાં આવેલ વિગત નીચે પ્રમાણે છે.

(૧) ૧૨૯ દુકાનોમાંથી ૪૬ દુકાનમાં ફરિયાદ પેટી લગાવવામાં આવી ન હતી. ૮૩ દુકાનમાં ફરિયાદ પેટી લગાવવામાં આવી હતી. જે ફરિયાદ પેટી લગાવવામાં આવી હતી તેમાં કેટલીક દુકાનોમાં ફરિયાદ પેટીની માત્ર એકજ ચાવી રાખવામાં આવે છે. તો કેટલીક જગ્યાએ તાળુ માર્યા વિનાની પણ ફરિયાદ પેટી જોવા મળેલ છે. ફરિયાદ પેટીનો ચોકક્સ આકાર અને રંગ નકકી કરવામાં આવેલ છે. છતાં અમુક જગ્યાએ ડબ્બાના ફરીયાદ પેટી લગાવેલી જોવા મળેલ છે.

(૨) દરેક દુકાનમાં પુરવઠાના નમૂના રાખવા ફરજિયાત હોવા છતાં ૫૦ દુકાનો એવી જોવા મળી કે જયાં બીલકુલ નમૂના રખાતા જ ન હતા. ૭૯ દુકાનોમાં નમૂના રાખવામાં આવે છે પણ કેટલાક દુકાનદારો નવો પૂરવઠો આવતા નમૂના બદલતા નથી. જે પ્રમેય નમૂના ભરેલા હોય તેજ રાખી મૂકે છે.

(૩) રોજમેળ રાખવાનુ ફરજીયાત હોવા છતાં કેટલાક દુકાનદારો રોજમેળ રાખે છે. પણ નિયમિત લખતા નથી. ૪ દુકાનોમાં તો છેલ્લા ઘણાં સમયથી લખવાનુ બાકી હોય એવા રજીસ્ટરો જોવા મળેલ છે. કેટલીક દુકાનોમાં કાર્ડ રજીસ્ટરમાં કાર્ડની સંખ્યામાં ફેરફાર થવા છતાં સુધારવામાં આવ્યુ ન હોય તેવું પણ જોવા મળેલ છે.

(૪) દરેક રેશનીંગની દુકાનમાં બોર્ડ રાખવુ ફરજીયાત છે. બોર્ડ ઉપર કાર્ડની સંખ્યા લાભાર્થીની સંખ્યા હાજર પૂરવઠાની વિગત -ભાવ વિગેરે લખવું ફરજીયાત છે. છતાં ૧૨૯ દુકાનોમાં બોર્ડ ઉપર જરૂરી વિગતો ભરવામાં આવી ન હતી.

...૬૯.

આ ઉપરાંત દરેક વિસ્તારમાં જે દુકાનોને અભ્યાસમાં આવરી લીધી છે. ત્યાં નિયમ મુજબ ફરિયાદ પેટી, રજીસ્ટરો, નમૂના વગેરેની સ્થિતિ કેવી છે તેની માહિતી સમગ્ર વિસ્તાર પ્રમાણે તેમજ ગામવાર વિગતોમૂકી છે. જેનાથી ખ્યાલ આવશે કે જે કેટલીક બાબતો નિયમાનુસાર અને જરૂરી હોવા છતાં દુકાનદારો કેટલી નિષ્કાળજી બતાવે છે.

## આદિવાસી વિસ્તાર

સાબરકાંઠા, ડાંગ, સુરત, પંચમહાલ, ભીલોડા, આહવા, સોનગઢ, દાહોદ

૪ જિલ્લાની
કુલ દુકાનો

૫૧ ફરિયાદ પેટી ૩૧ દુકાનમાં નથી.
ફરિયાદ પેટી ૨૦ દુકાનમાં છે.
૫૧

નમૂના ૨૨ દુકાનમાં નથી.
નમૂના ૨૯ દુકાનમાં છે.
૫૧

રજીસ્ટર ૧ અધૂરી વિગત
૫૦ દુકાનમાં છે.

બોર્ડ ૧૭ દુકાનમાં અધૂરી વિગત
૩૪ વિગત ભરેલી છે.
૫૧

## રણ વિસ્તાર

બનાસકાંઠા / કચ્છ
વડગામ ભચાઉ

૨ જિલ્લાની
કુલ દુકાનો :

૨૬ ૫ દુકાનમાં ફરિયાદ પેટી નથી.
૨૧ દુકાનમાં ફરિયાદ પેટી છે.
૨૬

...૭૦.



૧૨ દુકાનમાં નમૂના ગોઠવ્યા નથી.
૧૪ દુકાનમાં નમૂના ગોઠવ્યા છે.
૨૬

૩ દુકાનમાં અધૂરી વિગતના રજીસ્ટર
૨૩ પૂરી વિગત છે.
૨૬

૨૬ દુકાનમાં બોર્ડ લગાવેલ છે.

## દુષ્કાળગ્રસ્ત

અમદાવાદ - ધંધુકા, સુરેન્દ્રનગર- ચોટીલા, રાજકોટ - જસદણ

૩ જિલ્લા
કુલ દુકાનો

૩૨ ૧૦ દુકાનમાં ફરિયાદ પેટી નથી.
૨૨ દુકાનમાં ફરિયાદ પેટી છે.
૩૨

૧૬ દુકાનમાં નમૂના મૂકયા નથી.
૧૬ દુકાનમાં નમૂના છે.
૩૨

૩૨ દુકાનમાં રજીસ્ટર છે.

૬ દુકાનમાં અધૂરી વિગત } બોર્ડમાં
૨૬ દુકાનમાં પૂરી વિગત }
૩૨

## અમદાવાદ શહેરી વિસ્તાર

કુલ દુકાનો :
૨૦ ૨૦ દુકાનમાં ફરિયાદ પેટી છે.
૨૦ દુકાનમાં નમૂના મૂકયા છે.
૨૦ દુકાનમાં રજીસ્ટર બનાવેલ છે.
૨૦ દુકાનમાં બોર્ડમાં વિગત ભરેલ છે.

૧૨૯ દુકાનો

...૭૧.

## દુષ્કાળગ્રસ્ત

### ધંધુકા

| ક્રમ | ગામ | ફરિયાદ પેટી | નમૂના | કાર્ડ રજીસ્ટર | રજીસ્ટર સ્ટોકપત્રક | બોર્ડ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પડાણા | X | જૂના | ✓ | ✓ | ✓ |
| ૨. | બરવાળા | ✓ | ચંદર | ✓ | ✓ | ✓ |
| ૩. | સુંદરીયાણા | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪. | રાણપુર | દુકાનદાર પાસે ચાવી | ✓ | ✓ | ✓ | ✓ |
| ૫. | ઉમરાળા | X | X | ✓ | ✓ | ✓ |
| ૬. | સાળંગપુર | તાળાવગરની | ✓ | ✓ | ✓ | ✓ |
| ૭. | બેલા | તાળાવગરની | ✓ | ✓ | ✓ | ✓ |
| ૮. | કુંડળ | X | X | ✓ | ✓ | ✓ |
| ૯. | નવાવાવડા | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૦. | પોલારપુર | દુકાનની ઓફીસમાં ચાવી | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૧. | વાસણા | ✓ | X | ✓ | ✓ | વિગત ભરીનથી |
| ૧૨. | ચંદરવા | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૩. | ચડવાળ | X | X | ✓ | ✓ | ✓ |





### ચોટીલા

| ક્રમ | ગામ | ફરિયાદ પેટી | નમૂના | કાર્ડ રજીસ્ટર | રજીસ્ટર સ્ટોકપત્રક | બોર્ડ |
|---|---|---|---|---|---|---|
| ૧. | તરણેતર | X | X | ✓ | ✓ | ✓ |
| ૨. | મોટીમોલડી | X | X | ✓ | ✓ | ✓ |
| ૩. | પિયાવા | X | X | ✓ | ✓ | ભાવજુના લખેલ |
| ૪. | રાજપરા | ✓ | X | ✓ | ✓ | ✓ |
| ૫. | થાન | ચંદર | જૂના | ✓ | ✓ | ✓ |
| ૬. | વીઝાીયા | ચંદર | X | ✓ | ✓ | ✓ |
| ૭. | સરોડી | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૮. | બામણબોર | ચંદર | X | ✓ | ✓ | વિગત ભરીનથી |
| ૯. | મેવાસર | X | X | ✓ | ✓ | વિગત ભરીનહતી |
| ૧૦. | ચોખારી | ચંદર | જૂના | ✓ | ✓ | ✓ |
| ૧૧. | મોરસલ | ✓ | X | ✓ | ✓ | ✓ |
| ૧૨. | દેવસર | X | X | ✓ | ✓ | વિગત ભરીનહતી. |
| ૧૩. | ચોટીલા | ✓ | X | ✓ | ✓ | ✓ |

### રાજકોટ – જસદણ

| ક્રમ | ગામ | ફરિયાદ પેટી | નમૂના | કાર્ડ રજીસ્ટર | રજીસ્ટર સ્ટોકપત્રક | બોર્ડ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભાડલા | ✓ | X | ✓ | ✓ | માહિતી ભરીનથી |
| ૨. | લીલાપુર | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૩. | જીવાપર | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪. | અમરાપુર | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૫. | આટકોટ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૬. | વિંછીયા | X | X | ✓ | ✓ | ✓ |

## રણ વિસ્તાર

### ભચાઉ

| ક્રમ | ગામ | ફરિયાદ પેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | શિકારપુર | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૨. | ઘરાણા | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૩. | શિકરા | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૪. | કટારીયા | જૂનો ડબ્બો<br>૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૫. | અઘોઇ | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૬. | આંબલીયારા | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૭. | વાંઢીયા | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૮. | લાકડીયા | ૧ ચાવી | X | ✓ | ✓ |
| ૯. | બંધડી | ચાવી નથી | ✓ | ✓ | ✓ |
| ૧૦. | સામરડી | વાદળી<br>૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૧૧. | કુંભારડી | X | X | ✓ | ✓ |
| ૧૨. | ખોરાઇ | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૧૩. | ચોખારી | બાજુની<br>દુકાનમાં<br>ચાવી. | X | ✓ | ✓ |





### વડગામ

| ક્રમ | ગામ | ફરિયાદપેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | ડાલવાણા | X | X | ✓ | ✓ |
| ૨. | છનિયાણા | ✓ | ✓ | ✓ | ✓ |
| ૩. | થુર | X | X | કાંઈ<br>રજીસ્ટર<br>નથી. | ✓ |
| ૪. | કોદરામ | ચાવી દુકાનમાં | X | ✓ | ✓ |
| ૫. | નાની ગિડાસણ | ચાવી દુકાનમાં | X | ✓ | ✓ |
| ૬. | હરદેવાસણા | અંદર | X | કાંઈ<br>રજીસ્ટર<br>નથી. | ✓ |
| ૭. | જૂની સેંધણી | X | ✓ | ✓ | ✓ |
| ૮. | પિલુચા | X | X | ✓ | ✓ |
| ૯. | નાવીસણા | ચાવી વગર | X | ✓ | ✓ |
| ૧૦. | ટીબાચુડી | તાળા વગર | X | રોજમેળ<br>નથી. | ✓ |
| ૧૧. | મગરવાડા | ૧ ચાવી | X | ✓ | ✓ |
| ૧૨. | ધોતા | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| ૧૩. | રૂપાલ | ૧ ચાવી | ✓ | ✓ | ✓ |
| | | ૫ નથી<br>૨૧ છે.<br>૨૬ કુલ | ૧૨ નથી<br>૧૪ છે<br>૨૬ | ૨૬ | ૨૩ |

## ભીલોડા

| ક્રમ | ગામ | ફરિયાદપેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | શામળપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨. | નાયડા | X | X | ✓ | લખાણ નથી. |
| ૩. | જેસીંગપુર | X | X | ✓ | ✓ |
| ૪. | વાંકાનેર | X | ✓ | ✓ | લખાતા નથી. |
| ૫. | નાંધોજ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૬. | સંરોડા | ✓ | ✓ | ✓ | વિગત લખી નથી. |
| ૭. | વેબોલિયા | ✓ | ✓ | ✓ | વિગત લખી નથી. |
| ૮. | પાલ્લા | ✓ | X | ✓ | વિગત લખી નથી. |
| ૯. | ભીલોડા દુ.ન.ર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૦. | જાલચિતરીયા | ✓ | X | અધૂરા | ✓ |
| ૧૧. | સુનોક | ✓ | ✓ | ✓ | વિગત લખી નથી. |
| ૧૨. | ખેરંચા | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૩. | રંગપુર | X | ✓ | ✓ | વિગત લખી નથી. |





## સોનગઢ

| ક્રમ | ગામ | ફરિયાદપેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | કેલાઈ | X | X | ✓ | ✓ |
| ૨. | મંડલ | X | X | ✓ | અધૂરી વિગત |
| ૩. | મૈઠા | X | X | ✓ | ✓ |
| ૪. | કુમકુવા | X | X | ✓ | ✓ |
| ૫. | મસાન પાડા | X | X | ✓ | અધુરી વિગત |
| ૬. | ગોપાલપુરા | X | X | ✓ | ✓ |
| ૭. | ખમલગુંડી | X | X | ✓ | ✓ |
| ૮. | ખરસી | X | X | ✓ | અધૂરી વિગત |
| ૯. | ઉખલદા | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૦. | મેઢસીંગી | X | X | ✓ | વિગત અધુરી |
| ૧૧. | ચોરવાડ | X | ✓ | ✓ | X ✓ |
| ૧૨. | વેડી | X | X | ✓ | X ✓ |
| | | ૧૫ નથી<br>૧૦ છે.<br>૨૫ | ૧૪ નથી<br>૧૧ છે.<br>૨૫ | ૨૫ | ૧૩ અધુરી વિગત<br>૧૨ છે.<br>૨૫ |

## ચાહવા

| ક્રમ | ગામ | ફરિયાદપેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | પીપરી | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨. | ગલકુંડ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૩. | સાકળપાતળ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪. | બોરમલ | X | ✓ | ✓ | ✓ |
| ૫. | શિવારીચાળ | X | ✓ | ✓ | ✓ |
| ૬. | શામગહાન | X | X | ✓ | ✓ |
| ૭. | ચિકાર | X | ✓ | ✓ | ✓ |
| ૮. | ઝાલડા | X | ✓ | ✓ | ✓ |
| ૯. | ડુંગરડા | X | ✓ | ✓ | ✓ |
| ૧૦. | ભવાન-દગડ | તાળુ નથી | ✓ | ✓ | ✓ |
| ૧૧. | સરવર | X | X | ✓ | વિગત બાકી ભરી નથી. |
| ૧૨. | કાળીબેલ | X | X | ✓ | ✓ |
| ૧૩. | ભેંસકાતરી | X | X | ✓ | ✓ |





## દાહોદ

| ક્રમ | ગામ | ફરિયાદપેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | જેકોટ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨. | ગભલોડ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૩. | ભાઠીવાડા | X | X | ✓ | ✓ |
| ૪. | નગરાલા | ✓ | ✓ | ✓ | ✓ |
| ૫. | પાંચવાડા | X | X | ✓ | ✓ |
| ૬. | નવાગામ | X | X | ✓ | ✓ |
| ૭. | ચોસાલા | ✓ | જુના | ✓ | ✓ |
| ૮. | જાલત | ✓ | ✓ | ✓ | ✓ |
| ૯. | ગમલા | X | જુના | ✓ | ✓ |
| ૧૦. | ગરબાડા | X | જુના | ✓ | ✓ |
| ૧૧. | ભરસડા | X | X | ✓ | વિગત ભરેલ નથી. |
| ૧૨. | ગાંગરડી | ✓ | ✓ | ✓ | વિગત નથી. |
| ૧૩. | ઢૂંકીવજુ | X | ✓ | ✓ | વિગત નથી. |
| | | ૧૬ નથી<br>૧૦ છે.<br>૨૬ | ૮ નથી<br>૧૮ છે.<br>૨૬ | ૨૬ | ૨૬ |

## અમદાવાદ શહેરી વિસ્તાર

### કુલ ૨૦ દુકાનો

| ક્રમ | વિસ્તાર | ફરિયાદપેટી | નમૂના | રજીસ્ટર | બોર્ડ |
|---|---|---|---|---|---|
| ૧. | ઉસ્માનપુરા | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨. | કૃષ્ણનગર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૩. | નવાવાડજ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪. | કૃષ્ણનગર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૫. | નવાવાડજ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૬. | લક્ષ્મીનગર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૭. | ઉસ્માનપુરા | ✓ | ✓ | ✓ | ✓ |
| ૮. | ચામુંડાની ચાલી | ✓ | ✓ | ✓ | ✓ |
| ૯. | ગાંધીઆશ્રમ સાબરમતી | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૦. | નવાવાડજ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૧. | નૂ. મહાદેવનગર સરસપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૨. | મીઠાપાણી દરવાજા સરસપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૩. | ગોમતીપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૪. | ગોમતીપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૫. | ગોમતીપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૬. | ગોમતીપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૭. | બાપુનગર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૮. | ગોમતીપુર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૯. | બાપુનગર | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨૦. | બાપુનગર | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |





જાહેર વિતરણ વ્યવસ્થાનું કામ વ્યક્તિગત ધોરણે આપવાને બદલે સહકારી મંડળી કે સ્વૈચ્છિક સંસ્થાને આપવાથી કામ કંઈક વધારે સારું થાય તેમ કેટલાકનું માનવું છે. ખાસ તો ગુજરાતના જુદા જુદા ક્ષેત્રોના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાનો ફાળો અગ્રણ્ય કહી શકાય તેવો છે. તો એને નજરમાં રાખી વિતરણ વ્યવસ્થામાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓને રાખવા કે કેમ તેમ સરકારોનો મત છે.

આ સંદર્ભમાં અભ્યાસ દ્વારા જે જુદી જુદી મુલાકાતો લીધી તેના પરથી એવું લાગે છે કે વ્યક્તિગત ધોરણે ચલાવાતી દુકાનો કરતા સહકારી મંડળીના સંચાલન નીચે જે દુકાનો ચાલે છે તેની સ્થિતિ સારી છે, વ્યવસ્થા સારી છે, લાભાર્થીઓને મુશ્કેલી ઓછી પડે છે. અને લોકોનો મત સહકારી મંડળી તરફ વધુ સારો જોવા મળ્યો હતો.

અભ્યાસમાં આવરી લીધેલ જિલ્લાઓમાં સહકારી મંડળી દ્વારા ક્યાં ક્યાં દુકાનો ચાલે છે તે તેમજ વ્યક્તિગત ધોરણે અને સહકારી મંડળી દ્વારા સંચાલિત દુકાનો અંગે લાભાર્થીઓ શું કહે છે તે નીચે બતાવ્યું છે.

### સહકારી મંડળી દ્વારા ચાલતી રેશનીંગની દુકાનો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ધંધુકા | (૧) વાસણા - મંત્રી<br>(૨) રાણપુર - પગારદાર માણસ<br>(૩) ઉમરાળા - મંત્રી |
| ૨. | સુરેન્દ્રનગર | ચોટીલા | નથી |
| ૩. | રાજકોટ | જસદણ | (૧) જસવાપર<br>(૨) આટકોટ |
| ૪. | કચ્છ | ભચાઉ | (૧) કટારીયા |
| ૫. | સાબરકાંઠા | વડગામ | (૧) રૂપાલ (૨) મગરવાડા<br>(૩) ભાવીસણા (૪) હરોવાસણા |

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|---|
| ૬. | પંચમહાલ | દાહોદ | (૧) ચોસાલા (૨) ગાંગરડી<br>(૩) ગરબાડા (૪) જેકોટ<br>(૫) ભરસડા (૬) ટૂંકીવજુ<br>(૭) નવાગમ (રજીસ્ટર સંસ્થા) |
| ૭. | સાબરકાંઠા | ભીલોડા | (૧) ભીલોડા (૨) શામળપુર<br>(૩) નાયડા (૪) વાંકાનેર<br>(૫) નાંદોજ (૬) જાલચિતરીયા<br>(૭) રંગપુર (૮) સૂનાંક<br>(૯) ખેરચા (૧૦) રાયપુર<br>(૧૧) સંખેડા |
| ૮. | આહવા | ડાંગ | (૧) ગલકુંડ (૨) ઝાવગ<br>(૩) વઘઈ (૪) બોરસલ<br>(૫) ચિકાર (૬) કાલીબેલ<br>(૭) સાકરપાતળ (૮) શામગહાન<br>(૯) ભવાનદગડ (૧૦) ભેંસકાતરી<br>(૧૧) પીંપરી<br>X શિવારીમાળ - રજીસ્ટર સંસ્થા |
| ૯. | સુરત | સોનગઢ | (૧) માંડલ (૨) ઉખલદા<br>(૩) બેડી |
| ૧૦. | અમદાવાદ | શહેરી વિસ્તાર | (૧) કૃષ્ણનગર (૨) નવાવાડજ<br>(૩) ઉસ્માનપુરા (૪) ગાંધીઆશ્રમ<br>(૫) જૂનાવાડજ (૬) ગોમતીપુર<br>(૭) ગોમતીપુર (૮) ગોમતીપુર |

૪૩ દુકાનો સહકારી મંડળી ધ્વારા
૮ દુકાનો રજીસ્ટર સંસ્થા
૭૮ દુકાનો વ્યક્તિગત માલિકીની
૧૨૯ કુલ દુકાનો





| ક્રમ | સહકારી મંડળીની દુકાન લાભાર્થીનો અભિપ્રાય | ક્રમ | વ્યક્તિગત માલિકીની દુકાન લાભાર્થીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧. | સહકારી મંડળીની દુકાનનું સંચાલન પગારદાર માણસ અથવા મંડળીના સભ્યો ધ્વારા કરવામાં આવે છે. | ૧. | વ્યક્તિગત માલીકીની દુકાનનું સંચાલન માલિક પોતે કરે છે. |
| ૨. | પૂરવઠો નિયમિત મળે છે. | ૨. | પૂરવઠો અનિયમિત મળે છે. |
| ૩. | પૈસાનો પ્રશ્ન નડતો નથી. | ૩. | પૈસાનો પ્રશ્ન નડે છે. |
| ૪. | મંડળીનુ દબાણ હોય છે. | ૪. | કોઈનું દબાણ હોતું નથી. |
| ૫. | દુકાન નિયમિત ખૂલે છે. | ૫. | દુકાન અનિયમિત ખૂલે છે. |
| ૬. | કાળાબજાર થવાની શકયતા ઓછી રહે છે. | ૬. | કાળાબજાર થવાની શક્યતા વધારે રહે છે. |

જાહેર વિતરણ વ્યવસ્થા માટેનુ અનાજ દુકાનદારોને ઝડપી, સહેલાઈથી અને સુગમતાથી પ્રાપ્ત બને તે સંદર્ભમાં સરકારશ્રી તરફથી 'ડોર સ્ટેપ ડીલીવરી' નામની યોજના અમલમાં મૂકી છે. જેનું અમલીકરણ અમુક જગ્યાએ થયું છે. પરંતુ સરકાર એવું વિચારે છે તેનુ અમલીકરણ સમગ્ર રાજ્યમાં કરવું. આ યોજના કેટલી સારી છે કે મુશ્કેલી સર્જક છે તે સંબંધમાં અમે એક તાલુકાની વિગત અહીં મૂકી છે. સરકાર ફરજિયાત રીતે આ યોજના મુકવા વિચારતી હોય તો તેની જે ખામીઓ છે તે અંગે નિરાકરણ લાવી પછી જ અમલીકરણ કરે તો તેનો જે ઉમદા હેતુ છે તે પાર પડે એમ અમારું માનવું છે. હાલમાં આ યોજનાથી સંતોષ નથી.

## ડોરસ્ટેપ ડિલીવરી

જસદણ ( જિ. રાજકોટ)

રાજકોટ જિલ્લામાં ડોરસ્ટેપ ડિલીવરીનો અમલ થયેલો જોવા મળે છે. જશદણ તાલુકામાં છેલ્લા એક વર્ષથી ડોરસ્ટેપ ડિલીવરી ધ્વારા માલનું વિતરણ કરવામાં આવે છે. ડોરસ્ટેપ ડિલીવરી અંગે તેમનું કહેવું છે કે જો તેનો અમલ બરોબર કરવામાં આવે તો તેનાથી ફાયદો છે. નહીંતો નુકશાનકારક આ પધ્ધતિ છે. ડોરસ્ટેપ ડિલીવરીના અમલથી નીચે

મુજબના ખામી/દુષણો દુકાનદારો તથા ગ્રાહકો પાસેથી જાણવા મળેલ છે.

(૧) આ પધ્ધતિથી દુકાનદારને સમયસર માલ મળતો નથી અને બેસી રહેવું પડે છે.

(૨) આ પધ્ધતિમાં જેવો માલ આવે તેવો દુકાનદારે સ્વીકારવો જ પડે છે.

(૩) માલની ગુણવત્તા હલકી આપવામાં આવે છે.

(૪) આ પધ્ધતિમાં માલનું વજન પુરેપુરું હોતુ નથી. ૧૦૦ ગુણ અનાજ આવે તો તેમાં ૩ થી ૪ ગુણ જેટલી ઘટ પડે છે.

(૫) માલની ગુણવત્તા હલકી હોય અને દુકાનદાર માલનો સ્વીકાર ન કરે તો ફરીથી તેને માલ મળતો નથી.

(૬) આ પધ્ધતિમાં માલની કિંમત ઉપર વ્યાજ લેવામાં આવે છે.

(૭) ગોડાઉન મેનેજર અને ડોરસ્ટેપ ડિલીવરીના કોન્ટ્રાકટરના ગઠબંધનને કારણે દુકાનદારોને માલ સમયસર અને પૂરેપૂરો મળતો નથી.

(૮) માલ લાવવાની તથા પૈસા ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરની હોવાથી જ્યારે પૈસા મળે ત્યારે ભરે છે. તેથી દુકાનદારને સમયસર માલ મળતો નથી.

આમ ઉપર મુજબની ડોરસ્ટેપ ડિલીવરીની ખામીઓ દુકાનદારો પાસેથી જાણવા મળે છે. દુકાનદારને સમયસર માલ મળતો નથી. જે માલ મળે છે તેની ગુણવત્તા ખરાબ હોય છે. તેથી માલ જલદીથી વેચાતો નથી. માલ પડી રહેતો હોવાથી દુકાનદાર નિર્ધારીત સમયમાં પૈસા ભરી શકતો નથી. તેથી તેને કોન્ટ્રાકટરને વ્યાજ ભરવું પડે છે. આ વ્યાજની રકમ વધારે પડતી હોય છે. પરિણામે દુકાનદાર આ પધ્ધતિથી પરેશાન છે. દુકાન ચલાવવી પોષાતી નથી, ખોટ જાય છે. જ્યારે કોન્ટ્રાકટરને આ પધ્ધતિથી ફાયદો થાય છે.

...૮૪.



## પ્રકરણ - ૯

## જાહેર વિતરણ વ્યવસ્થા

સુરત જિલ્લાના એફ.સી.આઇ. ગોડાઉનની મુલાકાત લેતાં ગોડાઉન મેનેજર ધ્વારા જે નિગમની વહીવટી અને તેના કાર્ય વિષેની જાણકારી પ્રાપ્ત થઈ. આ અનુસાર અનાજનો પુરવઠો એફ.સી.આઇ.ની વડી કચેરીથી જેતે જિલ્લાની ફાળવણી અનુસાર એફ.સી.આઇ. પરથી માલ રવાના કરવામાં આવે છે. આ માલ જે તે જિલ્લાના પુરવઠા અધિકારી સુચના અનુસાર માલ કોન્ટ્રાકટર પધ્ધતિ ધ્વારા એફ.સી.આઇ માલ મોકલી આપે છે. એફ.સી.આઇ ના ગુજરાતમાં સુરત જિલ્લામાં સુરત, રાંદેર, ઓલપાડ, કિમ, માંગરોળ, માંડવી, કડોદરા, બારડોલી, મહુવા, વાલોડ, વ્યારા, ઉચ્છલ, સજીપુર, કોકલકુંડા, સોનગઢ, મઢી વિગેરે ગોડાઉન સેન્ટરો આવેલ છે.

અનાજનો પુરવઠો મોકલવા માટે જે તે જિલ્લાના એસ.ઓ. ની સુચના અનુસાર એફ.સી.આઇ. ગાંધીનગરે જાણ કરે છે. આ માલ ટ્રાન્સપોર્ટ પધ્ધતિ અનુસાર કોન્ટ્રાક્ટ પધ્ધતિ ધ્વારા મોકલવામાં આવે છે. માલનું પુરેપુરુ વજન કરવામાં આવે છે અને પછી માલ રવાના કરવામાં આવે છે. જે તે તાલુકા મામલતદાર જે તે દુકાનદારને પરમીટ આપે છે તે દુકાનદાર નિગમે નકકી કરેલ ચલણમાં નિગમે અધિકૃત કરેલ બેંકમાં જમા કરાવે છે અને આ પરમીટ ચલણ લઈ દુકાનદાર ગોડાઉન ઉપર આવીને જે તે રજીસ્ટરમાં નોંધ કરી સંચાલકની સહી લઇને પરમીટ ચલણ મુજબ દશાવિલ મુજબનો જથ્થો આપવામાં આવે છે. દુકાનદાર જે નાણાં બેંકમાં ભરે તે બેંક ધ્વારા ગાંધીનગર બ્રાન્ચમાં જમા થાય છે. અને મહિનાની આખર તારીખમાં અધિકૃત કરેલ બેંકો ગોડાઉન મેનેજરને દુકાનદારે કેટલા પૈસા ભર્યા તેની યાદી મોકલી આપે છે.

ગોડાઉન ઉપરથી માલ લઈ જતી વખતે દુકાનદારને પુરેપુર વજન કરીને માલ આપવામાં આવે છે. ગોડાઉન ઉપર અનાજનું વજન કરવામાં આવે છે અને ૧૦૦ કિલો એક ગુણમાં પાકુ વજન કરવામાં આવે છે ઘઉં અને ચોખાનું તેથી દુકાનદારને ઘટ પડવાનો કોઇજ પ્રશ્ન ઉભો થતો નથી, કારણકે ગોડાઉન ઉપર માલનું વજન કરીને આપવામાં આવે છે. આ વજન

....૮૫.

કરનાર તથા ગુણો ભરનાર એ પણ કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ કરે છે. ખાંડનું વજન કરવામાં આવતુ નથી, કારણકે તે ડાયરેકટ સુગર ફેકટરીમાંથી વજન થઈને આવતી હોવાથી તેનુ વજન કરવામાં આવતું નથી અને ગોડાઉન પરથી દુકાનદારને ખાંડ આપવામાં આવે છે. ગોડાઉનમાં ટક દીઠ ૪૦ કિલો ઘટ આપવામાં આવે છે. જ્યારે દુકાનદારને ૧૦૦ કિલો એ ૧ કિલો ઘટ આપવામાં આવે છે.

તાલુકાના ગોડાઉન ઉપર માલ કેટલો છે અને કેટલુ વેચાણ થયુ તેની નોંધ દરરોજ સાંજે ફોન ધ્વારા ડી.એસ.ઓ. ને જાણ કરવામાં આવે છે. માલ ખલાસ થઈ જાય ત્યારે તે જિલ્લા પુરવઠા અધિકારીને જાણ કરે. માલની ફાળવણી હવે કોમ્પ્યુટર ધ્વારા થાય છે. સરેરાશ ૪ માસની ફાળવણી ધ્વારા જથ્થાની ફાળવણી જિલ્લા પુરવઠાની કચેરીમાંથી થાય છે. જો કોઈક મહિને માલની ફાળવણી ઓછી હોય તો બીજા મહિને ફાળવણી વધુ કરવામાં આવે છે. આ ઉપરાંત દિવાળી, જન્માષ્ટમી વિગેરે તહેવારો ઉપર માલની ફાળવણી થોડી વધુ કરવામાં આવે છે.

સોનગઢ તાલુકામાં સુરત જિલ્લામાં માલ એફ.સી.આઈ.ના બરોડા, નડિયાદ અને ગોધરાથી માલ આવે છે. ગાંધીનગર એફ.સી.આઈ.માં પૈસા જમા થાય પછીજ માલ મોકલી આપે છે. સોનગઢ તાલુકામાં આખા મહિના ધ્વારા ઘઉ અને ચોખા ૩૦૦ ટન આપે. દુકાનદાર ગોડાઉન ઉપરથી પૈસા ભરીને પરમીટ ઉપર માલ લઈ જાય છે. આ તાલુકામાં મામલતદાર પરમીટ આપે તે તારીખથી ૧૫ દિવસ સુધી મુદતની અંદર દુકાનદારે માલ ઉપાડી લેવાનો હોય છે. તેથી દુકાનદાર પોતાની સગવડ મુજબ પૈસા ભરીને માલ ઉપાડે છે. આ દુકાનદારને સ્થાનિક રિબેટ ૨૪ રૂ. તથા ૧ થી ૧૦ કિ.મી. ૨૭.૨૦ પૈસા, ૧૧ થી ૨૫ કિ.મી.ના અંતર સુધી ૨૮.૮૦ પૈસા કિંમત સુધી રિબેટ આપવામાં આવે છે.

માલની ગુણવત્તા જો સારી ન હોય તો ડી.એસ.ઓ.ની સુચના મુજબ માલ સાફ કરીને આપવામાં આવે છે. તેમ છતાં જો તદ્દન ગુણવત્તા ખરાબ હોય તો હરાજીથી માલ નિકાલ કરે છે અને પુશુડોકટરનું સર્ટિફીકેટ લઈને માલનો નિકાલ કરે છે અથવા ખાડો ખોદી ને જમીનમાં દાટી દેવામાં આવે છે. માલ ખલાસ થઈ જાય ત્યારે ડી.એસ.ઓ.ને તાત્કાલિક જાણ કરીને માલ મંગાવી લે છે. માલ એક-બે દિવસમાં આવી જાય છે. અમુક તાલુકામાં





દુકાનદાર પહેલુ ચલણ ભરે પછી પરમીટ મામલતદાર આપે, જ્યારે સોનગઢ તાલુકામાં પહેલા મામતદાર પરમીટ આપે પછી દુકાનદાર ચલણ ભરે તેવી જોગવાઈ છે. તેમાં અમુક દિવસની મુદત આપવામાં આવે છે. એફ.સી.આઈ.માંથી માલનુ વજન જનરલ થઈને આવે છે. જ્યારે ગોડાઉન ઉપર તેનુ ૧૦૦ કિલોની ભરતી પ્રમાણે વજન કરીને કોન્ટ્રાકટ પધ્ધતિ ધ્વારા માલ આપવામાં આવે છે.

<u>ગોડાઉન</u> :

જસદણ તાલુકામાં એફ.સી.આઈ. નુ એક ગોડાઉન આવેલુ છે. આ ગોડાઉનની મુલાકાત લેતાં જાણવા મળ્યું કે માલ એફ.સી.આઈ.ના અન્ય કેન્દ્રો પરથી સમયસર આવતો નથી, પરિણામે દુકાનદારોને માલ સમયસર મળી શકતો નથી. માલ ખલાસ થઈ જાય પછી લગભગ ૧૦ દિવસ પછી ગોડાઉન ઉપર આવે છે અને આવ્યાબાદ તેનુ પુરેપુરુ વજન કરવામાં આવે છે. અને ૨૦૦ કિલોની ભરતીએ ફરીથી ગુણો ભરીને માલ મોકલવાનો હોય છે. રોજેરોજનો માલ ખૂલતો તથા બંધના આંકડા રાજકોટ મોકલે છે, છતાં પણ માલ સમયસર મળતો નથી. માલ જો એકદમ ખરાબ આવે તો તે અલગ કરીને પશુડાકટરનુ સર્ટિફિકેટ લઈને માલને દાટી દેવામાં આવે છે અથવા હરાજી અને વેચી દેવામાં આવે છે. ઘઉં અને ચોખાનું વજન અહિં થાય છે. ખાંડનુ વજન કરવામાં આવતુ નથી, ~~કારણકે [illegible]~~ ફેકટરીમાંથીજ વજન થઈને આવતી હોવાથી તેનું વજન કરવામાં આવતુ નથી. આ તાલુકાના બધાજ ગામોમાં ડોરસ્ટોપ ડીલીવરીથી માલને પહોંચતો કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ડી.એસ.ઓ. કચેરીમાં ચર્ચા કરતાં જણાવ્યું કે આમ તો અમને પુરવઠો મેળવવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. પરંતુ ખાંડને લગતો એક પ્રશ્ન છે તેની તમે રજૂઆત કરો તો સારું.

તેમણે જણાવ્યું કે સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૧-૧-૯૧ની વસ્તી ગણતરીના ધોરણે હાલના તબકકે દર માસે ૪૮૯ મે.ટન (મેટ્રીકટન) લેવી ખાંડની ફાળવણી થાય છે. ત્યારબાદ તા.૧-૧-૯૩ થી તા.૧-૧-૯૪ એટલે કે ૩ વર્ષ દરમ્યાન સરેરાશ ૨.૫ (અઢી) ટકા મુજબ

વસ્તી વધારો લક્ષમાં લેતાં પર૧ ટન ખાંડની જરૂરિયાત રહે છે. હાલમાં ૩ર મે. ટન ખાંડની ફાળવણી ઓછી થાય છે. જાન્યુઆરી ૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે જાન્યુ.'૯૪માં ખાંડ ફાળવવામાં આવે છે. જેથી વહેંચણી કરવામાં વહીવટી મુશ્કેલી ઊભી થાય છે. જેથી ઘણાં કુટુંબોને ખાંડ મળતી નથી. જો ૫૪૦ મે.ટનની ફાળવણી ૧ર મહિને ફાળવવામાં આવે તો દરેક તહેવારે ગ્રાહકોને વધારાની ખાંડ આપી શકાય.

અનાજમાં અત્યાર સુધી કોઇ મુશ્કેલી જણાતી નથી. પૂરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. એને ફાળવણી સંતોષકારક કરી શકાય છે.

<u>ગોડાઉન</u> :

ગોડાઉનની મુલાકાત લેતા ગોડાઉન મેનેજર હાજર હતા. તેમણે બોરીનુ પેકીંગ થતુ બતાવ્યુ તો પેકીંગ ૧૦૦ કિલો બરોબર કરવામાં આવે છે. બીજી કેટલીક અગાઉ પેક કરેલ બોરી ફરી કાંટે નંખાવતા તે પણ ૧૦૭ કિલોની થઇ હતી.

તેઓ સાથે ચર્ચા કરતા તેમણે જણાવ્યુ કે (૧) એફ.સી.આઇ ધ્વારા પુરવઠાની ચકાસણી કરવામાં આવે તો ગ્રાહકને સંતોષ થાય તે રીતનો માલ આપી શકાય. (ર) લાલ ઘઉં આપવામાં આવે છે તથી ગ્રાહકને અસંતોષ હોય છે. પણ એફ.સી.આઇ. તે ઘઉં ખાદ્ય જાહેર કરેલ છે અને માલ ઉપાડવો પડે છે. (૩) એફ.સી.આઇ. ગોડાઉન ઉપર જે અનાજ આપે તે અનાજ એફ.સી.આઇ. ડેપો પર સાફ કરી નિગમને જથ્થો એલોટ કરવામાં આવે તો પબ્લીકને ચોખ્ખુ અનાજ મળી રહે. (૪) એફ.સી.આઇ. ગોડાઉનમાંથી ૯ થી ૫ના સમયમાં ગાડી ભરવાની હોય છે પરંતુ એફ.સી.આઇ.ના ગોડાઉનનો દરવાજો ૧૧.૩૦ સુધી ખુલતોજ નથી. સામાન્ય દિવસોમાં પણ ર વાગ્યા પછી ગાડી ભરતા નથી. આથી મુશ્કેલી પડે છે.

<u>ગોડાઉન</u> :

આહવામાં નિગમના બે ગોડાઉન આવેલા છે. વઘઇ અને આહવા, વઘઇના નજીકના ૪૦ કિ. મી. સુધીના ગામડામાં વઘઇના ગોડાઉનમાંથી માલનું વિસ્તરણ થાય છે, જ્યારે

...૮૮.



આહવોથી સાપુતારા સુધીના નજીકના ગામડામાં વેચાણ થાય છે. આ માલ ખરીદવા મળે. દુકાનદાર મહિનાની રજી.પ્રમાણે તાલુકાઓમાં મીટીંગ હોય ત્યારે પરમીટ આપે છે. પહેલાં પૈસા ભર્યા પછી પરમીટ મળે છે. આ પૈસા ગાંધીનગરની બ્રાન્ચમાં જમા થાય છે. દુકાનદાર જે મહિનાની ૬ તારીખ સુધી માલ ઉપાડી લેવાનો હોય છે. માલ ગોડાઉન ઉપર પુરેપુરો મળી રહે છે. ઘટનુ પ્રમાણ સામાન્ય છે. માલ વલસાડ તથા સુરતના ગોડાઉન ઉપરથી આહવા આવે છે. માલ ખલાસ થઇ જાય તો ર થી ૩ દિવસની અંદર માલ આવી જાય છે. ૩ ફરતી મોબાઇલ વાનો આ જિલ્લામાં આવેલ છે. તે અઠવાડિયામાં ૧ દિવસ નકકી કરેલ ગામમાં જાય છે. લોકો આ મોબાઇલ ધ્વારા જીવન જરૂરી વસ્તુઓની ખરીદી કરતા હોય છે. ખાંડમાં ઘટ પડતી નથી પરંતુ ઘઉં અને ચોખામાં ગોડાઉન ઉપર વજન થઇને ગુણો પેક થાય છે. તેથી ઘટ પડવાનો સંભવ ઓછો છે. માલની ગુણવત્તા અમુક સમયે સારી હોતી નથી. માલ પૂરેપૂરોદુકાનદાર પૈસાના અભાવે ઉપાડતા નથી. કેરોસીનનું વેચાણ આ ગામડાંઓમાં ઓછુ હોય છે. ગોડાઉન હોવાથી લોકોને માલ મેળવવામાં સરળતા રહે છે. ડોરસ્ટોપ ડીલીવરીનો અમલ અહીંયાં નથી. દુકાનદાર જાતેજ માલ લઇ જાય છે.

<u>ગોડાઉનનો રીપોર્ટ</u> :

ધંધુકા તાલુકાના ગોડાઉન મેનેજર સાથે પૂરવઠા ખાતા તરફથી તમને પૂરતો પૂરવઠો મળે છે કે કેમ તેના ચર્ચા કરતા તેમણે જણાવ્યું કે મને જે પૂરવઠો મળે છે તે ટૂકડે ટૂકડે પૂરવઠો મળે છે. અને પૂરતો પૂરવઠો આપવામાં આવતો નથી. આથી વિતરણ કરવામાં મુશ્કેલી પડે છે. અમારે દુકાનદારને બે તબકકે માલ આપવો પડે છે. આથી દુકાનદારનો ટ્રાન્સપોર્ટ ખર્ચ વધી જાય છે. અને દુકાનદારનું કમિશન ઘટી જાય છે. બધો માલ એક સાથે આંપવામાં આવતો નથી. ખાંડ, ચોખા, તેલ, ઘઉં જેવો પૂરવઠો જો એક સાથેજ અમને આપવામાં આવતો હોય તો અમે વિતરણ વ્યવસ્થિત કરી શકીએ અને દુકાનદારને ધકકા ખાવા ન પડે તથા દુકાનદારનો ટ્રાન્સપોર્ટ ખર્ચ ઓછો આવે.

મોડામાં મોડો ૧૦ તારીખ સુધીમાં ગોડાઉન મેનેજરને ચાલુ મહિનાનો પુરવઠો મળી જવો જોઇએ તો ૧૫ તારીખ સુધીમાં બધાજ દુકાનદાર આવીને માલ લઇ જાય અને

...૮૯.

દુકાનદારને વિતરણ કરવા માટે ૧૫ દિવસનો સમય મળી રહે. આવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તો અત્યારે દુકાનદારને મનદુઃખ થાય છે. તે ન થાય અને દુકાનદાર ગ્રાહકોને સંતોષ આપી શકે.

ઘઉંનું પ્રમાણ ૪૦ કિલો કાર્ડદીઠ વધુમાં વધુ આપવાનું નક્કી કર્યુ છે. પણ એ મુજબનો પૂરવઠો અમારી પાસે આવતો નથી. આથી પૂરવઠો આવ્યો હોય તેમાંથી બધાને વહેચવો પડે છે. તેથી અત્યારે કાર્ડદીઠ ૧૦-૧૫ કિલોથી વધારે ઘઉં આપી શકાતા નથી. આથી ગ્રાહકોને પણ સંતોષ થતો નથી. સરકાર પૂરવઠો પૂરતા પ્રમાણમાં ફાળવે અથવા જે પ્રમાણ કાર્ડદીઠ વધુમાં વધુ ૪૦ કિલો નક્કી કરેલ છે. તે ઘટાડી નાખે તો ગ્રાહક અને દુકાનદાર વચ્ચે જે મનદુઃખ (સંઘર્ષ) થાય છે તે ન થાય.

<u>દાહોદ નિગમનાગોડાઉનની મુલાકાત :</u>

દાહોદમાં નીગમનું ગોડાઉન આવેલ છે તેમાં પૂરવઠો સીધો એફ.સી.આઈ. ગોડાઉન ગોધરાથી આવે છે.

કેન્દ્રમાંથી સીધો પૂરવઠો એફ.સી.આઈ. ના ગોડાઉન પર આવે છે. ત્યાંથી દાહોદ નિગમના ગોડાઉન પર પાછલો ઉપાડ અને ગોડાઉનમાં જથ્થો વગેરેને ખ્યાલમાં રાખી માલની ફાળવણી કરવામાં આવે છે.

- ટ્રાન્સપોર્ટ મારફતે અનાજ મોકલવામાં આવે છે.
- ખાંડ બે હપ્તે મોકલવામાં આવે છે.

મહિનાની ૨૦ થી ૨૫ તારીખની અંદર માલ તાલુકા સંસ્થા ગોડાઉન પર મોકલવામાં આવે છે. તાલુકા સંસ્થાથી મામલતદાર દુકાનદારોને કાર્ડની સંખ્યા પ્રમાણે અનાજ ખાંડનું વિતરણ કરે છે. મહિનામાં બે હપ્તે માલ આપવામાં આવે છે. દુકાનદારોને પોતાની જરૂરીયાત જેટલો પૂરતો પૂરવઠો આપવામાં આવે છે. ગોડાઉનમાં પૂરવઠાને પણ ધ્યાનમાં રાખી ફાળવણી કરવામાં આવે છે. ગોડાઉનમાં રોજેરોજનો સ્ટોક કરેલો છે તે મામલતદારને પહોંચાડવામાં આવે છે.





દુકાનદાર તોલમાપ કરીને ગોડાઉન પરથી માલ લેવાનો આગ્રહ રાખે તેને તોલમાપ કરીને માલ આપવામાં આવે છે. અને જે દુકાનદાર તોલમાપ કર્યાવગર પુરવઠો માગે તો તેને મજુરી ખર્ચ વધી જાય છે. માટે મોટાભાગના દુકાનદાર તોલમાપ કર્યા વગર પૂરવઠો લઈ જાય છે.

<u>બનાસકાંઠા જિલ્લો :</u>

જીલ્લા પુરવઠા અધિકારી શ્રીની મુલાકાત લેતાં તેમણે જણાવેલ કે એફ.સી.આઈ.ના ગોડાઉનનોમાં માલ આવે અને તે માલ તાલુકાના ગોડાઉનોમાં જાય છે. અને ત્યાંથી દુકાનદારને પરમીટ મળે તેમ તાલુકા ગોડાઉન પરથી દુકાનદારોને માલ આપવામાં આવે છે.

એફ.સી.આઈ. માં માલ કેન્દ્રમાંથી આવે છે. એફ.સી.આઈ.માં આખા જિલ્લાનો માલ એકજ જગ્યાએ પાલનપુર ખાતે રાખવામાં આવેલ છે. અને ત્યાંથી માલ જિલ્લાના તાલુકાના ગોડાઉનોમાં માલ કોન્ટ્રાકટરો ના વાહન ધ્વારા પહોંચાડવામાં આવે છે. તાલુકાના ગોડાઉનમાંથી મામલતદાર સાહેબ તાલુકાના દુકાનદારોને માલની વહેંચણી કરે છે.

વડગામ તાલુકામાં ગોડાઉન ઉપરથી દુકાનદારોને માલ પહોંચાડવામાં આવે છે. આ દુકાનદારો ઉપર મામલતદાર સાહેબનું સીધુ નિયંત્રણ હોય છે.

દુકાનદારોએ માલ લેતાં પહેલાં પરમીટ મેળવવું પડે છે. અને માલના જેટલા નાણાં થતાં હોય તેટલાં નાણાં બેન્કમાં ભરવામાં આવે છે. અને ત્યારબાદ તેમને પરમીટર મળે છે અને અગાઉથી નક્કી કરેલા ધારાધોરણ મુજબ એક દુકાનદારને માલ આપવામાં આવે છે. વડગામ તાલુકામાં પોતાની દુકાને (ગામમાં) માલ લઈ જવા માટે દરેક દુકાનદાર પોતાની રીતે વાહનનું સગવડ કરે છે. અહિંયા કોન્ટ્રાકટ સિસ્ટમથી માલ આપવામાં આવતો નથી.

વડગામ તાલુકાના નાયબ મામલતદારશ્રીના આ વિતરણ વ્યવસ્થાના સંબંધમાં કેટલાક સૂચનો છે જે નીચે પ્રમાણે છે.

- દુકાનદારોને કમિશન વધારવું જોઈએ.
- સમયસર દુકાનદારોને માલ મળતો નથી જેની વ્યવસ્થા કરવી જોઈએ.
- એફ.સી.આઈ.ના ગોડાઉનમાં જે કોન્ટ્રાકટરો માલનું વિતરણ કરે છે તે કોન્ટ્રાકટરો ને જે ફેરો સસ્તો પડતો હોય ત્યાં માલ વહેલા કે પહેલા પહોંચાડે છે. અને જે જગ્યાએ વધારે વળતર ના મળતો હોય ત્યાં માલ મોડો મોકલાવે છે.
- અનાજની ગુણવત્તા સુધારવી જોઈએ.
- અનાજમાં જે ઘટ આવે છે તેનું પ્રમાણ વધારે હોય છે તેનું નિયંત્રણ કરવું જોઈએ.
- વડગામ તાલુકાની દુકાનોમાં - ખાદ્યતેલનું વેચાણ નહિંવત છે, કારણકે પામોલિનનો ભાવ ૨૭ રુા. છે અને રાયડાનો ભાવ રુા. ૨૮ છે. તેથી ગ્રાહકો રાયડાનું તેલ ખરીદે છે તેથી પામોલિનનું વેચાણ નહિવત થાય છે. તેથી પામોલિનની કિંમતમાં ઘટાડો કરવો જોઈએ.
- સરકારશ્રી જે ફીસેલ (સબસીડી) ની યોજના દૂર કરે છે તેના લીધે જાહેર વિતરણ વ્યવસ્થાને ધકકો લાગશે. દા.ત. બજારમાં ફ્રી સેલમાં કેરોસીનના વેચાણ રુા. ૫ હોય અને તેમાં સબસીડી રુા. ૨ આપે તો રુા.૩ માં કેરોસીન પડે, પરંતુ તે સબસીડી આપે નહીં તો રેશનકાર્ડ ધરાવનારા લોકોને તે કેરોસીન રુા.૫ માંજ પડે તેથી જાહેર પ્રજાને નુકશાનકારક અને જાહેર વિતરણ વ્યવસ્થાને ધકકો લાગશે.
- એફ.સી.આઈ. માં જે કોન્ટ્રાકટરો હોય છે તેઓ સમયસર માલનું વિતરણ કરતા હોતા નથી તેથી કોન્ટ્રાકટરને ટેન્ડર ભરતી વખતે સમયસર માલનું વિતરણ કરવા માટેની શરતોનું પાલન કરાવવું જોઈએ.
- ઓછા ભાવે કોન્ટ્રાકટરો ટેન્ડર મેળવતા હોય છે તેથી તેમને પોસાતુ નથી અને માલ સમયસર પહોંચાડતા નથી.





**એફ.સી.આઈ. ગોડાઉન તેમજ તાલુકા ગોડાઉન :**

એફ.સી.આઈ. ગોડાઉન બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે આવેલુ છે. આ મથકો સમગ્ર જિલ્લાનામાંનો પુરવઠો સચવાતા એફ.સી.આઈ.માં કાળીગામથી અનાજ મંગાવવામાં આવે છે. જે કોન્ટ્રાકટરો ધ્વારા મંગાવવામાં આવે છે. એફ.સી.આઈ.ના જીલ્લાકક્ષાના ગોડાઉનમાં માલ આવે ત્યારે ડી.એસ.ઓ. ની સૂચના પ્રમાણે દરેક તાલુકાના મામલતદાર તરફથી મોકલા અનાજના જથ્થાના ઓર્ડર મુજબ માલ મોકલવામાં આવે છે. આ માલ તેના માલિકોને વાર્ષિક કોન્ટ્રાકટથી આપવામાં આવે છે. જે કોન્ટ્રાકટરો સમગ્ર તાલુકા મથકોના ગોડાઉનોમાં માલ પહોંચાડે છે.

આ કોન્ટ્રાકટરોને એફ.સી.આઈ.ના ગોડાઉન ઉપર ટ્રકો લઈને આવે છે. સૌ પ્રથમ આવી ટ્રકનુ વજન કરવામાં આવે છે. ત્યારબાદ ભરેલી ટ્રકનુ પણ વજન કરવામાં આવે છે. અને તે ટ્રક પછી જે તે તાલુકા મથકના ગોડાઉનો ઉપર પહોંચે છે.

તાલુકાકક્ષાના ગોડાઉન હોય છે તે જે તે તાલુકામાં મર્યાદિત હોય છે. ત્યાં તાલુકાના ગોડાઉન સમગ્રપણે મામલતદારના હાથ નીચે હોય છે. વડગામ તાલુકાનું ગોડાઉન વડગામમાં મામલતદાર ઓફીસની સામેજ છે. જ્યારે મામલતદારની સૂચના પ્રમાણે માલ ગોડાઉનમાં આવે તો તે માલ ગોડાઉનના મજૂરો ગોડાઉનમાં મૂકે છે. ત્યારબાદ તેને વિતરણ કરવામાં આવે છે.

વિતરણ વ્યવસ્થામાં રેશનીંગની દુકાનના સંચાલકો સૌ પ્રથમ અનાજ મેળવવા માટે બેન્કમાં નાણાં ભરે છે, ત્યારબાદ મામલતદાર તેમને પરમીટ આપે છે. અને તે પરમીટ લઈને ગોડાઉન ઉપર જાય ત્યારે તેમને માલ મળે છે અને માલ તેઓ ઊંટલારી કે ટ્રેકટરમાં પોતાની દુકાને લઈ જાય છે અને બીજા દિવસથી તેનું વેચાણ રેશનકાર્ડ ધરાવનારા હોલ્ડરોને કરવામાં આવે છે.

C3 of 953

## પ્રકરણ - ૧૦

## જાહેર વિતરણ વ્યવસ્થા

## પ્રશ્નો, તારણો અને સૂચનો

આપણે ત્યાં છેલ્લા કેટલાય વર્ષોથી જાહેર વિતરણ વ્યવસ્થાનું અસ્તિત્વ છે જેનો મૂળભૂત અને પાયાનો ઉદ્દેશ સમાજના ગરીબ અને નિમ્ન સ્તરના લોકોને ખાવાનું મળી રહે તે છે. સમયાંતરે આ યોજનામાં જરૂરી ફેરફારો થતા રહે છે. જેમાં ઓછી આવક જૂથો માટેની યોજના, પહાડી પ્રદેશો કે જયાં વ્યાજબી ભાવની દુકાનો નથી તેઓ માટેની યોજના, અગરિયાઓ માટેની યોજના આમ સમાજના પીડીતોને વધુને વધુ આવરી લેવાના પ્રયાસો થતા રહયા છે.

સરકારશ્રી ઇચ્છે છે કે યોજના હજુ વધુ પ્રમાણમાં લોકાભિમુખ બને, વધુ લોકો લાભ મેળવી શકે તેમજ વ્યવસ્થા સંદર્ભમાં જે કાંઈ મુશ્કેલીઓ હોય તેનું નિરાકરણ લાવી શકાય તે સંબંધમાં વ્યવહારિક ઉપયોગિતાને નજરમાં રાખી જાહેર વિતરણ વ્યવસ્થાના મૂલ્યાંકનનું કામ કરવાનું વિચાર્યું અને આ વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટે શું કરી શકાય તેને માટે અભ્યાસ કરાવવાનું નકકી કર્યું છે.

ગુજરાતનો સમગ્ર વિસ્તાર અભ્યાસમાં આવરી લેવો શકય નથી, કારણકે તેમાં નાણા અને સમય વધુ જાય. પરંતુ તેનું સપ્રમાણ પ્રતિનિધિત્વ આવી જાય, જળવાય રહે તેને ખ્યાલમાં રાખી રાજયમાં સઘન આદિવાસી વસતિ ધરાવતા આઠ જિલ્લામાંથી ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા અને પંચમહાલ તેમજ દક્ષિણ ગુજરાતમાં સુરત અને ડાંગ પસંદ કર્યા હતા. રાજયના દુષ્કાળગ્રસ્ત જિલ્લા જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, કચ્છ, અમદાવાદ અને પંચમહાલમાંથી રાજકોટ અને સુરેન્દ્રનગર સૌરાષ્ટ્ર, વિસ્તારમાંથી અને અમદાવાદ જિલ્લાની મધ્ય ગુજરાતમાંથી પસંદગી કરી હતી. રણ વિસ્તારમાં રાજયના બનાસકાંઠા, મહેસાણા અને કચ્છ જિલ્લા આવે છે તો તેમાંથી બનાસકાંઠા(ઉત્તર ગુજરાત) અને કચ્છની પસંદગી કરી છે. જયારે શહેરી વિસ્તારમાં અમદાવાદ શહેરને લીધુ છે કેમકે અહીંના વિસ્તારો અને વિવિધ જાતિ / જ્ઞાતિ અને વર્ગના લોકો મળી રહે તે મુખ્ય ઉદ્દેશ હતાં.

....૯૪.

આમ બધી રીતે જોતા રાજયના નવ જિલ્લા સાબરકાંઠા, પંચમહાલ, સુરત, ડાંગ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ, કચ્છ અને બનાસકાંઠા અને અમદાવાદ શહેરને અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા હતા.

પસંદ કરેલ નવ જિલ્લામાંથી દરેક જિલ્લામાંથી એક તાલુકાની પસંદગી કરતા નવ તાલુકા પસંદ થયા હતા. અને દરેક તાલુકામાંથી ત્રણ ગામો લેતા કુલ ૨૭ ગામો લીધા હતા. આ ઉપરાંત ફરતી દુકાન સંબંધમાં માહિતી માટે સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકા અને તેના ત્રણ ગામો લીધા હતા. આમ સમગ્ર અભ્યાસ માટે રાજયના કુલ ૩૦ ગામ અને અમદાવાદ શહેરી વિસ્તારના કુલ ચાર વિસ્તારને આવરી લીધા હતા.

બધા જિલ્લાના મળી કુલ ૪૮૧૭ લાભાર્થીઓની મુલાકાત લઈ વિગતો પ્રાપ્ત કરી હતી, જે લાભાર્થીઓનો સંપર્ક કરવામાં આવ્યો તેમાં ૩૭૭ સવર્ણજ્ઞાતિના, ૮૯૯ અનુસૂચિત જાતિના, ૧૫૨૩ અનુસૂચિત જનજાતિના, ૧૪૬૭ બક્ષીપંચજાતિના અને ૫૫૧ અન્ય જાતિના લાભાર્થીઓ હતા.

અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોના મુખ્ય વ્યવસાય અંગે જાણતા ૨૦૫૧ ખેતીમાં, ૧૪૨૪ મજૂરીમાં, ૬૦૧ નોકરીમાં ૪૪૯ વિવિધ પ્રકારના ધંધામાં અને ૨૯૨ કુટુંબો અન્ય પ્રકારના છૂટક કામમાં રોકાયેલ હતા. બધાજ કુટુંબોના મળી કુલ ૨૬૦૮૨ સભ્યો હતા. એટલે સરાસરી કુટુંબદીઠ સભ્ય સંખ્યા ૫.૪૨ હતી.

તપાસ દરમિયાન માત્ર ૬૨ કુટુંબોએ એવું જણાવ્યું હતું કે રેશનીંગ કાર્ડ તેમની પાસે નથી તે કાર્ડ દુકાનદાર પાસે કે અન્ય કોઈને આપેલ હતું.

સસ્તા અનાજની દુકાનેથી અનાજ લાવવા સંબંધમાં પૃચ્છા કરતા ૨૪૩૭ લાભાર્થીઓ નિયમિત અનાજ લાવતા હતા. ૬૫૬ લાભાર્થીઓ કોઈકવાર અનાજ લાવતા હતા, થોડો જથ્થો ઉપાડનાર લાભાર્થીઓ ૪૫ હતા અને બીલકુલ અનાજ ન જ લેતા હોય તેવા લાભાર્થીઓ ૬૭૯ હતા.





જેઓ નિયમિત અનાજ લે છે તેઓ શા માટે અનાજ લાવે છે એ અંગે પૂછતા (૧) સસ્તુ મળે છે. (૨) બીજી દુકાન ન હોવાથી અને (૩) ગામમાં સરળતાથી મળે છે તેમ જણાવ્યું હતું. અનાજ ન ખરીદતા લોકોનું કહેવું છે કે (૧) સમયસર મળતુ નથી. (૨) અનાજ સારું આવતુ નથી. (૩) પૈસાનો અભાવ (૪) જમીન વધારે હોવાથી જરૂર નથી પડતી (૫) નોકરી હોવાથી વગેરે જે લાભાર્થીઓ કોઈકવાર અનાજનો જથ્થો ઉપાડે છે તેઓ કહે છે કે,

(૧) અનાજ સારું હોય ત્યારે લઈએ.

(૨) ઘરમાં અનાજ હોય તેમાં ઘટે તોજ લાવીએ.

(૩) પૈસા હોય ત્યારે લાવીએ.

(૪) ખેતરમાં પાકતું હોવાથી.

(૫) ધક્કા થાય છે.

(૬) ભાવ વધુ લે છે.

(૭) ભિક્ષામાં મળતુ હોવાથી.

જ્યારે થોડો જથ્થો ઉપાડનારનું કહેવું છે કે (૧) ઘરનુ પાકતું હોવાથી (૨) ગુણવત્તા સારી ન હોવાથી અને (૩) પૈસા પાસે ન હોવાથી.

અનાજ લાવવામાં કેવી મુશ્કેલી પડે છે તે અંગે જાણતા ૩૫૩ લાભાર્થીઓ જણાવે છે કે,

(૧) અનાજ નિયમિત મળતું નથી.

(૨) ઓછુ અનાજ મળે છે.

(૩) ધક્કા ખાવા પડે છે.

(૪) અઠવાડિયામાં ખલાસ થઈ જાય છે.

પુરવઠા અંગે જાણતા ૨૫૩ લાભાર્થીઓ કહે છે કે પુરવઠો નિયમિત હોતો નથી. ૬૧ લાભાર્થી કહે છે દર્શાવેલ ભાવ કરતાં દુકાનદાર વધુ કિંમત લે છે.

લાભાર્થીને કયુ અનાજ કયા ભાવે મળે છે અને કિંમત અંગે પૂછતા માત્ર ૩૯૫ લાભાર્થીઓ અનાજ અને કિંમત સંબંધમી જાણકારી ધરાવતા હતા, જયારે ૪૪૨૨ લાભાર્થીઓએ તેમને કયુ અનાજ કયા ભાવે મળે છે તે અંગે જાણતા ન હતા.

અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૪૮૧૭ લાભાર્થીઓમાંથી ૧૦૪૯ લાભાર્થીઓને પોતાને દુકાન મારફત જે અનાજ મળે છે તેનાથી પૂરું થઈ જાય છે. જયારે ૩૭૬૮ લાભાર્થીઓ પોતાને વિતરણ વ્યવસ્થા માટે જે અનાજનો જથ્થો/પ્રમાણ અપાય છે તેનાથી પૂરું થતુ નથી તેમ કહે છે. જેમને આ જથ્થાથી પૂરું થતું નથી તેઓ બહાર ખુલ્લા બજારમાંથી ખરીદ કરે છે.

અભ્યાસમાં જે જે મુદ્દાને આવરી લેવાના હતા તેમાં કેરોસીન વેચાણ અંગેની વ્યવસ્થા કેવી છે તેમાં માત્ર ૪૬૧ લાભાર્થીઓએ જણાવ્યું કે અમારે ત્યાં આ અંગેની કોઈ વ્યવસ્થા નથી. આ ૪૬૧ લાભાર્થીમાંથી મોટાભાગના લાભાર્થીઓ ૨૭૯ આદિવાસી વિસ્તારના હતા.

ઉપરોકત વિતરણ વ્યવસ્થા અંગેની સામાન્ય માહિતી પછી અભ્યાસ આધારિત પ્રશ્નો અને મુશ્કેલીઓ કેવી હતી તે સંબંધમાં નીચે મુજબની મુશ્કેલીઓ વર્ણવી હતી.

<u>જાહેર વિતરણ વ્યવસ્થા સંદર્ભમાં લાભાર્થીઓ/દુકાનદારોના પ્રશ્નો :</u>

(૧) સર્વ માટે અન્ન યોજનામાં આપવામાં આવતા અનાજનું પ્રમાણ ઓછું છે. વ્યકિતદીઠ કિ. ૨.૫૦૦ ગ્રામ ઘઉં અને ૫૦૦ ગ્રામ ચોખામાં એક વ્યકિતને આખો માસ ન ચાલી શકે તે સ્વાભાવિક બાબત છે. લોકોની જરૂરિયાત પૂરતુ તો અનાજ આપવું જ જોઈએ.

(૨) સર્વ માટે અન્ન યોજના અને આઈ.ટી.ડી.પી. યોજનામાં અનાજના ભાવમાં તફાવત રાખવામાં આવતો નથી. તો આવી નવી યોજના બહાર પાડવાથી લાભાર્થીને શું ફાયદો?

(૩) લોકોનો જે મુખ્ય ખોરાક હોય દા.ત. પંચમહાલમાં મકાઈ, દક્ષિણ ગુજરાતમાં ચોખા કે જુવાર, સૌરાષ્ટ્રમાં ઘઉં-બાજરી વગેરે તો તે પ્રકારના અનાજનું વિતરણ રેશનીંગ મારફતે થવું જોઈએ. આ તો ઠોકી બેસાડવાની વાત છે. જે અનાજનો ખોરાક તરીકે





ઉપયોગ ન કરતા હોય તે આપવાથી લાભાર્થીને લાભ નથી થતો. માત્ર આપણે યોજના ચાલે છે તેમ કહી શકીએ.

(૪) અનાજમાં કચરો/કસ્તર આવવું, ચોખામાં કાંકરા વગેરેની ફરિયાદો ખૂબજ છે. અનાજની ગુણવત્તા સારી નહિ અને ભાવ વધારે હોય તેવું લાગે છે. આમાં સુધારો ન થાય તો જાહેર વિતરણ વ્યવસ્થા ખલાસ થઈ જશે.

(૫) કાર્ડદીઠ ૪૦ કિલો ઘઉં અને ૪૦ કિલો ચોખા આપવાનું નકકી કર્યું હોવા છતાં આ પ્રમાણ કયાં જળવાય છે?

(૬) આદિવાસી વિસ્તારમાં કેરોસીનનો પ્રશ્ન ખૂબજ ભારે છે. પુરતું એટલે કે નિયમાનુસાર ૧૦ લિટર કેરોસીન અપાતુ નથી. કચ્છ અને સોનગઢ (સુરત) માં કેરોસીનના ભાવ વધુ લેવાતા હોય તેવી ફરિયાદ છે. વળી સોનગઢમાં તો દર રવિવારે તાલુકા મથક કેરોસીન લેવા આવવું પડે છે. આમાં લોકોનો કેટલો સમય બગડે તે સમજી શકાય તેમ છે.

(૭) ખાદ્યતેલ દર માસે આપવામાં આવતું નથી, જયારે તેલ અપાય છે ત્યારે બજારભાવ અને રેશનીંગના ભાવમાં ખાસ તફાવત હોતો નથી. અનાજ બાબતમાં પણ રેશનીંગ અને ખુલ્લા બજારમાં ભાવ તફાવત બહુ નથી જણાતો.

(૮) લાભાર્થીને કઈ યોજનામાં કેટલુ અનાજ કયા ભાવે મળે છે તેની જાણ હોતી નથી. દુકાનદાર જેટલું આપે તેટલુ લાભાર્થી લેતા હોય તેવું ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે.

(૯) સર્વ માટે અન્ન યોજનામાં અનાજની ગુણવત્તા સારી ન હોવાની ફરિયાદ વ્યાપક પ્રમાણમાં જોવા મળી છે.

(૧૦) અનાજની નિર્ધારીત કિંમત કરતાં વધારે કિંમત લેવાતી હોય તેવો ખ્યાલ કોઈક સ્થળેથી મળે છે. લોકોને બિલ કરતા વધુ નાણાં આપવા પડે છે. દા.ત. મસાનપાડા (તા. સોનગઢ, જિ. સુરત).

(૧૧) દુકાનોના સમય અંગે ખૂબજ ફરિયાદો છે. દુકાનો મનસ્વી રીતે ખુલે છે. જેમકે : અનાજ હોય ત્યાં સુધીજ ખોલવી, કોઈ સ્થળે બપોર સુધીજ ખોલવી, કયા દિવસે રજા તેની નિયમિતતા નહિ.

(૧૨) એફ.સી.આઈ. ગોડાઉનમાં જે કોન્ટ્રાકટરો માલનું વિતરણ કરે છે તે કોન્ટ્રાકટરો જે ફેરો સરળ અને સસ્તો પડતો હોય ત્યાં માલ વહેલા પહોંચાડે છે અને જ્યાં વધારે વળતર ન મળતું હોય ત્યાં માલ મોડો પહોંચાડે છે. આથી જ્યારે ટેન્ડર ભરે ત્યારે આ અંગે સૂચના આપવી જોઈએ. માલ મોડો પહોંચાડનારને દંડ કરવો જોઈએ.

(૧૩) ડોરસ્ટેપ ડીલીવરીમાં ગ્રાહક પ્રમાણે એડવાન્સ રકમ આપવી પડે છે, જે વધારે છે. આ યોજનાથી સમયસર માલ આવતો નથી વળી જેઓ માલ આવે તેવો સ્વીકારવો પડે છે. આમાં દુકાનદારે વ્યાજ આપવું પડે છે. આ યોજનાથી તકલીફો વધી હોય તેવું લાગે છે. આથી આ યોજનાની ફેરવિચારણા કરવી જોઈએ.

(૧૪) ગ્રામીણ, શહેરી, આદિવાસી વિસ્તાર કે બધેજ અનાજનો પુરવઠો દર માસની ૧૫મી તારીખ પછી આવે છે. આથી લાભાર્થીઓ ખરીદી શકતા નથી. દુકાનદાર પોતાની પાસે ઓછા પૈસા હોય ત્યારે ઓછુ અનાજ ઉપાડે છે. આની અસર પણ લાભાર્થીઓ ઉપર થવાની છે. કેટલેક સ્થળે (ધંધુકા) એક માસમાં બે-ત્રણ વખતે દુકાનદારને પુરવઠો અપાય છે. આમાં સમય અને નાણાનો બગાડ થાય છે.

(૧૫) ગોડાઉનમાં અનાજ માટેના બારદાન સારા નથી વપરાતા જેને કારણેં દુકાનદારને ઘટ વધુ આવે છે. આ ઘટ ગ્રાહક મારફતે વસુલ થાય છે. મતલબ લાભાર્થીઓનુ શોષણ થાય છે.

<u>અભ્યાસ આધારિત તારણો</u> :

(૧) અભ્યાસમાં નવ જિલ્લા અને અમદાવાદ શહેરી વિસ્તારના મળી ૪૮૧૭ લાભાર્થીઓ/કુટુંબોને આવરી લીધા હતા.

...૯૯.



(૨) આવરી લેનાર લાભાર્થીઓમાં ૩૭૭ સવર્ણ સભ્યો, ૮૯૯ અનુસૂચિતજાતિના, ૧૫૨૩ અનુસૂચિતજાતિના, ૧૪૬૭ બક્ષીપંચના અને ૫૫૧ અન્ય જાતિના હતા.

(૩) લાભાર્થીઓમાં ૨૦૫૧ ખેતીમાં, ૧૪૨૪ મજૂરીમાં, ૬૦૧ નોકરીમાં, ૪૪૯ ધંધામાં અને ૨૯૨ છૂટક કામમાં રોકાયેલા હતા.

(૪) આવરી લેનાર લાભાર્થી કુટુંબોની સરાસરી સભ્ય સંખ્યા ૫.૪૧ હતી.

(૫) કુલ લાભાર્થીમાંથી ૨૪૩૬ દુકાનમાંથી નિયમિત અનાજ લાવતા હતા, ૬૫૬ કોઈકવાર અનાજ લાવતા હતા, ૪૫ થોડો જથ્થો ઉપાડનાર હતા અને બિલકુલ અનાજ ન લેનાર ૬૭૯ કુટુંબો હતા,

(૬) આવરી લેનાર લાભાર્થીમાંથી ૯૨ ટકાને કયુ અનાજ કયા ભાવે મળે છે તેની કોઈ જાણકારી ન હતી.

(૭) જાહેર વિતરણ વ્યવસ્થા મારફત મળતા અનાજના પ્રમાણથી ૭૮ ટકાને પૂરું થતું નથી તેથી તેઓને બહારથી અનાજ ખરીદવું પડે છે.

ઉપરોક્ત તારણો ઉપરાંત ક્ષેત્રકાર્ય નિરીક્ષણ ધ્વારા જે કંઈ જાણવા મળ્યું તે અનુસાર.

(૮) જે વ્યક્તિ (સ્ત્રી) ના લગ્ન થઈ ગયા હોય તો પણ કાર્ડમાંથી નામ કમી ન કરવું મૃત્યુ પછી પણ નામ લાંબા સમય સુધી ચાલુ રહેતુ હોય તેવું જોવા મળે છે.

(૯) કાર્ડ ધારકે અનાજ દુકાનમાંથી ન લીધુ હોય તો પણ કાર્ડમાં તે અંગેની નોંધ થાય છે. મતલબ કે દુકાનદાર આ જથ્થો બહાર આપી દેતા હશે.

(૧૦) એક કાર્ડધારક માત્ર દશ વર્ષની વ્યક્તિ (છોકરી) ના નામે જોવા મળ્યું હતું.

(૧૧) કયાંક કયાંક કાર્ડમાં નામમાં ફેરફાર થાય. દા.ત. પુત્રીના સ્થાને પુત્રવધુ તો ત્યાં સંબંધીત અધિકારીની સહી પણ નથી જણાતી.

(૧૨) અભ્યાસ દરમિયાન દુકાનમાં ફરિયાદ પેટી ન રાખવી, ફરિયાદ પેટી હોય તો અંદરના ભાગમાં રાખવી પેટીની ચાવી દુકાનદાર પાસે હોય વગેરે કિસ્સા ઘણા જોવા મળ્યા હતા.

...૧૦૦.

(૧૩) દુકાનદારે રજીસ્ટરો રાખવા, તકેદારી સમિતિ રાખવી, દુકાનના સમયમાં અનિયમિતતા, નમૂના ન રાખે અને રાખે તો જૂના નમૂના વગેરે બાબતો જણાય.

(૧૪) કચ્છ જિલ્લામાં કેરોસીનનો ભાવ કિલોમીટર પ્રમાણે લેવાય છે. આમાં લાભાર્થીઓને ઘણું નુકશાન જાય છે.

(૧૫) અનાજ અને ખાંડમાં ઘટ આવે છે. આમાં અનાજમાં ઘટ વિશેષ રહે છે.

(૧૬) દુકાનદાર રેશનીંગ સિવાયની અન્ય વસ્તુઓ રાખે તો તેની મજૂરી ન લેવાના કિસ્સા કચ્છમાં વધુ જોવા મળે છે.

(૧૭) વેપારીઓ ખરાબ ગુણવત્તાવાળુ અનાજ નમૂનારૂપે મૂકે છે જેથી ગ્રાહક ખરીદતા નથી અને પછી કાળાબજારમાં વેચી દે છે.

(૧૮) દુકાનદાર પુરવઠો માસ આખરમાં લાવે છે અથવા તેને મળે છે આને લઈને લાભાર્થી ખરીદી શકતા નથી.

(૧૯) દુકાનદારો કહે છે અમને પુરવઠો પૂરતો મળે તો અમે વિતરણ બરોબર કરી શકીએ (ધંધુકા) વર્ષમાં બે-ત્રણ વખતજ ૧૫ કિલો અનાજ આપી શકાય છે. બાકીના સમયમાં ઓછું.

(૨૦) કાર્ડ દીઠ ૪૦ - ૪૦ કિલો ઘઉં- ચોખા આપવા તેવું છે, પરંતુ દુકાનદારને આટલો પુરવઠો મળતો નથી.

(૨૧) ફરિયાદ પેટીની ચાવી તાલુકાના પુરવઠા અધિકારીને આપે તો કહે(દુકાનદારને) કે ચાવી તમારી પાસે રાખો. આનો અર્થ સચવાતો નથી.

(૨૨) વ્યક્તિગત ધોરણે જે દુકાનો ચાલે છે તેના કરતા સહકારી મંડળી ધ્વારા જે દુકાનોનું સંચાલન થાય તે તેનાથી લાભાર્થીઓ વધુ સંતુષ્ટ છે.

(૨૩) દુકાનદારો નોટીસ બોર્ડમાં રોજે રોજનો નહિ પરંતુ માસિક સ્ટોક નોંધતા હોય તેવા કિસ્સા વધુ જોવા મળ્યા હતા.





(૨૪) જે દુકાનદારો રેશનીંગ સિવાયની અન્ય વસ્તુનું વેચાણ કરે છે તે માટે લાભાર્થીઓ વધુ સારો અભિપ્રાય આપે છે.

(૨૫) લાભાર્થી ખરેખર ગરીબ હોય તો પણ તેમને એફ.એફ.એ.નું કાર્ડ ન મળ્યું હોય તેવા કિસ્સા જાણમાં આવ્યા. બનાસકાંઠામાં આવું ઘણું બન્યું છે.

(૨૬) કેરોસીનમાં સામાન્ય રીતે બેરલે ૨૦ લિટર ઘટ આવે છે, જેના ઉપાયો દુકાનદાર બીજી રીતે લેતા હોય છે.

(૨૭) અનાજની ગુણવત્તા સારી ન હોવાથી ઘણીવાર અનાજ ન વેચાતા નારાજી કરવી પડે છે.

(૨૮) એક ઘરમાં વધુ સભ્યો હોય ત્યારે અને તેઓએ અલગ અલગ કાર્ડ કઢાવેલ હોય ત્યારે એક કાર્ડ એફ.એફ.એ.નું અને એક કાર્ડ જાહેર વિતરણનું હોય તેવું જણાવ્યું છે.

(૨૯) દક્ષિણ ગુજરાતમાં ઘઉં ખરીદી પશુઓને ખવરાવે છે. વધુ ખરીદી ચોખા અને ખાંડની થાય છે. એટલે કે જ્યાં જેનો ખોરાક તેવો ઉપાડ થાય છે.

(૩૦) અભ્યાસમાં આવરી લીધેલ બધી જ જગ્યાએથી વિતરણ વ્યવસ્થા અંગે સારો અભિપ્રાય મળ્યો હતો. લોકો આ યોજનાને ઉપયોગી અને આશિર્વાદ સમાન ગણે છે.

<u>અભ્યાસ આધારિત સૂચનો</u> :

અભ્યાસ સંદર્ભે લાભાર્થીઓ અધિકારીઓ, પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ અને અમોને જે કોઈ જણાયું તે આધારે અહીં સૂચનો મૂકવા પ્રયાસ કર્યો છે.

(અ) <u>લાભાર્થી સંબંધે સૂચનો</u> :

(૧) સર્વ માટે અન્ન યોજના અન્વયે જે અનાજનું પ્રમાણ/ જથ્થો અપાય છે તેમાં વધારો કરવો જોઈએ.

(૨) બજારભાવ અને જાહેર વિતરણ વચ્ચેના ભાવમાં તેમજ જુદી જુદી યોજના ખાસ કરીને ગરીબોલક્ષી યોજનાના ભાવોમાં પણ તફાવત રાખવો જોઈએ. આ તફાવત ૨૦ થી ૨૫ ટકા સુધી રાખવો જોઈએ.

(૩) અનાજની કિંમત અનાજની ગુણવત્તા, સીઝન પ્રમાણે નકકી કરવી જોઈએ.

(૪) અનાજનું પ્રમાણ અને ખાંડનું પ્રમાણ વધારવું જોઈએ. ખાસ તો અનાજનું પ્રમાણ જે આપવાં નકકી કર્યુ છે તે તો તાત્કાલીક અસરથી આપવું જોઈએ.

(૫) સર્વે માટે અન્ન યોજનાની કિંમતમાં ઘટાડો કરવો જોઈએ. શહેરી વિસ્તારમાં આઈ.ટી.ડી.પી. અથવા ડી.ડી.પી. જેવી યોજના ચાલુ કરવી જોઈએ જેથી મધ્યમવર્ગ સરળતાથી અનાજ ખરીદી શકે.

(૬) અનાજમાં સાથે બાજરી, જુવાર તેમજ કઠોળ રેશનીંગમાં આપવુ જોઈએ. સીંગતેલ નિયમિત પ્રતિમાસ આપવું જોઈએ.

(૭) ગુજરાતમાં ખોરાકમાં સ્થાનિક પરિસ્થિતિ જાણીને અનાજ આપવું જોઈએ. જે વિસ્તારનો જે ખોરાક હોય તે આપીએ તોજ યોજનાની સાર્થકતા ગણાશે.

(૮) નોકરીયાત વર્ગની માંગણી છે કે વિતરણ વ્યવસ્થા મારફતે અમોને પણ અનાજ મળે તો સારું ગણાય.

(૯) ઉનાળો અને ચોમાસુ (મે થી નવેમ્બર માસ) સમય દરમિયાન પુરવઠાનું પ્રમાણ વધારવું જોઈએ. ખાસ તો આદિવાસી વિસ્તારમાં આવી માંગણી વધુ ઊઠી હતી.

(૧૦) જાહેર સંદેશા વ્યવહારના માધ્યમો મારફતે જુદી જુદી વિતરણ વ્યવસ્થાની જુદી જુદી યોજનાઓ, તેમાં અપાતા અનાજનું પ્રમાણ, તેના ભાવ, અન્ય કયા કયા લાભો મળે છે તેની વિસ્તૃત જાણકારી આપવી જોઈએ. જેથી લોકો જાહેર વિતરણ પ્રત્યે જાણકાર અને સજાગ બને

(બ) <u>દુકાનદારો સંબંધમાં સૂચનો :</u>

(૧) દુકાનદારોને હાલમાં જે કમિશન મળે છે તેમાં વધારો કરવો જોઈએ. ખાસ તો મકાન ભાડા, સ્ટેશનરી વગેરેની ગણતરી થવી જોઈએ. ટ્રાન્સપોર્ટ માટે જે રકમ મળે છે તેમાં પણ વધારો થવો જોઈએ.